Date of Publication 10th Posted on Every Month

₹ 20

ફેબ્રુઆરી : ૨૦૨૪
વર્ષ : ૧૮
અંક : ૮


# પરબ

समानो मन्त्रः । (ઋગ્વેદ)
समानी प्रपा । (અથર્વવેદ)


સંપાદક : ભરત મહેતા

**ગુજરાત સાહિત્ય અકાદમીની સ્વાયત્તતાની પુનઃસ્થાપના એ જ સહુનું લક્ષ્ય**


## જેઓને પદ્મશ્રી પુરસ્કાર અર્પણ કરવાની જાહેરાત થઈ છે તે સાહિત્યકારોને સાદર અભિનંદન...



શ્રી હરીશ નાયક



શ્રી રઘુવીર ચૌધરી



શ્રી જગદીશ ત્રિવેદી

ગુજરાતી સાહિત્ય પરિષદ
મેઘાણી જ્ઞાનપીઠ । ક. લા. સ્વાધ્યાયમંદિર

# ગુજરાતી સાહિત્યકોશ

## ખંડ ૧

## મધ્યકાળ

આવૃત્તિ : બીજી, કુલ પૃષ્ઠ ૨૪ + ૫૮૪. કિંમત રૂ. ૮૦૦-૦૦




કોશના આ ખંડ-૧માં ઈ.સ. ૧૧૫૦થી ૧૮૫૦ સુધીના સમયગાળામાં થયેલા કવિઓ અને તેમની રચનાઓવિષયક તમામ વિશ્વાસપાત્ર માહિતી આપવામાં આવી છે. આ કોશમાં મધ્યકાલીન સાહિત્યમાં રચાયેલી, કાવ્યગુણે ઉત્તમ, મનુષ્યજીવનનાં રહસ્યોને ઉકેલવાની ચાવીઓ પૂરી પાડતી અને મુદ્રિત સ્વરૂપે મળતી કૃતિઓનાં સંખ્યાબંધ અધિકરણ ઉમાશંકર જોશી, હરિવલ્લભ ભાયાણી, જયંત કોઠારી, ચંદ્રકાન્ત શેઠ વગેરે જેવા તજ્જ્ઞોએ લખ્યાં છે. મધ્યકાળમાં જે સાહિત્ય રચાયું છે તે તમામને એકસાથે સંગ્રહી લેવાનો અહીં પ્રયત્ન છે. અહીં જૈન, સ્વામીનારાયણ, નાથસંપ્રદાય વગેરેના ૧૯૦૦ જેટલા કવિઓની ૩૦૦૦ ઉપરાંત સાહિત્યરચનાઓ વિશેનાં અધિકરણ મળશે. આ બધાં જ અધિકરણ નિષ્ણાત સંશોધકોએ તૈયાર કર્યાં છે.

આ ઉપરાંત અહીં કવિ કે કૃતિવિષયક મળતી તમામ સામગ્રીનો સંદર્ભ પ્રત્યેક અધિકરણને અંતે આપવામાં આવ્યો છે જે અભ્યાસીને સામગ્રીના મૂળ સુધી લઈ જશે.

## ગુજરાતી સાહિત્ય પરિષદ

અમદાવાદ

# ગુજરાતી સાહિત્યકોશ

## ખંડ ૩

## સાહિત્યિક પ્રકીર્ણ

આવૃત્તિ : બીજી, કુલ પૃષ્ઠ ૨૪ + ૮૧૨. કિંમત રૂ. ૧૧૦૦-૦૦

કોશના આ ખંડ-૩માં ગુજરાતી ભાષા અને સાહિત્યના ઉદ્‌ભવ અને વિકાસનો ઇતિહાસ, ગુજરાતી સાહિત્યપ્રકારો અને તેની ઉત્ક્રાંતિ, સાહિત્યશાસ્ત્રનાં વિભાવનાત્મક પાસાં, સાહિત્યિકવિદો, સાંસ્કૃતિક સંદર્ભો, આધારગ્રંથો, સાહિત્યિક પારિતોષિકો, સાહિત્યિક સામયિકો વગેરે ગુજરાતી ભાષાસાહિત્યના વિકાસવિસ્તારમાં ફાળો આપનારાં મહત્ત્વનાં પરિબળો વિશે અધિકરણ આપવામાં આવ્યાં છે.

આ ખંડની બીજી આવૃત્તિમાં કેટલાક નવા વિભાવો વિશે અધિકરણ ઉમેરીને કોશને સંવર્ધિત કરવામાં આવ્યો છે.

કોશ જોવામાં સહાયક એવો અધિકરણનો શબ્દાનુક્રમ પૃષ્ઠનિર્દેશ સાથે આરંભમાં જ જોડ્યો છે. વિદ્યાર્થીઓ, અધ્યાપકો અને વિષયના રસિક સંશોધકો તથા તજ્જ્ઞોને સંશોધન કરવા માટે આ સહાયક આધારગ્રંથ છે.




## ગુજરાતી સાહિત્ય પરિષદ

અમદાવાદ

**PARAB 2024 February**
RNI No. GUJGUJ/2006/17273
Regd. under Postal Registration No.
GAMC-306/2021-2023 valid upto 31-12-2023
Posted at Ahd. PSO on 10th of every month SSP Ah'd
**Date of Publication 10th Posted on Every Month**
ISSN : 0250-9747
**₹ 20**




માલિક : ગુજરાતી સાહિત્ય પરિષદ વતી મુદ્રક, પ્રકાશક : સમીર ભટ્ટ, ગોવર્ધનભવન, આશ્રમમાર્ગ,
ગુજરાતી સાહિત્ય પરિષદ માર્ગ, અમદાવાદ-૩૮૦૦૦૯ * મુદ્રણસ્થાન : ભગવતી ઑફસેટ, અમદાવાદ-૩૮૦૦૧૬

समानो मन्त्रः (ऋग्वेद) समानी प्रपा (अथर्ववेद)

# પરબ


સ્થાપનાવર્ષ : ૧૯૬૦

વર્ષ : 18 ફેબ્રુઆરી : ૨૦૨૪ અંક : 8



સંપાદક

**ભરત મહેતા**

પ્રકાશનમંત્રી

**ભિખેશ ભટ્ટ**

પરામર્શનસમિતિ

**હર્ષદ ત્રિવેદી**
પ્રમુખ

**સમીર ભટ્ટ**
મહામંત્રી

**યોગેશ જોષી**
ઉપપ્રમુખ

**દર્શક આચાર્ય**
ઉપપ્રમુખ



## ગુજરાતી સાહિત્ય પરિષદ

**મેઘાણી જ્ઞાનપીઠ ❖ ક. લા. સ્વાધ્યાયમંદિર**

ગુજરાતી સાહિત્ય પરિષદ (પ્રકાશનવિભાગ), ગોવર્ધનભવન,
ગુજરાતી સાહિત્ય પરિષદ માર્ગ, આશ્રમ માર્ગ, નદીકિનારે, અમદાવાદ-૩૮૦ ૦૦૯
ફોન : ૨૬૫૮૭૯૪૭

**ગુજરાતી સાહિત્ય પરિષદના સભ્યપદ અને 'પરબ'ના લવાજમ અંગેઃ**

- 'પરબ' દર મહિનાની દસમી તારીખે પ્રકાશિત થાય છે.
- 'પરબ'ના ગ્રાહક તથા પરિષદના સભ્ય વર્ષમાં ગમે ત્યારે થઈ શકાય છે.
- 'પરબ'નું વાર્ષિક લવાજમ ₹ ૧૫૦ છે.
- વિદ્યાર્થીઓ માટે 'પરબ'નું વાર્ષિક લવાજમ ₹ ૭૫ છે. સાથે પ્રમાણપત્ર બીડવું.
- ગુજરાતી સાહિત્ય પરિષદના વાર્ષિક તેમજ આજીવન સભ્યપદના શુલ્કમાં 'પરબ'ના લવાજમનો સમાવેશ થઈ જાય છે.
- પરિષદના વાર્ષિક વ્યક્તિગત સભ્યપદનું શુલ્ક ₹ ૨૦૦ તથા સંસ્થાગત સભ્યપદનું શુલ્ક ₹ ૩૦૦ છે. સભ્ય થવા ઇચ્છનારે પરિષદના નિયત ફૉર્મમાં અરજી કરવાની રહેશે.
- પરિષદના આજીવન સભ્યપદનું શુલ્ક ₹ ૩,૦૦૦ છે તથા સંસ્થા આજીવન સભ્ય ફી ₹ ૫,૦૦૦ છે. (વિદેશવાસીઓ માટે ૭૫ પાઉન્ડ અથવા ૧૩૦ ડૉલર.)
- 'પરબ' લવાજમ તથા પરિષદ સભ્યપદ શુલ્કની રકમ મનીઑર્ડર અથવા ડિમાન્ડ ડ્રાફ્ટથી 'ગુજરાતી સાહિત્ય પરિષદ'ના નામે જ મોકલવી.

**લેખકોનેઃ**

- 'પરબ'માં પ્રગટ થતાં લખાણોમાંના વિચાર-અભિપ્રાયની જવાબદારી જે તે લેખકની રહે છે.
- લેખકોએ પોતાનું લખાણ ફૂલસ્કેપ અથવા A4 સાઇઝના કાગળની એક બાજુએ, સુવાચ્ય અક્ષરે લખી મોકલવું. પોસ્ટકાર્ડ, ઇનલૅન્ડ કે ચબરખીઓમાં કૃતિ મોકલવી નહીં. પ્રત્યેક કૃતિ નીચે પૂરું સરનામું લખવું તથા એક નકલ પોતાની પાસે રાખીને જ કૃતિઓ મોકલવા વિનંતી.
- **સ્વીકૃત કૃતિની જાણ કરાશે. ટપાલ-ટિકિટો ચોંટાડેલું કવર મોકલ્યું હશે તો અસ્વીકૃત કૃતિ પરત કરવામાં આવશે, અન્યથા કૃતિ અસ્વીકૃત ગણવી. પોસ્ટકાર્ડ મોકલ્યું હશે તો અસ્વીકૃતિની જાણ કરાશે.**
- **પત્રવ્યવહારનું સરનામુંઃ** તંત્રી, 'પરબ', ગુજરાતી સાહિત્ય પરિષદ (પ્રકાશન વિભાગ), ગોવર્ધનભવન, આશ્રમમાર્ગ, 'ટાઇમ્સ' પાછળ, નદીકિનારે, પો.બૉ. ૪૦૬૦, અમદાવાદ ૩૮૦૦૦૯

Parishad Email: **gspamd123@gmail.com** E-mail: parabgsp@gmail.com
Web-site: www.gujaratisahityaparishad.org ફોન અને ફેક્સઃ ૨૬૫૮૭૯૪૭
www.gujaratisahityaparishad.com

નોંધઃ 'પરબ'માં પ્રગટ થતી સામગ્રીની જવાબદારી જે તે સામગ્રીના લેખકની રહેશે.

પરબ ISSN: 0250-9747 છૂટક કિં. ₹ ૨૦/-

# અનુક્રમ


**પ્રમુખીય**

◈ મથામણ-2, હર્ષદ ત્રિવેદી 6

**કવિતા**

◈ લક્કડખોદ, ધીરેન્દ્ર મહેતા 8 30મી જાન્યુઆરી, રાજેશ પંડ્યા 9 ધબકાર, નીતિન વડગામા 10 મેં ખોતરી, પુષ્કરરાય જોષી 10, બે ગઝલ, સતીન દેસાઈ 'પરવેશ', દીપ્તિ 'ગુરુ' 11 પૌત્રને..., વસંત જોષી 12

**વાર્તા**

◈ રાણકદેવીના ગાલ પરનું લાખું, રાહુલ શુક્લ 15

**લઘુકથા**

◈ નીલકંઠ, કાલિન્દી પરીખ 26

**વાર્તાસ્વાદ**

◈ 'રાણકદેવીના ગાલ પરનું લાખું' વિશે, શિરીષ પંચાલ 27

**વાર્તાનુવાદ**

◈ 'અજ્ઞાત', રેખા બૈજલ, અનુ. વિજય સેવક 30

**અભ્યાસ**

◈ રઘુવીર ચૌધરીની કવિતાઃ 'શ્રદ્ધાનું તેજ, યોગેશ જોષી 47 'પત્રગઝલગુચ્છ'ની ગઝલો :, ડૉ. રમેશ ચૌધરી 55

**શ્રધ્ધાંજલિ**

◈ 'ગનપટ હુરટીના ગોટારા', કહેતા-કહેતા 'નિમ્મેસભૈ' ચાલી નીકળ્યા... પરીક્ષિત જોશી 61 પ્રાધ્યાપક રમેશભાઈ બી. શાહને ચિરવિદય વંદના, સંજય સ્વાતિ ભાવે 64

**ગ્રંથાવલોકન**

◈ આજુખેલે, ચૈતાલી ઠક્કર 67

**પર્વ વિશેષ**

◈ ગુજરાતી સાહિત્યના પદ્મ પોંખણાં : રઘુવીર ચૌધરીને પદ્મનું શ્રીતિલક, પરીક્ષિત જોશી 70

**અને છેલ્લે**

◈ સાહિત્ય એટલે શું?, ભરત મહેતા 72

**અહેવાલ**

◈ ગુજરાતી સાહિત્ય પરિષદનું 51મું અધિવેશન – ભોપાલ, વિરેન પંડ્યા 75

◈ પરિષદવૃત્ત, સંકલન : ઇતુભાઈ કુરકુટીઆ 84

◈ સાહિત્યવૃત્ત, સંકલન : ઇતુભાઈ કુરકુટીઆ 85

◈ આ અંકના લેખકો 86


આવરણ-સંકલ્પના : પીયૂષ ઠક્કર

## પ્રમુખીય

# મથામણ-2

**હર્ષદ ત્રિવેદી**

**જે**મણે પ્રત્યેક ગુજરાતીમાં 'સદાકાળ ગુજરાત'નું દર્શન કરેલું એ કવિશ્રી અરદેશર ફરામજી ખબરદારે ચૌદમા અધિવેશનના પ્રમુખપદેથી કહેલું : 'શુદ્ધ સાહિત્ય તો નાતજાતના કોઈ પણ ભેદથી અલિપ્ત છે અને અલિપ્ત જ હોવું જ જોઈએ. ધર્મવાદ, રાજકારણ વગેરેમાં ભેદ હોઈ શકે, પણ સાહિત્યમાં એટલે એક જ ભાષાના સાહિત્યમાં તો શું પણ દુનિયાની તમામ ભાષાઓનાં સાહિત્યોમાં તો નાતજાતનો કે કોઈ પણ જાતનો ભેદ પૂર્વકાળમાં ગણવામાં આવ્યો નથી કે હાલમાં પણ તે ગણાતો નથી, કારણ કે સાહિત્ય એ માનવમાત્રની સંસ્કૃતિનું, તેની પ્રવૃત્તિનું ને પ્રગતિનું, તેની આશાઓનું અને તેના ધ્યેયોનું દર્શન છે.' (પરિષદ-પ્રમુખોનાં ભાષણો, પૃ.૩).

યાદ રાખીએ કે આ વિધાન ૧૯૪૧માં, એટલે કે આઝાદી પૂર્વે થયેલું છે. સમયને વિકાસનો એક માપદંડ માનીને એના અજવાળામાં આજના સાહિત્યસંદર્ભને જોઈએ તો ખબરદારના એકેએક શબ્દની અર્થસ્થાપના નવેસર કરવાની થાય. સામ્પ્રતના શબ્દનો મહિમા કરીએ એટલો ઓછો, પણ એ ફક્ત સામ્પ્રતને જ યથાતથ ઉજાગર કરતો હોય ને શુદ્ધ સાહિત્યના ઊર્ધ્વલલિતગુણથી ઘણી રીતે વેગળો થતો જતો હોય તો એ શબ્દને સામ્પ્રતના લાંબાગાળાના પ્રતિનિધિની ઓળખ આપવાનું જરા અઘરું બને. વળી કવિશ્રી તો એમ પણ ઉમેરે છે કે એણે નાતજાતના ભેદથી પણ અલિપ્ત હોવું જોઈએ. સાંસ્કૃતિક સંદર્ભમાં – નાતજાત, રીતિરિવાજો, પરંપરાઓ, માન્યતાઓ, ઉત્સવો, લાગણીઓ વગેરે જીવનનો એક વાસ્તવઅંશ હોવાથી અને સાહિત્યકાર પણ એમાં મનુષ્યલેખે સહભાગી હોવાથી જરૂર સંમિલિત હોય, કારણ કે એ એનો પ્રથમનો અનુભવ છે. ધર્મવાદ અને રાજકારણ વગેરે જાહેરક્ષેત્રો માટે એવા ભેદનો મુલાયમ સ્વીકાર થયો જ છે, પરંતુ સાહિત્યે તો એ ડહોળા જળમાંથી માથું ઊંચકીને સૂર્ય તરફ મીટ માંડવાની છે. એમણે એક જ ભાષાના સાહિત્યની વાત નથી કરી, દુનિયાની ભાષાઓને પણ ખબરદારીપૂર્વક આવરી લીધી છે. અલિપ્ત શબ્દનો અર્થવ્યાપ આપણને સર્જનાત્મક શબ્દ પાડતાં પહેલાં ક્ષણ વાર રોકાવાનું કહે છે.

વ્યાપક અર્થમાં – રાજકારણ, સમાજકારણ અને ધર્મકારણનો છોછ રાખ્યા

વિના, સક્રિયતા દાખવ્યા છતાં સાહિત્યનાં ઉત્તમોત્તમ ધોરણોની ભેળસેળ ન થવા દેનારા, વળી સાહિત્યને દશાંગુલ ઊર્ધ્વ સિદ્ધ કરનારા સાહિત્યકારોનાં ઉદાહરણો શોધવા દૂર જવું પડે એમ નથી, દેશ અને દુનિયામાં બહુ મોટા ગજાના સાહિત્યકારોએ રાજકારણ કે જાહેરજીવનમાં કોઈ ને કોઈ તબક્કે સક્રિય ભૂમિકા ભજવી છે. એ જ રીતે, જાહેરજીવનના અનેક મહાનુભાવોએ સાહિત્યક્ષેત્રે પણ ઉત્તમ અને ઉમદા પ્રદાન કર્યું છે. દુનિયાભરમાં જ્યાં જ્યાં ગુલામી હતી ત્યાં બંડ પોકારનારો તો સાહિત્યનો શબ્દ જ હતો ને ? દુનિયાના અનેક રાજસત્તાના પલટામાં જન-આંદોલનો જેટલો જ સાહિત્યનો હિસ્સો પણ છે. તરત જે નામો સૂઝે છે એમાં ગાંધીજી, ચર્ચિલ, ઓક્તોવિયો પાઝ, વક્લાવ હાવેલ, બેન્જામિન ડિઝરાયેલી, જવાહરલાલ નહેરુ, કનૈયાલાલ મુનશી, ઉમાશંકર જોશી, અરુણ શૌરી અને મનુભાઈ પંચોળી ‘દર્શક’ વગેરેએ ક્યાંક ને ક્યાંક સક્રિય રાજકારણમાં મહત્ત્વની ભૂમિકા ભજવી છે અને પોતાના શબ્દ દ્વારા પણ સમાજને બહેતર કરી બતાવ્યો છે. તો સામે પક્ષે પ્રજાના હૃદયમાં અંકિત થયેલા ‘સાહિત્ય’ શબ્દને રાજ્યાશ્રય કે લોકાશ્રય તો જે તે સમયની રાજસત્તાઓએ જ આપેલો ને ? આજે પણ કોઈ સાહિત્યકાર કે કળાકારને રાષ્ટ્રીય સન્માન પ્રાપ્ત થાય છે ત્યારે આપણા હૃદયમનમાં ઉમંગ ચડે છે, રોમાંચિત થવાય છે એ જ બતાવે છે કે સમાજ અને સાહિત્ય તદ્દન સ્વતંત્ર નથી, પૂરક છે. એટલે પારસ્પરિક સંબંધ તો અનિવાર્ય છે. પરંતુ તાત્ત્વિક અર્થમાં બંનેએ પોતપોતાની અલિપ્તતા બરકરાર રાખવાનો આદર્શ પણ ભૂલવા જેવો નથી.

નવસો ને ચોવીસ વર્ષે સોમનાથની જાહોજલાલી આપણને પાછી મળી એમાંય રાજકારણીઓ અને શબ્દના બંદાઓનો સંકલ્પ હતો એ પણ સ્મરણમાં રહે. આપણા સ્વાતંત્ર્ય-સેનાનીઓમાં પણ કેટલા બધા કવિઓ હતા ! સાહિત્યકાર કનૈયાલાલ મુનશીની સાક્ષીએ ઉપ-પ્રધાનમંત્રી સરદાર પટેલે વિશ્વકર્માની ભૂમિકા ભજવેલી જ ને ? સરદારની હાજરી વિના આજના સોમનાથ મંદિરની કલ્પના કરવાનું શક્ય નથી. એટલે કે સાંસ્કૃતિક ધરોહરને બચાવવા-સંવર્ધવાની કામગીરીને પણ એક ઉત્તરદાયિત્વ રૂપે જોઈ શકાય. એવા સંદર્ભે જ, આપણી સંસ્કૃતિનું, પ્રવૃત્તિનું ને પ્રગતિનું ધ્યેયદર્શન થઈ શકે.

સાહિત્યકાર પોતાના સર્જન દ્વારા સમાજની માનસિકતા અને વર્તન-વ્યવસ્થા ઉપર બહુ મોટો, પણ સૂક્ષ્મ પ્રભાવ પાથરતો હોય છે. એ રીતે ‘અલિપ્ત’ શબ્દ એના તમામ અર્થમાં વિશેષ ઉપયોગી બની રહે છે. તાદાત્મ્યપૂર્ણ તાટસ્થ્યની ઊંડી અપેક્ષા એમાં પડેલી છે. આવો, આપણે સહુ સાથે મળીને મથામણ કરીએ.

❑

## લક્કડખોદ / ધીરેન્દ્ર મહેતા

લક્કડખોદની વસતી વચ્ચે
લક્કડબજારમાં
માંડ્યો અમે
લાકડાંનો વેપાર
પૂછગાછકંઈ કરી નહિ
ને સાવ અજાણ્યા અમે
(તોય) વેપાર ચાલે ધમધોકાર
દેશદેશાવરથી માલ ઊતરે
દેશદેશાવર ચઢે
મલબારી, દેશી, સાગસીસમનાં, આડાં ને વળી ઊભાં,
જાતજાતનાં
રંગ્યાં ને વણરંગ્યા :
બોલો શું જોઈએ
ઓડર કરો બસ ઓડર
સેંકડોહજારોની વાત હિ (કરજો માફ)
અમારો લાખ-કરોડમાં વટવહેવાર
એવી અમારી સાખ
ધમધમે વકાર દિવસ ને રાત
તોતિંગ લાકડાં
પટકાય ઊંચકાયમપાય ને વહેરાય
અમને એની ના કશી ખલેલ
ખટ્ ખટ ટકટક
અવાજો એકધારા
મીઠા લાગે નિદ્રા પ્રેરે
વખારના દરવાજા ઊઘડે ને બંધ થાય
એમ અમારી આંખો ઊઘડે ને મીંચાય
સુખનાં સ્મિત રેલાય...
(પણ) લક્કડખોદ ચોંકી ઊઠ્યા,
આવું તે ક્યમ ચાલે?
એમેન હોતે છતે આ બધા આમ મહાલે?
એકમેકની કરો તપાસ
ટકટકારો કરી...

ઝુંબેશ ચાલી એમ પછી તો
લક્કડખોદને ફાવી ગયું આ કામ
ત્યાં અચાનક ભાળ મળી
લાકડેલાકડું પોલું પોકળ
મચ્યો ભારે હાહાકાર
ઊઠી ગઈ લક્કડબજાર

## 30મી જાન્યુઆરી | રાજેશ પંડ્યા

સાંજનો સમય હતો
પંખીઓ માળામાં પાછા જતાં હતાં
એમાંથી એક ચકલી ઊડતી આવી
અને ઝાડની ડાળે બેસતી હોય
એટલા વિશ્વાસથી ખભે બેસી
બીજું કોઈ ન સાંભળે એમ ધીમેસથી બોલી :
બાપુ, આજે પ્રાર્થનામાં ન જાવ
મારો જીવ ગભરાય છે
બંધૂકનો ધડાકો થાય અને ગભરાય એમ
એથી તો ફફડતા જીવે હું અહીં આવી છું
તમારા ખભે બેસવા
માળે જવાને બદલે
મને અહીં સધિયારો મળી રહેશે એમ માની.

મહાત્મા બોલ્યા : હું જાણું છું.
મનેય સંભળાય છે ઊંડેથી ધડ ધડ ધડ
મારા હૃદયના ધબકારા જેમ ધક ધક ધક
એટલે જ છેલ્લી પ્રાર્થના કરવા જાઉં છું
હું આજે રોકાઈ શકીશ નહીં
એ મારી રાહ જોતા હશે
તારાં બચ્ચાં રાહ જોતા હોય છે એમ
તું પાછી જા.
હું એકલો જ ઠીક છું.

થોડીવાર પછી
આખું આથમણું આકાશ લાલ થઈ ગયું.
એને વીંધતીક ચકલી માળા ભણી ઊડે છે
ઝાડ પાસે પહોંચીને જુએ છે
તો ચારેકોર તણખલાં પડ્યાં છે વેરવિખેર.

## ધબકાર કાં થંભી ગયા? / નીતિન વડગામા

સાવ એકાએક એ ધબકાર કાં થંભી ગયા?
નાચતાં-ગાતાં બધા આકાર કાં થંભી ગયા?

આજ કાં તોખારનાં એ તેજ દેખાતાં નથી?
આભમાં જઈ ઊડતા અસવાર કાં થંભી ગયા?

ભરબપોરે સામટા સૂરજ અચાનક આથમ્યા!
ગુંજતા હોંકાર ને પડકાર કાં થંભી ગયા?

કાલ ટેકણલાકડીનું રૂપ ધરવાના હતા,
એ અડીખમ ઊગતા આધાર કાં થંભી ગયા?

આંગણું આખુંય એનાથી જ થાતું જીવતું,
ઝાંઝરીના જીવતા ઝણકાર કાં થંભી ગયા?

માર્ગ પર પગરવ નથી ને ઝાડ પર કલરવ નથી,
ગામને પાદર થતાં સંચાર કાં થંભી ગયા?

કાન માંડીને સભા આખી અહીં બેઠી હતી,
સૂર-નીતરતા વીણાના તાર કાં થંભી ગયા?

(૧૮ જાન્યુઆરી, ૨૦૨૪ના રોજ હરણી તળાવ, વડોદરાની દુર્ઘટનાનો ભોગ બનેલા સદ્‌ગત આત્માઓને)

## મેં ખોતરી | પુષ્કરરાય જોષી

વેદનાને રાતદિન મેં ખોતરી,
આફતો હાથે કરીને નોતરી.

આંસુ સીંચ્યાં બાગમાં મેં ઉમ્રભર,
શી લહલહે લાગણી લીલોતરી.

શિલ્પ દેખી લોક કેવા રીઝતા!
મેં ઘડ્યા છે કાળજાને કોતરી.

મંઝિલ મને લાગતી છે ઢૂકડી,
મેં લખી છે કાળને કંકોતરી.

લેખિની જાણે વહે ધારા સમી,
ફૂટતી હૈયે થકી ગંગોતરી.

# બે ગઝલ | સતીન દેસાઈ ‘પરવેઝ’, દીપ્તિ ‘ગુરુ’

**1**

હું છું અને નથી હું, એની વચ્ચે હોય શું?
જીવન-મરણથી અદકું એની વચ્ચે હોય શું?

માન્યું થતી રહે છે આ સ્વપ્નોની આવ-જા,
પણ ઊંઘ-રાત-પડખું, એની વચ્ચે હોય શું?

ધૂણે ગઝલના ભૂવા એ મંત્રોને આજ પણ,
કે આગ-રાખ-મડદું, એની વચ્ચે હોય શું?

ખાલી થયેલ જીવ ત્યાં ફંફોસતો હજી,
કે શૂન્યથીય ઝાઝું, એની વચ્ચે હોય શું?

બ્રહ્માંડ ઝળહળે જ્યાં સકળ પૂર્ણતા વરી,
ને તે છતાં અધૂરું, એની વચ્ચે હોય શું?

છો થાય મેઘધનુષી કથા-ગ્રંથ આંખમાં,
ગઝલોનું પાન કોરું, એની વચ્ચે હોય શું?

છો પાર પામી મારે છલાંગોય સૂર્ય પણ,
તોયે અનંત આઘું, એની વચ્ચે હોય શું?

સૌએ વચેવચોને સમેટી લીધાં છતાં,
‘પરવેશ’ પૂછે પાછું, એની વચ્ચે હોય શું?

**2**

સમાધિ જેમ એ અસલી હી માત્ર રખ સાધો,
જતાવે કેમ છે વ્યક્તિત્વની પરખ સાધો?

ઉજાસી બ્રહ્મનાં ફાંફાં ન માર સ્હેજે તું,
અમારી જેમ સઘન અંધકાર ચખ સાધો.

તું નોંચવાને એ હિંસક રહસ્યનામી પશુ,
ગગનથી તીવ્ર ને લાંબા વધાર નખ સાધો.

કદી જડ્યો નથી ક્યારેય કોઈ જન્મોમાં,
તું મારી છાતી ઉપર એ જ મંત્ર લખ સાધો.

બધું ‘સતીન’ ફગાવે છે એ નિરાકારી,
ન તારી ભીતરે તારીય જાત રખ સાધો.

# પૌત્રને… | વસંત જોષી

1

તારું પ્રથમ રુદન તો મેં સાંભળ્યું નથી
પણ ઉંવાં ઉંવાં જેવું કંઈક રડ્યો હોઈશ
અને પછી જંપી ગયો હોઈશ માની હૂંફાળી ગોદમાં.
દૂધભરી ઊંઘમાંથી ઊઠીને
તું નાનકડા હાથ ફેલાવે છે
ત્યારે ઊઘડી આવે છે મારા બાળપણનું વિસ્મયભર્યું આકાશ
તારી આંખ જુએ છે તે જ મને દેખાય છે!!!
મેં કદાચ ન જોયું હોય તેવું
ઊઘડી આવે છે નવી જ દુનિયા
જે મેં ક્યારેક જોઈ હશે, પણ એનું સ્મરણ નથી
તું હસે છે
ને હું કલ્પના કરું છું મારા એ હાસ્ય વિશે
તું દોડે છે ને મને થાય છે કે હું પણ આમ જ દોડતો હોઈશ?
તારી દૈનિક ક્રિયાઓ મને લઈ જાય છે અતીતમાં
જ્યારે મને સ્મૃતિય નહોતી ત્યારે તારા જેવો જ હોઈશ, નિર્દોષ.

તારાં રમકડાંથી કોઈ નવી રમતની શોધના પ્રયત્નો કરું
તને તો સહજ મળી જાય છે તે ધારેલી રમત, દરેક વખતે, નવી જ
ને તારા ચહેરા પર ચમકી ઊઠે છે નવી નવી ઉપલબ્ધિનો આનંદ
કાલીઘેલી ભાષામાં હું શોધું છું એ ભાષાનું કુળ
તારી સાથે સંધાન રચી આપતી એ ભાષાનું મૂળ.
પણ તું તો ઘડે છે તારી પોતીકી ભાષા કોઈક નવી જ
અને હુંય ભીંજાઉં છું એમાં.
કેટકેટલી રમતો મારી સ્મૃતિ બહારની હશે તે ચીંધી આપે છે
મને દોરી જાય છે તારા પોતાના આલોકમાં
મને ગમે છે એ મારી વિસ્મૃતિને માણવાનું
અને આપણે બંને બની જઈએ છીએ હમઉમ્ર.

તારી યાત્રા તો આરંભાઈ છે
મારી ધીમે ધીમે ઢળતી સાંજ જેવી
પણ તારી સાથે એટલી જ આનંદદાયક
સમજણની બહાર નિર્દોષતાભરી એ દુનિયા.
બસ, હું આ ઢળતી સાંજે
તારી સાથે હોઉં છું
ત્તારામય તારી જેમ જ

ભાષા અને અર્થોની પેલે પાર
અને ઉચ્ચારું છું
ઓબોટ* આઈ લવ યુ!!!
રિહાન આઈ લવ યુ!!!

(* સફાઈ કરતો રોબોટ રિહાનનું પ્રિય રમકડું જેને ઓબોટ કહે છે.)

2

દા..દા...આ...
પ્રભાવશાળી અને આદેશાત્મક
છતાંય ભાવથી ભર્યો ભર્યો
તારા બોલાવવાનો લહેકો
સદાય મારા કાનમાં
સચવાયેલો રહેશે.
ટપક... ટપક... પદરવ
રવરવ્યા કરશે.

કેટકેટલી ધીંગામસ્તી કરી
ટી-રેક્સ લઈ પાછળ દોડવું
રોબોટ બની રૂમમાં ફરવું
પુલ સાઇડ ચાલવા જવું
પોલીસ-કાર અને ફાયર-ટ્રક
તારા પ્રિય સાથીદાર
હીંચા...હીંચા ખાઈને
મારા હાથના દરદને મટાડવું
બેબી શાર્કનો ડાન્સ તાન ડાન્સ
અને ઝૂકેગા નહીં સાલા...
મર્સીડીઝ કારની સફર
બૅક યાર્ડમાં દોડા-દોડી
ઘોડો-ચંકી મંકી અને
છેલ્લે ગમી બિઅર
સદાય મારામાં કૂદ્યા કરશે.

દાદી સાથે ખાંડેલા ચકીના ચોખા
અડકો દડકો સાકર શેરડી ખાઈને
રેક્સીની વાર્તાઓ સાથે
દાદીએ ગોળ કેરી ભિતલડીથી બનાવેલા
બકરીના બચ્ચાના ઘરના

વ્હાલનાં બારણાં ઉઘાડ્યાં છે
તે પછીથી જરાક મોટો થઈને
દાદીનાં ડૂસકાંમાં સાંભળજે
નર્યા પ્રેમના પ્રવાહને માણજે

તું તો અમારી સમજની દુનિયાથી
દૂર દૂર તારી પોતીકી દુનિયામાં
જ્યાં કેવલ આનંદ જ છે
તારી સાથે હુંય ભૂલી જાઉં છું
મારી એ જંજાળભરી દુનિયા
તું દોડતાં દોડતાં પડી જાય છે
તો ઈજા મને થાય છે

તું નાસમજ નથી
મેં જ સમજનો ડગલો ઉતારી નાખ્યો છે
તું તો દોડીને બાઝી પડે છે ને
હું તારામાં ઓગળી જઉં છું

દાદા-દાદી કે પછી દાદી-દાદા
તારે મન ક્યાં કોઈ ભેદ છે
કેવળ હોય છે
તારું આ નિર્દોષ બાળપણ...

ધીમે ધીમે તું ભૂલતો જઈશ
અને હું તારી જેમ બાળક બનતો જઈશ
સ્મૃતિઓનો આ ખજાનો જ અમને
સમૃદ્ધ રાખશે અને જિવાડશે

જીવનસંધ્યાના ઓટલે બેઠાં બેઠાં
દાદા-દાદી તારી સાથેની મધુર સ્મૃતિઓ વાગોળતાં
એક-બીજાને હૂંફ આપતાં
તારામય બની જશે

પછી તો હું તારામાં જીવીશ.

અને હા એક વાત તો રહી જ ગઈ...
No... No... oooo
બુધબા* દાદા...
બુધબા દાદી...

---

* રિહાનને ન ગમે તેવી વાત કરો તો નારાજગી બતાવવા આ શબ્દનો ઉપયોગ કરે.

વાર્તા

# રાણકદેવીના ગાલ પરનું લાખું / રાહુલ શુક્લ

રેણુકાની ભોળી નિર્દોષ આંખો જાણે એના સૌંદર્ય પર ગુલાલના તિલક જેવી હતી. એનાં આધુનિક કપડાં એના શરીર પર રંગોળી બનીને સજતાં હતાં. ૧૯૬૮ની એ સાલમાં જ્યારે કોઈ યુવાન ગુજરાતી સ્ત્રી બેંગોલી સાડી પહેરે તો એને 'ફેશનવાળી' કહેતાં. તે જમાનામાં વેસ્ટર્ન સ્ટાઇલનાં સ્કર્ટ અને સ્લીવલેસ ટૉપમાં રેણુકા કોઈ આધુનિક અપ્સરા જેવી લાગતી હતી, અને ઝાલાવાડના એ નાના શહેર વઢવાણમાં બે દિવસથી એ જાનીવાસેથી વાઘેશ્વરી ચોક ચાલીને જતી ત્યારે લોકોની ઉત્સુક આંખો એની સામે ટીકી ટીકીને જોયા કરતી.

મુંબઈથી જાન વઢવાણ આવી હતી. રેણુકાનાં માસીના દીકરાનાં લગ્ન હતાં. રેણુકાના પિતા વાડીલાલ શેઠને મુંબઈમાં ઝવેરાતનો બિઝનેસ હતો. 'મારાથી નીકળી શકાય તેમ નથી, તારી બા હોત તો જરૂર એ જાત', વાડીલાલ નરમ અવાજે રેણુકાને કહેતા હતા, 'રમણકાકા જોડે તું જઈ આવે તો સારું.'

રેણુકા લગ્ન મહાલવા, અને પછી ચાર દિવસ વઢવાણ રોકાવા આવી હતી. પણ જાનીવાસમાં સાઠ વ્યક્તિ દીઠ એક બાથરૂમ હતું, અને ગાદલામાં સહેજ કોહવાટની વાસ આવતી હતી.

રમણકાકા રેણુકાની મૂંઝવણને પારખી ગયા. 'એ કહે, મારા ખાસ મિત્ર વજુભાઈ બાજુના સુરેન્દ્રનગરમાં સરસ બંગલામાં રહે છે. વજુભાનો દીકરો સિદ્ધાર્થ પણ હમણાં ઘેર જ છે. કહેતી હોય તો થોડા દિવસ એમને ત્યાં રહેવા જતા રહીએ.' કાકાએ હજુ વાક્ય પૂરું નહોતું કર્યું ને રેણુકા એનાં કપડાં એની બૅગમાં ભરવા લાગી હતી.

રમણકાકા અને રેણુકાની કાર વજુભાઈના ઘરની બહાર ઊભી રહી, ત્યારે સિદ્ધાર્થ બહાર વરંડામાં ખાટે બેસીને હીંચકતો હતો અને મૂકેશનું ગીત 'ઝૂમતી ચલી હવા, યાદ આ ગયા કોઈ' જોરજોરથી ગાતો હતો. 'આવો રમણકાકા,' સિદ્ધાર્થે ખાટેથી ઊભા થઈને કહ્યું.

'બેટા, આ વાડીકાકાની દીકરી રેણુકા છે. વઢવાણ જાનમાં આવ્યાં છીએ; પણ આ ફૅશનેબલ છોકરીને વઢવાણ જાનીવાસમાં ફાવતું નથી, તો તમારાં અતિથિ ચાર-પાંચ દિવસ બનવું પડશે.'

'રેણુકા બેટા, આ સિદ્ધાર્થે ખડગપુરથી આ વર્ષે જ ભણવાનું પતાવ્યું. મિકેનિકલ એન્જિનિયર છે.'

'તો સારું.' રેણુકાએ હસતા અવાજે કહ્યું.

'એટલે?' સિદ્ધાર્થે પૂછ્યું.

'કેમ કે કારમાંથી ઊતરતા તમને ગીત ગાતા સાંભળ્યા હતા. એન્જિનિયરિંગમાં વધુ સફળ થશો.' સિદ્ધાર્થ હસવા લાગ્યો. રેણુકાને પણ પોતાની આવી હિમ્મતવાળી મજાકથી નવાઈ લાગી હતી.

ચા પીને સિદ્ધાર્થ અને રેણુકા ખાટે બેઠાં હતાં. 'આ તમારું વઢવાણ બહુ ઇન્ટરેસ્ટિંગ શહેર છે.' રેણુકાએ કહ્યું.

'હાસ્તો, અમારા વઢવાણે ઘણાબધા સાહિત્યકારો પણ પેદા કર્યા છે. જેવા કે પ્રજારામ રાવળ...'

'ઝાલાવાડી ધરતી, આવળ-બાવળ બોરડી' રેણુકાએ સિદ્ધાર્થને અટકાવીને કહ્યું.

'અરે વાહ, તમારા મુંબઈ સુધી આ કવિતાઓ પહોંચી જાય છે? મને તો એમ કે બ્રોડગેજ લાઇન આવે ત્યાંથી સાહિત્યની મુસાફરી અટકી જતી હશે.'

રમણકાકા બપોરની ઊંઘ ખેંચીને બહાર વરંડામાં આવ્યા, 'ચાલો બેટા, ત્યાં વિધિ શરૂ થઈ જવામાં હશે.'

'કાકા, હું ન આવું તો ન ચાલે ?' રેણુકાને સિદ્ધાર્થની કંપનીમાં અનેરો આનંદ આવતો હતો.

'ભલે, તું ખાટે બેસીને હીંચક.' ને કાકા વઢવાણ જવા નીકળ્યા.

'તમારા એન્જિનિયર લોકોમાં સંવેદનશીલતા હોય કે નહીં?' રેણુકાના અવાજમાં ટીખળ હતું.

'ઓફકોર્સ નૉટ, આ અમૃત ઘાયલ, ગની દહીંવાલા ને શૂન્ય પાલનપુરી – તે ક્રિકેટ પ્લેયર છે કે મોરારજીભાઈની કૉંગ્રેસ – 'ઓ' પાર્ટીના કારોબારી સમિતિના સભ્યો છે – એની અમને એન્જિનિયરને કાંઈ ગતાગમ ન પડે!'

'તને ગમે છે ગની દહીંવાલાની ગઝલ?' રેણુકા એક દિવસમાં 'તમે' પરથી 'તું' પર આવી ગઈ હતી. 'દિવસો જુદાઈના જાય છે, એ જશે જરૂર મિલન સુધી.' સિદ્ધાર્થ બોલ્યો.

'મને નથી લાગતું કે તું ખરેખર એન્જિનિયર હોય!' રેણુકાના અવાજમાં અચંબો, આનંદ અને તોફાન. પછી એ કહે 'મને મારી કૉલેજમાં કોઈ એવાં મિત્ર ન મળ્યાં જેનામાં જરા પણ ઊંડાણ હોય!' સહેજ અટકીને કહ્યું, 'પેલી ગઝલ આગળ ચલાવ, વચલી કડી બહુ હૃદયદ્રાવક છે.'

'આગળ યાદ નથી, તું યાદ કરાવ.' સિદ્ધાર્થે કહ્યું.

'આહ, વચલી કડી હૈયે છે પણ હોઠે નથી.'

સિદ્ધાર્થ અને રેણુકાની વાતો જ ખૂટતી નહોતી.

'આપણે બન્ને ખરાં સાવ એકબીજા જેવાં છીએ.'

'હા, અને મને હતું કે વઢવાણમાં મને કોઈ ઇન્ટરેસ્ટિંગ વ્યક્તિ નહિ મળે.'

રેણુકા લગ્નમાં તો સહેજ મોઢું દેખાડીને પાછી આવતી રહેતી. પછી ખાટે બેસીને સિદ્ધાર્થ જોડે મોડી રાત સુધી વાતો કર્યા કરતી.

વઢવાણના લગ્ન પતી ગયા પછી રમણકાકાએ કહ્યું, 'ચાલ રેણુકા, અહીં વઢવાણમાં તું કંટાળી ગઈ હશે. બે દિવસ અમદાવાદ જતાં રહીએ. મારે થોડું બિઝનેસનું કામ પણ છે અને ત્યાંથી સીધા મુંબઈ જતાં રહીશું.'

'આ સિદ્ધાર્થે વચન આપ્યું છે કે આવતી કાલે માધાવાવ અને રાણકદેવીનાં મંદિરે મને લઈ જશે. કાકા, તમે એકલાં જ જઈ આવો અમદાવાદ. હું ત્રણ દિવસ પછી તમને સૌરાષ્ટ્ર મેઇલમાં સીધી અમદાવાદ સ્ટેશને મળીશ.'

'પણ તારો બાપ કહેશે, મારી દીકરીને એકલી વઢવાણ મૂકીને અમદાવાદ જતો રહ્યો.'

'ડેડીને હું સમજાવી દઈશ.' રેણુકાએ કહ્યું. એ ડેડીની એક લાડકી દીકરી હતી, અને વાડીભાઈને મન રેણુકાનાં સુખથી વધુ કાંઈ નહોતું.

બીજે દિવસે સુરેન્દ્રનગરથી ટ્રામમાં બેસી બન્ને વઢવાણ ગયાં. ભોગાવો નદીના પુલ ઉપરથી ટ્રામમાં વઢવાણના સ્ટેશને પહોંચતી હતી ત્યારે સિદ્ધાર્થે કહ્યું, 'આ ભારત ટ્રામ-વે આખા ઇન્ડિયામાં એકમાત્ર પ્રાઇવેટ રેલવે છે.'

'તું વઢવાણમાં મોટો થયો તો હવે સ્થાયી પણ અહીં જ થવાનો ?'

'શું ખબર! મોટી મોટી કંપનીના ઇન્ટરવ્યૂ તો આપવાના શરૂ થઈ ગયા છે, પણ ડેડીની ઇચ્છા છે કે અહીં બેરિંગનું કારખાનું નાખી અહીં જ સ્થાયી થવું. એમાં વળી મેં જર્મની ભણવા એપ્લાય કરેલું, પાસપૉર્ટ પણ કઢાવી લીધો. પણ થાય છે, બહુ ભણ્યા, હવે જિંદગી શરૂ કરવાનો સમય આવી ગયો છે.' પછી સહેજ અટકીને સિદ્ધાર્થે પૂછ્યુંઃ 'તારા શું પ્લાન છે ?'

'મારા પ્લાન?' રેણુકા એક સેકન્ડ સિદ્ધાર્થની સામે તાકી રહી. 'ડેડીએ બિઝનેસ પાર્ટનરના દીકરાને મારા માટે નજરમાં રાખ્યો છે. સંદીપ 'ઓકે' છે.' પછી એક ઊંડો શ્વાસ લઈને કહે, 'ઓકે હતો, ગયા અઠવાડિયા સુધી. પણ મારા પ્લાન્સ આ તારા વઢવાણમાં આવીને વેરવિખેર થઈ ગયા છે.'

ટ્રામના સ્ટેશનેથી નદીકિનારે ગઢની રાંગ હતી. ભોગાવાના કાંઠે ચાલતા સિદ્ધાર્થે કહ્યુંઃ 'રાણકદેવીનું મંદિર, કહેવાય છે કે બંધાયું ત્યાં તો નદીની અધવચ્ચે હતું, પણ નદી સુકાતી ગઈ, ને મંદિર પછી કાંઠે થઈ ગયું.' ભોગાવો નદીમાં સાવ થોડું પાણી હતું. ચાલતાં બન્ને ગઢની એક ખડકી પાસે પહોંચ્યાં.

ગઢની અંદર, ગામમાં જતાં જ ડાબી બાજુએ રાણકદેવીના મંદિરનો દરવાજો હતો. મંદિર એક વિશાળ મેદાનમાં હતું, મેદાન ફરતો બીજો એક જાણે નાનો ગઢ હતો, એ મંદિરના ડેલાની નાની બારણીમાંથી સિદ્ધાર્થ અને રેણુકા અંદર

ગયાં. મંદિરના ચોગાનમાં એક સૂમસામ સ્તબ્ધતા હતી. ડાબી બાજુ, ઊંચાં પગથિયાં ચડીને જવું પડે તેવું રાણકદેવીનું મંદિર હતું. ઉપર જઈએ તો ગઢની પાછળ સૂકી ભોગાવો દેખાતી હતી. સામે ઘેઘૂર વડલો હતો. બાજુમાં એકબીજા સાથે સંકળાયેલી કેટલીય સમાધિની દેરીઓ હતી, અને આ આવડા મોટા વિશાળ મંદિરમાં રેણુકા અને સિદ્ધાર્થ સિવાય કોઈ કરતાં કોઈ વ્યક્તિ નહોતી.

'આ મંદિરનો પણ એક અજબ ઇતિહાસ છે.' સિદ્ધાર્થે કહ્યું, ને પછી મંદિરના પહેલા પગથિયે ચડતા રેણુકાને હાથ પકડીને ટેકો આપ્યો.

'તારી વાત આગળ ચલાવ, સાંભળવી ખૂબ ગમે છે.'

'નવ સો બેતાલીસની સાલમાં મૂળરાજ સોલંકી નામનો રાજા થઈ ગયો. એમના રાજ્યનું નામ હતું ગુર્જ્જર રાષ્ટ્ર, જેમાંથી અપભ્રંશ થઈને થયું ગુજરાત. ૧૦૯૪ની સાલમાં આ રાજ્યનો રાજા હતો સિદ્ધરાજ જયસિંહ. એને જૂનાગઢના રાખેંગારની રાણી રાણકદેવી બહુ ગમી ગઈ હતી. પણ રાણકદેવી રાખેંગારની પત્ની હતી, અને એને બે બાળકો હતાં.'

'તમને આ બધું ખડગપુરની એન્જિનિયરીંગ કૉલેજમાં શિખવાડતા?' રેણુકાએ લહેકાથી પૂછ્યું.

સિદ્ધાર્થ રેણુકાના ચમકતા મોઢાને જોઈ રહ્યો. લીલા રંગનું સ્કર્ટ અને ઉપર એણે તસતસતું મોરપીંછ રંગનું બ્લાઉઝ પહેર્યું હતું. એના ખુલ્લા ટૂંકા વાળમાં રેશમની ચમક હતી. એના નાજુક હોઠમાં જૂઈનાં ફૂલની કુમાશ હતી. એના મોરપીંછ બ્લાઉઝની પછવાડે રેણુકાની અબોટ જુવાની જાણે થનગનતી હતી. સિદ્ધાર્થ કયા વાક્યે અટક્યો હતો તે ખુદ ભૂલી ગયો હતો.

'બે બાળકો. પછી શું?' રેણુકાનો મંજુલ ઘંટડી જેવો અવાજ.

'સિદ્ધરાજે જૂનાગઢ પર આક્રમણ કર્યું. રાખેંગારને મારી નાખ્યો. રાણકદેવીનાં બે બાળકોની કતલ કરી, અને રાણકદેવીએ સિદ્ધરાજ સાથે જવા ના કહી તો ગિરફ્તાર કરીને વઢવાણ સુધી લાવ્યો.'

'પછી?' રેણુકાના અવાજમાં ચિંતા વધતી જતી હતી.

'કહેવાય છે કે ત્યારે અર્ધા ભોગાવામાં બારેમાસ પાણી રહેતું. અત્યારે છે તેના કરતાં નદીનો બેવડો પટ હતો. વઢવાણ પહોંચ્યા ત્યારે રાણકદેવીએ કહ્યું કે, એને બળતી ચિતા પર ચડીને સતી થવું છે. સિદ્ધરાજે વઢવાણનાં લોકોને હુકમ કર્યો કે ચિતા પ્રગટાવવા કોઈએ રાણકદેવીને અગ્નિ ન આપવો.'

'રેણુકા, કહેવાય છે કે આપણે ઊભાં છીએ તે નદીનો અર્ધો પટ હતો. આ ગઢ દેખાય છે ત્યાંથી પાણી શરૂ થતું હતું. અહીં ચિતા ખડકીને રાણકદેવીએ એની જાત હોમી દીધી.'

'પણ વઢવાણનાં લોકોએ અગ્નિ ન આપ્યો તો કેવી રીતે ચિતા સળગાવી?'

'વેલ. અહીં યુ હેવ ટુ સસ્પેન્ડ યોર ડિસબિલીફ. લોકવાયકા એવી છે કે સિદ્ધરાજે રાણકદેવીનાં કુમળાં બાળકોની હત્યા કરી, ને વઢવાણનાં લોકોએ પણ એક જાતનો વિશ્વાસઘાત કર્યો, તો આ અન્યાયની આગ રાણકદેવીના હૃદયમાં હતી. અને ચિતા પર ચડી એણે જમણા પગના અંગૂઠામાંથી આગ કાઢી ને ચિતા પ્રકટાવી. અને મરતાં મરતાં એણે શાપ આપ્યો : બીજાનાં વિશ્વાસઘાત અને પાપને કારણે એણે આ નિર્દોષ ભોગાવો નદીને સજા આપી કે – આ નદીમાંનું પાણી અર્ધું થઈ જશે, તો જો... આજે પાણી કેટલું ઓછું છે? અને તેય વર્ષે બે મહિના માંડ રહે છે.'

રેણુકાની આંખમાં આંસુ સહેજ ભરાઈ ગયાં હતાં. પછી કહે, 'વઢવાણનાં લોકોએ અગ્નિ ન આપ્યો એમાં બિચારી નિર્દોષ નદીને સજા થઈ!'

સિદ્ધાર્થે ખિસ્સામાંથી રૂમાલ કાઢી રેણુકાની પાંપણની કિનારી લૂછી. રેણુકાએ સિદ્ધાર્થના ખભે માથું રાખીને કહ્યું: 'સિદ્ધાર્થ, આ ચાર દિવસમાં જાણે હું તને જન્મોથી જાણતી હોઉં એવું લાગે છે.'

બાકીનાં પગથિયાં ચડી બન્ને મંદિરના ઉપરના ઓટલે પહોંચ્યાં. મૂર્તિ હતી તે રૂમ પર જાળીવાળા બારણાને તાળું હતું. જાળીની અંદર જોયું તો એક મહાકાળીની મૂર્તિ હતી. બાજુમાં સહેજ નાની રાણકદેવીની મૂર્તિ હતી. મૂર્તિ જાણે પાળિયા જેવી હતી. મોઢાની કોઈ રેખા કે દેખાવ એમાં કંડારાયેલાં નહોતાં. માથાની નીચેનું શરીર લીલી ચૂંદડીથી ઢંકાયેલું હતું, અને મોઢાં પર સિંદૂર લગાડેલું હતું.

'એ લીલી ચૂંદડી પહેરીને સતી થઈ હશે, હેં ને!' રેણુકાએ કહ્યું, પછી કહે, 'એક મિનિટ, પેલી વચલી કડી યાદ આવી ગઈ.'

'કઈ વચલી કડી?'

'તારી ગની દહીંવાલાની ગઝલની –' પછી રેણુકા ધીમા, લાગણીભીના અવાજે બોલી:

'તમે રાજ-રાણીનાં ચીર સમ
અમે રંક નારની ચૂંદડી.
તમે તન પર રહો ઘડી બે ઘડી
અમે સાથ દઈએ કફન સુધી.'

ફરીથી સિદ્ધાર્થે એનો રૂમાલ ખિસ્સામાંથી કાઢ્યો, અને રેણુકાની પાંપણની કિનારી લૂછી.

મંદિરનાં પગથિયાં ઊતરતાં સિદ્ધાર્થે કહ્યું: 'હવે તારે પાછા જ નથી જવાનું. રેણુકા, તને અહીં ગમે તે માટે હું ગમે તે કરીશ. વઢવાણને બદલી નાખીશ – આઇ પ્રોમિસ.'

પછી મંદિરની સામે દેરીઓની હારમાળા હતી તેનાં પગથિયાં ચડતાં સિદ્ધાર્થે

કહ્યું: ‘મને ક્યારેક, ખૂબ ઇંતેજારી થાય છે કે આ રાણકદેવી કેવી દેખાતી હશે? એનું કેવું મોઢું હશે, કેવી આંખો હશે, કેવું ફિગર હશે? પણ એ જૂના જમાનામાં કૅમેરા તો હતા નહિ. આમ મારી ઇંતેજારી ક્યારેય નહિ સંતોષાય.’

ચાલતાં ચાલતાં બન્ને છેલ્લી દેરીએ પહોંચ્યાં. બહાર જાળીવાળા બારણાને તાળું નહોતું, સિદ્ધાર્થે સાંકળ ખોલી, અને બન્ને અંદર ગયાં. બહાર આટલો તાપ હતો, પણ એ દેરીની અંદર એક ખુશનુમા ઠંડક હતી. અંદર શિવલિંગ હતું અને બાજુમાં એક નાની ખાટલી હતી. ‘કદાચ વર્ષ બે વર્ષ અગાઉ અહીં પૂજારી સૂતો હશે,’ સિદ્ધાર્થે કહ્યું. પછી રેણુકા તરફ ફરી એનાં બન્ને હાથ રેણુકાના ગાલ પર રાખી સિદ્ધાર્થ કહે, ‘રેણુકા, તારા જેવું રૂપ મેં કોઈનુંય જોયું નથી.’

‘જૂઠ્ઠા કહીં કા!’ રેણુકાએ ખોટો છણકો કર્યો. પછી કહે, ‘પણ જો ને મારા આ ગાલ પર કેવું કદરૂપું લાખું છે?’ અને એણે એના જમણા ગાલે કાન તરફ નાનું લાખું હતું એના પર આંગળી ધરી.

સિદ્ધાર્થે ધીમેથી એના હોઠ રેણુકાના ગાલના લાખા પર રાખી દીધા, અને કહે, ‘આનાથી તો તારું રૂપ ઔર ભી નીખરે છે.’

રેણુકા પ્રેમભરી નજરે સિદ્ધાર્થ સામે તાકી રહી. પછી સહેજ હસી પડી: ‘કેમ હસે છે?’ સિદ્ધાર્થે પૂછ્યું. એ કહે, ‘મારે આવું જ બીજું લાખું પણ છે અને એ તો નથી જ સારું લાગતું.’

‘ક્યાં છે?’

રેણુકા સહેજ નીચું જોઈ ગઈ. પછી કહે, ‘મારી જમણી બ્રેસ્ટ પર,’ પછી આંખમાં સહેજ તોફાન સાથે કહે, ‘તું જુએ તો કહે, અરે આ છોકરી તો કેટલી કદરૂપી છે!’

‘નજરે જોયા વગર હું કોઈ અભિપ્રાય ન આપું.’ સિદ્ધાર્થે આંખોમાં એક નશીલા આમંત્રણથી રેણુકાની સામે જોઈ કહ્યું.

રેણુકા પહેલા એક ઘડી વિચારમાં પડી ગઈ. અને એકાએક એના મોરપીંછ બ્લાઉઝનાં બટન ખોલવા લાગી. બહાર વડના પાનમાંથી પસાર થતો પવન સહેજ અવાજ કરતો હતો, દૂર કબૂતરનું ઘૂ...ઘૂ’ આછું સંભળાતું હતું, રેણુકા એક ખમીરથી સિદ્ધાર્થ સામે તાકી રહી હતી. એણે હાથ પાછળ કરી એની બ્રેસિયરનું હૂક ખોલી નાખ્યું, મોરપીંછ બ્લાઉઝને ખસેડી અને બ્રા ઊંચી કરી. મંદિરની દેરીના એ આછા અંધારામાં સિદ્ધાર્થ આ રૂપની પરીની દૂધ જેવી સફેદ, મખમલ જેવી મુલાયમ ચામડીમાં મઢાયેલી બ્રેસ્ટને જોઈ રહ્યો.

રેણુકાની આંખમાં ભક્તિનો વિશ્વાસ હતો. એ દૃઢ અવાજે બોલી, “સિદ્ધાર્થ, આ જો તો, હું કેવી ગાંડી થઈ ગઈ છું, મારા જેવી શરમાળ વ્યક્તિ આમ કેવી રીતે તારી સામે ઊભી છે! પણ જો ને, તેં મારામાં કેવો એક વિશ્વાસ ઊભો કર્યો છે, કે

મને બીજી કોઈ વાતની ચિંતા કે પરવા નથી.'

'આ લાખું તો તારા રૂપ પર ચાર ચાંદ લગાવે છે.' સિદ્ધાર્થે કહ્યું. પછી કહે, 'તારા ગાલના લાખાને કિસ કરી હતી. હવે આ લાખાને ઓછું ન આવવું જોઈએ.'

રાણકદેવીના મંદિરના એ વિશાળ ચોગાનમાં, સમાધિની દેરીઓમાંની છેલ્લી દેરીમાં, શિવલિંગની સામે, બે મન અને બે શરીર એકમેક થઈ ગયાં.

***

મંદિરની બહાર નીકળતાં સિદ્ધાર્થે પૂછ્યું હતું, 'આપણે આપણું ઘર વઢવાણમાં બાંધશું કે સુરેન્દ્રનગરમાં?'

'મારે તારા કારણે આ વઢવાણ ગામ ગમાડવું પડશે.' રેણુકાએ બનાવટી ફરિયાદી અવાજે કહ્યું. 'રેણુકા, આપણે ધરતી પર સ્વર્ગ ઊભું કરીશું. શનિ-રવિમાં મિત્રોને બોલાવી ઘેર ગઝલો વાંચવાનો કાર્યક્રમ રાખીશું.'

'અને?'

'અને, મારી પ્રપોઝલ બે બાળકોની છે. અંકુર અને અવની.'

'પણ મને તો 'નીરજ' નામ ગમે છે.'

'નીરજ ઇટ ઇઝ,' સિદ્ધાર્થે કહ્યું.

બીજા દિવસે સાંજના સૌરાષ્ટ્ર મેઇલમાં રેણુકાએ જવાનું હતું. અમદાવાદથી રમણકાકા જોડાઈ જવાના હતા. 'રેણુકા, તું ક્યારે તારા ડૅડીને આપણી વાત કહીશ?' સિદ્ધાર્થે પૂછ્યું.

'જો, ડૅડીને આવતા અઠવાડિયે સિંગાપુર જવાનું છે. ત્રણ અઠવાડિયાં માટે. હું પણ સાથે જવાની છું. પાછા આવીને વાત કરીશ. એમને જરા આઘાત લાગશે. પણ મારા સુખને ખાતર ડૅડી બધું કબૂલ કરી લેશે.'

સવારે બાકી રહી ગયેલ માધાવાવ જોવા બન્ને પછીથી ઘેરથી નીકળી ગયાં. પણ વઢવાણ પહોંચ્યાં તો સિદ્ધાર્થ કહે, 'હું તો કહું છું માધાવાવ કૅન્સલ કરીને ચાલ ફરીથી રાણકદેવીના મંદિરે જઈએ. ફરી એ નીરવ ચોગાન, એ શિવલિંગવાળી છેલ્લી દેરી.' ફરી બન્નેનાં શરીર એકબીજામાં સમાઈ ગયાં. સાંજે સ્ટેશન પર સૌરાષ્ટ્ર મેઇલમાં રેણુકાને બેસાડીને સિદ્ધાર્થે કહ્યું, 'તો મહિના સુધી તું મને પત્ર પણ નહિ લખી શકે?'

'મહિનો તો આમ જતો રહેશે', રેણુકાએ ચપટી વગાડીને કહ્યું હતું.

***

ચાર દિવસ પછી સિદ્ધાર્થના ફુવાનો અમદાવાદથી તાર આવ્યો. મમ્મી, પપ્પા અને સિદ્ધાર્થને તાત્કાલિક અમદાવાદ બોલાવ્યાં હતાં.

શારદા સોસાયટીમાં ફુવાના બાજુના બંગલામાં રહેતા, અમદાવાદના નામી ઍડવોકેટની દીકરી શિલ્પા અમેરિકાથી બે અઠવાડિયાં માટે ભારત આવી હતી.

પંદરમા વર્ષે એસ.એસ.સી. પાસ કરી પછી છ વર્ષમાં ડૉક્ટર થઈને અમેરિકા ગઈ હતી. માત્ર બે વર્ષમાં બફેલો શહેરમાં મોટું પાંચ બેડરૂમનું મકાન ખરીદી લીધું હતું. સરસ મજાની કાર હતી. ઘરમાં રૂમે રૂમે ટેલિફોન, અને હજુ ભારત સુધી નહોતી પહોંચી એવી ટી.વી.ની સવલત. શિલ્પા માત્ર બે અઠવાડિયાં માટે જ આવી હતી. માતા-પિતાનો આગ્રહ હતો કે લગ્ન કરીને જ જાય. ૧૯૬૮ના એ જમાનામાં અમેરિકા જવાનો વિઝા ઊભા ઊભા મળી જતો હતો.

અમદાવાદ પહોંચ્યા પછી સિદ્ધાર્થને આ બધી વાતની ખબર પડી તો એણે કહ્યું, 'મને આ વાતમાં કોઈ રસ જ નથી.'

ફુવા કહે, 'રસ ન હોય તો ના પાડજે. જગદીશભાઈ ખ્યાતનામ વકીલ છે. એમણે સામેથી તારા માટે પૂછ્યું. તું શિલ્પાને જોવાની પણ ના પાડે તો એમને અપમાન લાગે, ને મારો સંબંધ બગડે. દશ મિનિટ શિલ્પા જોડે ગાળવામાં તારું શું જાય છે?'

***

હોશિયાર એન્જિનિયરને અમેરિકામાં કેટલા સારા સ્કોપ! અને વઢવાણમાં પાણીની તંગી, મચ્છરનો ત્રાસ. બફેલોથી તો ચાલીસ મિનિટમાં નાયગ્રા ફૉલ્સ પાસે પહોંચી જવાય. પાંચ વર્ષમાં અમેરિકાની સિટીઝનશિપ. જિંદગી ક્યાંથી ક્યાં પહોંચી જઈ શકે!

શિલ્પા જોડે દશ મિનિટની મુલાકાત અઢી કલાક ચાલી.

'હું વિચારીને જ જવાબ દઈ શકું.' સિદ્ધાર્થે કહ્યું.

'વિચારવાનો ટાઇમ જ ક્યાં છે, ગાંડાભાઈ!' ફુવાએ કહ્યું: 'તું આજે હા પાડે તો પરમ દિવસનું મૂરત છે. પછી બીજા દિવસે મુંબઈ જઈને વિઝા લેવાનો, અને મંગળવારની ફ્લાઇટમાં તો ન્યૂયૉર્ક જવાનું.'

શારદા સોસાયટી અને શારદાનગર વચ્ચેના ખાલી મેદાનમાં બીજા દિવસે માંડવો નંખાવવાનો શરૂ થયો. તાત્કાલિક સગાંવહાલાંને બોલાવ્યાં. ડિસેમ્બરની સોળમી તારીખ, ૧૯૬૮ના દિવસે લગ્ન કરીને ડિસેમ્બરની એકવીસમી તારીખે પાન-એમના પ્લેઇનમાં બેસીને સિદ્ધાર્થ અમેરિકામાં શિલ્પા જોડે એક નવી દુનિયા વસાવવા ચાલ્યો ગયો.

***

રમણકાકાનું પછીના જ મહિને હૃદયરોગના હુમલાથી અવસાન થયું. સિદ્ધાર્થને કે એના કુટુંબને રેણુકા સાથેના સંપર્કનું એકમાત્ર સાધન આમ સગવડતાથી તૂટી ગયું.

સિદ્ધાર્થને ક્યારેક થતું કે એણે રેણુકાને ખબર આપ્યાં હોત તો સારું હતું. 'પણ એ તો સિંગાપુર હતી. વળી આમ જુઓ તો અમારી છ દિવસની ઓળખાણ.

હું મારી જિંદગીમાં પરોવાઈ ગયો છું તેમ એ એની જિંદગીમાં પરોવાઈ ગઈ હશે.'

***

અમેરિકામાં પાંત્રીસ વર્ષ કેવા પવનવેગે ઊડી ગયાં! સિદ્ધાર્થે શરૂનાં વર્ષોમાં એન્જિનિયરની નોકરી કરી. શિલ્પાની મોટી આવક સ્ટૉક માર્કેટમાં ઇન્વેસ્ટ થતી હતી. રીઅલ-એસ્ટેટમાં રોકાણ વધતું જતું હતું. પછી શિલ્પા કહેઃ 'તું નોકરી છોડીને આપણા પૈસાનો વહીવટ કરે તો સારું.' ગની દહીંવાલાની ગઝલો ભુલાતી જતી હતી. એમનાં બન્ને બાળકો મોટાં થઈ ગયાં હતાં. મોટા દીકરા રાજને ત્યાં એક બાબો હતો – નીલ. નીલના વાળ ઉતરાવવા બહુચરાજી લઈ જવાનો હતો. શિલ્પા નીકળી શકે તેમ નહોતી. રાજ કે એની પત્ની નીકળી શકે તેમ નહોતાં. સિદ્ધાર્થને ફૂલટાઇમ નોકરી હતી નહિ અને આમ નીલને ભારત લાવવાની જવાબદારી સિદ્ધાર્થને માથે આવી હતી.

***

બહુચરાજીમાં નીલના વાળ ઉતરાવી લીધા. પછી એક દિવસ પોતાના ગ્રાન્ડ-સનને વઢવાણ સિદ્ધાર્થ લઈ ગયો. ભોગાવો નદીના પુલ પર દોડતી ભારત ટ્રામવે વર્ષોથી બંધ થઈ ગઈ હતી. ભોગાવો નદી સાવ જ સુકાઈ ગઈ હતી. પહેલાં રેતી હતી ત્યાં ઘાસ ઊગી ગયું હતું. એક બાજુ ગંદા પાણીનાં ખાબોચિયાં હતાં. નદીનું તો જાણે નામ-નિશાન જતું રહ્યું હતું.

રાણકદેવીના મંદિરની બહાર હજુ એ જ મોટો ડેલો હતો. મંદિરના ચોગાનમાં હજુય એ જ સૂનકાર, નિસ્તબ્ધતા હતી. નીલને સામે વડ પાસે રમવા જવું હતું. સિદ્ધાર્થે એમના ડ્રાઇવરને કહ્યુંઃ 'તમે નીલને ત્યાં રમવા લઈ જાવ. હું જલદી દર્શન કરીને આવું છું.'

સિદ્ધાર્થ ગઢની રાંગના મંદિરનાં ઊંચાં પગથિયાં ચડતો હતો ત્યાં ઉપરથી કોઈ લીલી સાડી પહેરેલી જાજરમાન સ્ત્રી પગથિયાં નીચે ઊતરતી હતી. જેમ એ સ્ત્રી નજીક આવતી ગઈ તેમ સિદ્ધાર્થે જોયું કે કોઈ પચાસ કે સાઠ વર્ષની સ્ત્રી હતી, પણ આંખોમાં કેવું તેજ હતું! સિદ્ધાર્થ વચ્ચેના પગથિયે ઊભો રહી ગયો. પેલી લીલી સાડીવાળી સ્ત્રી પણ ખચકાઈને ઊભી રહી અને સિદ્ધાર્થ સામે તાકી રહી. એનું શરીર સપ્રમાણ હતું, વાળની વચલી થોડીક લટો સાવ સફેદ થઈ ગઈ હતી અને એના જમણા ગાલે, કાન પાસે લાખું હતું.

'રેણુકા?' સિદ્ધાર્થના અવાજમાં આઘાત અને અચંબો.

'સિદ્ધાર્થ ...!' રેણુકાએ જાણે એક લાંબા નિઃસાસા સાથે કહ્યું.

'તું અહીં ક્યાંથી?'

'અને તું અહીં ક્યાંથી?' રેણુકાને સામે પૂછ્યું.

'જો ને પેલા વડ પાસે રમે છે તે મારો ગ્રાન્ડ સન છે. એના વાળ ઉતરાવવા

આવવાનું હતું. શિલ્પાને રજા મળે તેમ નહોતું. મારો સન રાજ અને એની વાઇફ આર એક્સાઇટિંગ એ સેકન્ડ ચાઇલ્ડ. તો મારા માથે નીલને ભારત લાવવાની જવાબદારી આવી.' પછી સિદ્ધાર્થ કહે, 'સો ટેલ મી એબાઉટ યોરસેલ્ફ.'

'નથિંગ ટુ ટેલ.' રેણુકાનો મક્કમ અવાજ અને પછી એણે સહેજ માથું ધુણાવ્યા કર્યું.

'કમ ઑન રેણુકા, તું ક્યાં સેટલ થઈ છે?'

રેણુકા થોડી વાર સિદ્ધાર્થના ચહેરા સામે તાકી રહી. પછી કહે, 'યુ ડોન્ટ નો એની થિંગ, ડુ યુ?'

'નો. આઇ ઍમ સૉરી કે હું ત્યારે તારો સંપર્ક કર્યા વગર ભારત છોડીને ચાલી ગયો.'

'ધૅટ ઇઝ ઑલ યુ આર સૉરી ફૉર?'

'પણ તું કાંઈ કહે તો મને ખબર પડે ને?' સિદ્ધાર્થ રેણુકાનો હાથ પકડવા ગયો.

'પ્લીઝ, ડોન્ટ ટચ મી, એવર!' રેણુકા એટલું બોલી ઊંધી ફરી, અને સડસડાટ મંદિરનાં પગથિયાં ચડીને ઉપરના ઓટલે પહોંચી ગઈ.

સિદ્ધાર્થ એની પાછળ ગયો. 'રેણુકા, ટેલ મી એબાઉટ યોરસેલ્ફ. તારે શું છે ફેમિલીમાં?'

રેણુકાના મોઢા પર તુચ્છકારવાળું સ્મિત. પછી એ કહે, 'તને ખબર છે, તું અમેરિકા જતો રહ્યો ત્યારે હું પ્રેગ્નન્ટ હતી!'

'ઓહ માય ગૉડ!'

'હા, મારા ડૅડી સાથે આપણી વાત કરી. હું વઢવાણ આવી. તારા લગ્નના સમાચાર સાંભળીને હેબતાઈ ગઈ. અને ત્યારે જ મને ખબર પડી કે હું પ્રેગ્નન્ટ છું. અહીંની સરકારી હૉસ્પિટલના ડૉક્ટર દેસાઈ પાસે ગઈ અને આજીજી કરી કે મને ઍબોર્શન કરવામાં મદદ કરે. એણે ના પાડી. કોઈ બીજા ડૉક્ટર ઉપાધ્યાયના કમ્પાઉન્ડરની મદદ માગી. એમણે પણ ના કહી. એક નર્સ કહે ક્વિનાઇનની વીસ ગોળી લેશો તો મિસકેરેજ થઈ જશે. દવાવાળાએ ડૉક્ટરની ચિઠ્ઠી વગર ક્વિનાઇનની ગોળી આપવા ના કહી. તારા વઢવાણના કોઈ લોકોએ મને મદદ ન કરી. બાજુના લીંબડી ગામના ડૉક્ટરે ક્વિનાઇનની ગોળીની મોટી બાટલી આપી. મારા હૃદયમાં ધ્રાસકો હતો. મેં વીસને બદલે પચાસ ગોળીઓ લઈ લીધી. મિસકેરેજ તો થઈ ગયું, પણ પછી છ મહિના સુધી બ્લીડિંગ બંધ ન થયું. ત્રણ મહિના મુંબઈની હૉસ્પિટલમાં રહી. યુટરસ કાયમ માટે ડૅમેજ થઈ ગયું.'

સિદ્ધાર્થ સૂનમૂન આંખે રેણુકા તરફ જોઈ રહ્યો.

રેણુકાએ સિદ્ધાર્થની છાતી તરફ આંગળી દેખાડીને કહ્યું: 'સિદ્ધાર્થ, મારા એ

કુમળા બાળકનો હત્યારો તું છે. આજની તારીખે, પાંત્રીસ વર્ષ પહેલાં મેં પચાસ ગોળીઓ ખાઈ લીધી હતી. મારા આત્માની એ દિવસે આ ભોગાવોના કિનારે રાખ થઈ ગઈ. માત્ર શરીર બચ્યું છે અને દર વર્ષે આ તારીખે હું વઢવાણ આવું છું, લીલી ચૂંદડી પહેરીને આ મંદિરે આવું છું, અને મારા અકાળે મૃત્યુ પામેલા બાળકની શાંતિ માટે રાણકદેવીને પ્રાર્થના કરું છું.'

'આઇ ઍમ સો વેરી સૉરી,' સિદ્ધાર્થના અવાજમાં ગુનેગારની લાચારી. 'વ્હૉટ કૅન આઇ ડુ ટુ મેઇક ઇટ બેટર ?' 'જસ્ટ નેવર એપિયર અગેઇન ઇન માય લાઇફ.' અને રેણુકા મંદિરનાં પગથિયાં ઊતરવા લાગી. પછી એક પગથિયું ઊતરીને સિદ્ધાર્થ તરફ ફરી. 'સિદ્ધાર્થ, તું ત્યારે કહેતો હતો કે તને બહુ ઇંતેજારી હતી કે રાણકદેવી કેવી લાગતી હશે. તો લે ધારી ધારીને મને જોઈ લે. રાણકદેવીને જમણા ગાલે લાખું હતું, એની જમણી બ્રેસ્ટ પર લાખું હતું અને તમે વઢવાણના લોકો જન્મોજન્મથી રાણકદેવીનો વિશ્વાસઘાત કરો છો.'

અને ફરી એક પગથિયું ઉપર ચડી સિદ્ધાર્થની સામે જઈને રેણુકાએ કહ્યુંઃ 'જો જરા ગઢની રાંગની બહાર નજર કર. ભોગાવોમાં જે થોડુંઘણું પાણી પાંત્રીસ વર્ષ પહેલાં હતું તે સાવ સુકાઈ ગયું. તારા પાપ અને તારા વિશ્વાસઘાતની સજા બિચારી આ નિર્દોષ નદીએ ફરી ભોગવવી પડી.'

અને ધીમા દૃઢ પગલે રેણુકા મંદિરનાં પગથિયાં ઊતરી, ડેલી ખોલીને બહાર ચાલી ગઈ.

❑

લઘુકથા

# નીલકંઠ

**કાલિન્દી પરીખ**

**શ્રા**વણ માસ હતો. સુખપરના શિવાલયમાં શિવગિરિ બાપુ શિવપુરાણ વિશે લોકોને સમજાય એવી ભાષામાં કથા કહેતા હતા. ભગાનેય શિવપુરાણ સાંભળવાનું ઘણું મન થાય પણ ‘ખેતી મૂકીને કેમ જાવું? જગો નાનો સે અન્ હાલતા બાખડી પડે સે. થોડા દિ કેડે વશરામ હારે શેઢા બાબતે ઉશ્કેરાય ગ્યો'તો, વાત મારામારી પૂગી ગઈ'તી. પોતે વચ્ચે નો પડ્યો હોત તો થાવાનું થઈ જાત.’

શિવપુરાણ પૂરું થાવાને એક જ દિવસ બાકી હતો. તેના બાપાએ કહ્યું, ઘરની સેતરની સંત્યા કયરા વના તું તારે શિવપુરામ હાંભળવા જા.’

બાપા કે’ એટલે જાવું જ પડે. તે શિવપુરાણ સાંભળવા ગયો. શિવગિરિ બાપુએ શિવને નીલકંઠ શું કામ કહે છે તેની વાત કરી. સમુદ્રમંથનમાંથી નીકળેલું જેર શિવજીએ પીધું હોવાથી તે નીલકંઠ કહેવાયા. આપણે પણ કોઈ કડવા ઝેર જેવાં વેણ સંભળાવે તો સામા મેણાંટોણાં મારવાને બદલે પી જવા જોઈએ.

ભગાની સામે અનેક ઘટનાઓ તરવરી રહી. ‘બાપાના, મુખીના, વશરામના, નાના ભાઈ જગાના, ન જાણે કેટકેટલાના કડવા વખ જેવા વચનો તે સાંભળતો આવ્યો સે, કોઈ દિ વળતાં વેણ નથ હંભળાવિયાં.’

‘પોતે હું?’

❑

## વાર્તાસ્વાદ

# ‘રાણકદેવીના ગાલ પરનું લાખું’ વિશે

**શિરીષ પંચાલ**

**એ**ક રીતે જોઈએ તો આ વાર્તાનું વસ્તુ સીધેસાદું છે. કોઈ યુવાન યુવતીને પ્રેમ કરે અને બીજે પરણી જાય – યુવતી સગર્ભા થાય અને એ પોતે ગર્ભને સ્વીકારવા માગતી નથી એટલે ગર્ભપાત માટે પ્રયત્નો કર્યે જાય. તે સમયે ગર્ભપાત માટેના આજના જેવા કાયદા ન હતા એટલે ઊંટવૈદા કરીને પોતાનો પ્રશ્ન ઉકેલે છે – વર્ષો પછી બંને ભેગાં થાય ત્યારે આ માનિની સ્ત્રી એને હડધૂત કરે છે.

કઈ રીતે વાર્તાનો આરંભ થાય છે? લેખક નાયિકા રેણુકાનું વર્ણન કેવી રીતે કરે છે? ‘રેણુકાની ભોળી નિર્દોષ આંખો જાણે એના સૌંદર્ય પર ગુલાલના તિલક જેવી હતી. એના આધુનિક કપડાં એનાં પર રંગોળી બનીને સજતાં હતાં.’ અહીં રૂપની સાથે નાયિકાના ગુણનું વર્ણન કર્યું છે – એ ભોળી છે – કોઈનાથી પણ છેતરાઈ જાય તેવી ભોળી. અને બધાં એના રૂપ પર વારી જતાં હતાં.

આ રેણુકા લગ્નમાં મહાલવા વઢવાણ આવી હતી, જાનીવાસ તેની રુચિને અનુરૂપ ન હતો, એટલે સુરેન્દ્રનગરમાં કાકાના કોઈ મિત્રને ત્યાં જવાની વ્યવસ્થા કરી. ત્યાં સિદ્ધાર્થ નામનો યુવાન પણ હતો – આ રીતે નાયક-નાયિકાના મિલન માટેની ભૂમિકા રચાઈ. સિદ્ધાર્થ અને રેણુકા બંનેને કાવ્યસાહિત્યનો શોખ – આ શોખ તે બંનેને નિકટ લાવવામાં મદદરૂપ થાય છે. બંને વઢવાણ આવે છે. રેણુકાના પિતાએ પુત્રી માટે એક યુવાન પસંદ કરી રાખ્યો હતો, પણ હવે રેણુકાની સામે સિદ્ધાર્થ.

રાણકના મંદિર પાસે સૂકી ભોગાવો. સિદ્ધાર્થ રેણુકાને રાણકની કથા કહે છે. વાર્તા કહેતાં કહેતાં સિદ્ધાર્થ રેણુકામાં ખોવાઈ ગયો. આ વર્ણન કેવી રીતે થયું છે તે જુઓ :

‘સિદ્ધાર્થ રેણુકાના ચમકતા મોઢાને જોઈ રહ્યો. લીલા રંગનું સ્કર્ટ અને ઉપર એણે તસતસતું મોરપીંછ રંગનું બ્લાઉઝ પહેર્યું હતું. એના ખુલ્લા વાળમાં રેશમની ચમક હતી. એના નાજુક હોઠમાં જૂઈનાં ફૂલની કુમાશ હતી. એના મોરપીંછ બ્લાઉઝની પછવાડે રેણુકાની અબોટ જુવાની જાણે થનગનતી હતી.’

આમ સિદ્ધાર્થ રેણુકાના રૂપે મોહી પડ્યો. સાથે રાણકદેવીનો કરુણ ઇતિહાસ. વાર્તાના અન્તને સમજવા માટે આ ઇતિહાસ જાણવો જરૂરી છે. સિદ્ધરાજ

બળજબરીથી રાણક સાથે પરણવા માગતો હતો. પણ રાણક?

'રેણુકા, કહેવાય છે કે આપણે ઊભા છીએ તે નદીનો અર્ધો પટ હતો. આ ગઢ દેખાય છે ત્યાંથી પાણી શરૂ થતું હતું. ચિતા ખડકીને રાણકદેવીએ એની જાત હોમી દીધી... સિદ્ધરાજે રાણકદેવીનાં કુમળાં બાળકોની હત્યા કરી, ને વઢવાણનાં લોકોએ પણ એક જાતનો વિશ્વાસઘાત કર્યો, તો આ અન્યાયની આગ રાણકદેવીના હૃદયમાં હતી, અને ચિતા પર ચડી એણે જમણા પગના અંગૂઠામાંથી આગ કાઢી ને ચિતા પ્રકટાવી. અને મરતાં મરતાં એણે શાપ આપ્યો, બીજાનાં વિશ્વાસઘાત અને પાપને કારણે એણે આ નિર્દોષ ભોગાવો નદીને સજા આપી કે આ નદીમાંનું પાણી અર્ધું થઈ જશે, તો જો આજે પાણી કેટલું ઓછું છે? અને તેય વર્ષે બે મહિના માંડ રહે છે.'

આ તો કથા – એક કાનેથી સાંભળીને બીજા કાને કાઢી નાખવાની, પણ એ કથા રેણુકાના કાનમાંથી સીધી હૃદયમાં પહોંચી અને એની આંખે પાણી.

આમ આપણી આગળ બે વ્યક્તિતા ઊભરી. રાણક સાથે રેણુકાની એકરૂપતા જાણે સિદ્ધ થઈ. સિદ્ધાર્થને પ્રશ્ન થયો કે રાણક કેવી દેખાતી હશે? અહીં તે જાણે મનોમન રેણુકાનો વિચાર કરતો હશે. સાથે સાથે જ રેણુકાને સંભળાવતો હતો – 'રેણુકા, તારા જેવું રૂપ મેં કોઈનુંય જોયું નથી.' અહીં રેણુકા માટેની આસક્તિ વરતાય છે. નાયિકા સાવ ભોળી, એટલે જ તે સિદ્ધાર્થની દેહાસક્તિને પામી શકતી નથી અને ગાલ પરના લાખાની સાથે પોતાના જમણા સ્તન પરના લાખાની વાત કરે છે. દુષ્યન્તના ગોત્રનો આ સિદ્ધાર્થ હવે આ બીજા લાખાને જોવા આતુર બન્યો. રેણુકા ભોળી હતી અને એટલે જ ઉન્મત્ત બનીને બોલી પડી, 'સિદ્ધાર્થ, આ જો તો, હું કેવી ગાંડી થઈ ગઈ છું. મારા જેવી શરમાળ વ્યક્તિ આમ કેવી રીતે તારી સામે ઊભી છે! પણ જો ને, તેં મારામાં કેવો એક વિશ્વાસ ઊભો કર્યો છે, કે મને બીજી કોઈ વાતની ચિંતા કે પરવા નથી.'

અને પછી તો જે બનવાનું હતું તે બની જ ગયું – બંનેનાં શરીર-મન એકાકાર.

હવે વાર્તા આગળ કેવી રીતે વધે? હિંદી સિનેમામાં બનતી ઘટના અહીં પણ જોવા મળશે. અમેરિકામાંથી ડૉક્ટર થઈને આવેલી શિલ્પા સાથે લગ્નનું ગોઠવાઈ ગયું. સિદ્ધાર્થને ભૌતિક સુખ સ્પર્શી ગયું, રેણુકા પળવાર માટે પણ યાદ ન આવી.

જરાય વસવસા વિના પુરુષસમાજના પ્રતિનિધિ સિદ્ધાર્થે મન મનાવી લીધું. 'વળી આમ જુઓ તો અમારી છ દિવસની ઓળખાણ. હું મારી જિંદગીમાં પરોવાઈ ગયો છું તેમ એ એની જિંદગીમાં પરોવાઈ ગઈ હશે.'

વાર્તાના આરંભે રેણુકા હતી, હવે મધ્યાન્તરે સિદ્ધાર્થ. પરમ્પરાગત કથાવાર્તાની જેમ વચ્ચે વરસોનાં વરસો વહી ગયાં. 'અમેરિકામાં પાંત્રીસ વર્ષ કેવાં પવનવેગે ઊડી ગયાં!' હવે તો સિદ્ધાર્થને પૌત્ર પણ. એના વાળ ઉતરાવવા બહુચરાજી

લઈ જવાનો હતો – એ બધું પત્યા પછી સિદ્ધાર્થ વઢવાણ જઈ પહોંચ્યો. અહીં ફરી રેણુકાનો ભેટો થયો – કોઈને અહીં કાકતાલીયતા વરતાય – પણ આ બેને ભેગાં કરવા માટે લેખક પાસે બીજો કોઈ ઉપાય ન હતો.

મંદિરના પગથિયે જ રેણુકા ભટકાઈ. 'ત્યાં ઉપરથી કોઈ લીલી સાડી પહેરેલી જાજરમાન સ્ત્રી પગથિયાં નીચે ઊતરતી હતી. જેમ એ સ્ત્રી નજીક આવતી ગઈ તેમ સિદ્ધાર્થે જોયું કે કોઈ પચાસ કે સાઠ વર્ષની સ્ત્રી હતી, પણ આંખોમાં કેવું તેજ હતું!' યુવાન રેણુકાની આંખો જેવી હતી તેવી અત્યારે પણ હતી.

બંને વચ્ચે ઔપચારિક વાતો. સિદ્ધાર્થ રેણુકાનો હાથ પકડવા ગયો. 'પ્લીઝ ડોન્ટ ટચ મી, એવર!'

હવે રેણુકા પોતાની વાત કરે છે, જાતે કહેવા સિવાય તેની પાસે બીજો કોઈ ઉપાય ન હતો.

'તારા લગ્નના સમાચાર સાંભળીને હેબતાઈ ગઈ. અને ત્યારે જ મને ખબર પડી કે હું પ્રેગ્નન્ટ છું.' ગર્ભપાત કરાવવા કોઈ તૈયાર નહીં – એટલે છેવટે ક્વિનાઇનની પચાસ ગોળી ખાઈ ગઈ. ગર્ભપાત તો થયો અને ગર્ભાશય કાયમ માટે ખતમ.

ફરી રેણુકાની વેદના પ્રગટી, 'સિદ્ધાર્થ, મારા એ કુમળા બાળકનો હત્યારો તું છે.' મારા આત્માની એ દિવસે આ ભોગાવોના કિનારે રાખ થઈ ગઈ. માત્ર શરીર બચ્યું છે અને દર વર્ષે આ તારીખે હું વઢવાણ આવું છું, લીલી ચૂંદડી પહેરીને આવું છું, અને મારા અકાળે મૃત્યુ પામેલા બાળકની શાંતિ માટે રાણકદેવીને પ્રાર્થના કરું છું... જસ્ટ નેવર એપિયર અગેઇન ઇન માય લાઇફ... તમે વઢવાણના લોકો જન્મોજન્મથી રાણકદેવીનો વિશ્વાસઘાત કરો છો... જો જરા ગઢની રાંગની બહાર નજર કર. ભોગાવોમાં જે થોડુંઘણું પાણી પાંત્રીસ વર્ષ પહેલાં હતું તે સાવ સુકાઈ ગયું. તારા પાપ અને તારા વિશ્વાસઘાતની સજા બિચારી આ નિર્દોષ નદીએ ફરી ભોગવવી પડી.'

અહીં રેણુકા જાણે સમસ્ત સ્ત્રીજાતિ વડે વિશ્વાસઘાતી પુરુષો પર આરોપ મૂકે છે. તેના વ્યક્તિત્વ આગળ સિદ્ધાર્થનું વ્યક્તિત્વ સાવ પામર સાબિત થયું. રેણુકાએ ધાર્યું હોત તો લગ્ન કરી શકી હોત. પણ ના, એની વેદનામાં હવે કોઈનો સમાસ કરવા માગતી ન હતી.

આ આખી વાર્તા ચીલાચાલુ વિષયવસ્તુવાળી હોવા છતાં રેણુકાના વ્યક્તિત્વને કારણે એક ગણનાપાત્ર વાર્તા બને છે.

❑

# 'અજ્ઞાત'

રેખા બૈજલ, અનુ. વિજય સેવક

બ્રહ્મમુહૂર્તનો સમય હતો. આશ્રમનાં બધાં શિષ્યો જાગીને પોતપોતાનાં કાર્યમાં લાગી ચૂક્યાં હતાં. કોઈ ગાય દોહતું હતું તો કોઈ કચરો વાળતું હતું. મોટાં શિષ્યો નાની ઉંમરનાં શિષ્યોને તૈયાર કરતાં હતાં.

ગુરુમાએ ચૂલો પેટાવીને દૂધ ઊકળવા મૂકી દીધું હતું. સૂર્યોદય થતાં પહેલાં તો બધાં શિષ્યો સભામંડપમાં ભેગાં થઈ ગયાં. તેમણે મંત્રોચ્ચારનો પ્રારંભ કરી દીધો. એ પછી પ્રાતરાસ (અલ્પાહાર) કરીને બધાં ક્ષેત્રમમાં (ખેતરમાં) જવાનાં હતાં. ત્યાંથી પાછાં આવીને અધ્યયનપ્રવૃત્તિમાં જોતરાવાનાં હતાં. આ જ તેમની દિનચર્યા હતી.

પણ... જ્યાં તેમનાં જવાનો સમય થયો ત્યાં કોઈ અભ્યાગતનો પગરવ સંભળાયો. તે અઢાર-વીસ વર્ષના એક યુવકનો હતો. એણે સાદાં વસ્ત્ર ધારણ કર્યાં હતાં. પગ ઉઘાડા હતા. ખભા ઉપર એક થેલો લટકતો હતો. તેમ છતાં તેના ચહેરા ઉપર તેજ ઝળકતું હતું. આંખોમાં આત્મવિશ્વાસની આભા હતી. તેનું વિશાળ લલાટ તેની બુદ્ધિમત્તાનું દ્યોતક હતું. તેના શારીરિક હાવભાવ અને ખાસ કરીને તેની તેજસ્વી આંખોથી આત્મવિશ્વાસ પ્રગટ થતો હતો. બધાં શિષ્યો ઉત્સુકતાવશ તેને જોઈ રહ્યાં.

એ થોડો વિચલિત થયો. આચાર્યનું ધ્યાન તેની તરફ ગયું. યુવકના ચહેરા પર થોડું સ્મિત ફરક્યું અને તેણે તત્પરતાથી આચાર્યની નિકટ જઈ તેમનાં ચરણોમાં પોતાનું શીશ નમાવ્યું. આચાર્યએ આશીર્વાદ આપ્યા અને તેના મસ્તક ઉપર હાથ મૂક્યો.

'કોણ છે તું?' આચાર્યએ પૂછ્યું.

'એ જ તો મારે જાણવું છે – કોણ છું હું? એટલે જ આપની પાસે આવ્યો છું.

'આચાર્ય, હું નીચી જાતિનો છું. મારા પિતા એવી વ્યક્તિ છે કે જેમના નામની ત્રીજી વ્યક્તિને ખબર સુધ્ધાં ના હોય. આચાર્ય, કેવળ મા ઉપરના અટલ વિશ્વાસને કારણે જ હું કહી શકું કે હું તેમના બીજથી અવતર્યો છું; એટલે જ એમનો પુત્ર કહેવાઉ છું... અન્યથા...'. એ થોડો અચકાયો. બધાં શિષ્યો આશ્ચર્યવત્ તેની સામે

જોઈ રહ્યાં હતાં. તેનાં બે વાક્યોથી જ તેમને ખ્યાલ આવી ગયો હતો કે આ યુવક સામાન્ય નથી.

'હા, હા... સંકોચ ન કર. કહી દે.'

'આચાર્ય, મારામાં અને એમનામાં ધરતી-આકાશનો ભેદ છે. શારીરિક ગુણસૂત્રોને કારણે ભલે એ મારા પિતા હોય, પરંતુ સ્વભાવસૂત્રોથી એ જરા પણ નથી. કીચડના અંધકારમાં સળવળતા કીડા જેવા છે એ. પણ... એ જ અંધકારમાં હું સૂરજનાં સપનાં જોઉં છું. મારા પિતા તો જીવનપ્રકાશના એક કિરણમાત્રથી ભડકી ઊઠે છે.

'મેં મારી માને પૂછ્યું તો એની આંખો અશ્રુથી છલકાઈ ગઈ. એ કાંઈક કહેવા જતી હતી પણ એ કાંઈ જ ન કહી શકી. એને શબ્દો જ ન મળ્યા. એ નિઃસહાય હતી...

'મા, હું કોણ છું એ પ્રશ્નનો ઉત્તર તું ન આપી શકે તો કાંઈ નહીં, પણ તું કોણ છે એ તો કહી શકીશ ને?' મારા આ ઔચિત્યપૂર્ણ પ્રશ્નના ઉત્તરમાં તેણે પોતાનું વસ્ત્ર થોડું ખસેડીને પોતાનો બરડો અને ખભો બતાવ્યા. ત્યાં ઊંડા ઘાનાં ચિહ્ન હતાં. પોતાની અક્ષમતાના આલેખ મારા પિતાએ માના બરડા પર અંકિત કર્યા હતા.'

'દીકરા, હું તો ભાંગી ચૂકી છું. જે કાંઈ બચ્યું છે તે માત્ર દુઃખ અને પીડા. આ પીડામાં હું તો ઓગળી ચૂકી છું. વીખરાઈ ગઈ છું. મારી પોતાની ઓળખ છે જ ક્યાં? હવે તો આ ચિહ્નો – આ ઘા જ મારી ઓળખ છે.'

'આચાર્ય, એ સમયે મને થયું કે હું પોક મૂકીને રડું. માની વિવશતા... આ સ્વભાવસૂત્ર મારાં નથી એવું મને પ્રતીત થયું. આ સમજાતાં... મને લાગ્યું કે... એ ક્ષણે જ હું અનાથ થઈ ગયો.

પણ...

હું વિચારતો કે, હંમેશાં મારા મનમાં સૂર્યોદયનાં સપનાં કેમ ઊગે છે? મનના અજ્ઞાત ખૂણામાં કઈ શોધ મને સાદ પાડે છે? કઈ ઊર્જા મને જંપવા દેતી નથી? કઈ ઊર્જા મારા દેહને ઊડવાનું આવાહન કરે છે? મારી શોધ શેની છે એ મને સમજાતું નથી, આચાર્ય. એટલે જ મેં ગૃહત્યાગ કર્યોઃ સંબંધો તોડી નાંખ્યા; અને અનાથ થઈને શોધના માર્ગે નીકળી પડ્યો...

'ઘણાં લોકોના મુખે આપની અને આપના આશ્રમની પ્રશંસા સાંભળી હતી એટલે આપની પાસે આવ્યો છું.

'બસ... મારા વિશે કહેવા માટે મારી પાસે આટલું જ છે.

'આપ મને આપનો શિષ્ય બનાવશો? મને માર્ગ બતાવશો?' – એણે હાથ જોડીને કહ્યું.

આચાર્યના હોઠ પર સ્મિત જોવા મળ્યું. તેની ભેગી થયેલી બે હથેળીઓ વચ્ચે થોડી જગ્યા રહી ગઈ હતી જેમાંથી તેનો નમ્ર 'હું' ગમે ત્યારે બહાર જઈ શકે એમ હતો. એ ન તો પૂર્ણપણે શરણાગત હતો; ન હીન, દીન, કે લાચાર. એ આત્મવિશ્વાસથી આચાર્યની સામે જોઈ રહ્યો. એની આંખોમાં પડકાર તો નહોતો પણ ઊંડાણ સુધી પહોંચવાનું સામર્થ્ય હતું.

બધાં શિષ્યો આશ્ચર્યવત્ હતાં. તેમનાં મનમાં તોફાન ચાલી રહ્યું હતું.

'તને એવું લાગે છે કે હું તારો શિષ્ય તરીકે સ્વીકાર કરીશ?'

'આચાર્ય, મારાં માતા-પિતા 'ગુરુકુળ' શબ્દથી અપરિચિત હતાં. પણ મારા મનમાં 'અજ્ઞેય'ને શોધવાની ઇચ્છા છે... આશા છે.'

'અજ્ઞેયને તું જાણી શકીશ? જ્ઞાત અને અજ્ઞાતથી પર જે અજ્ઞેય છે એને શોધવાના પ્રયત્ન ઘણાંએ કર્યા છે. કેટલાક અજ્ઞાતને જાણી શક્યા છે, પણ અજ્ઞેયને નહીં.' આચાર્યએ પરિભાષા કહી.

'અજ્ઞાત જાણ્યા પછી તે જ્ઞાત થાય છે, પણ અજ્ઞેય પર – પર જ રહે છે.'

'કૃપા કરીને મને અહંકારી ન સમજો પણ એ અજ્ઞેયના માર્ગે હું થોડા ડગ તો ભરું. ભલે હું અન્યોની જેમ નેતિ-નેતિ કહું પણ એ શોધ મારે માટે અતિ આવશ્યક છે. મને જે પ્રશ્નો સતાવે છે તેના થોડા ઉત્તર તો પ્રાપ્ત થાય અથવા તો મને એ સમજાય કે આ પ્રશ્નો અનુત્તરિત છે. આપ જેવી પ્રગલ્ભ વ્યક્તિ જ મને માર્ગ બતાવી શકે છે.'

આચાર્ય તેની સામે જોઈ રહ્યા. સંદિગ્ધતા અને અસંદિગ્ધતા – બંનેનો એણે સ્વીકાર કર્યો હતો. અને જે શોધમાં મન આટલું સમતોલ હોય ત્યાં હાર-જીત હોતી નથી. હોય છે માત્ર પરિણામનું જ્ઞાન. તેની બુદ્ધિએ દરેક પાસાનો વિચાર કર્યો હતો અને સ્વીકાર કર્યો હતો.

'સારું. તું આશ્રમમાં રહે. હું તને પરખીશ અને તત્પશ્ચાત્ નિર્ણય કરીશ કે તને શિષ્ય બનાવવો કે નહીં.'

'આચાર્ય, મારી જાતિ...' એ અચકાતાં-અચકાતાં કાંઈક કહેવા ગયો.

'ના, વત્સ. આ આશ્રમમાં જાતિભેદ નથી. આશ્રમની સીમા બહારથી જ બધા ભેદ સમાપ્ત થઈ જાય છે. અંદર આવે છે માત્ર મનુષ્ય અને તેની સંવેદના. એ સંવેદનાનો જ અહીં ઉઘાડ થાય છે, એ સંવેદનાને જ અહીં નિખારવામાં આવે છે...

હવે આપણે કૃષિકર્મ માટે ક્ષેત્રમમાં જઈશું. ચાલો. પણ... એ પહેલાં એક વાર ગુરુમાતાનાં ચરણસ્પર્શ કરીને આવો.'

એ થોડો અચકાયો.

'વત્સ, સૌથી મોટી શક્તિ માતૃશક્તિ છે. એના આશીર્વાદ આપણામાં પ્રેમ

અને મમતાનું સિંચન કરે છે. આપણી ચારે બાજુ એક સુરક્ષિત કવચનું નિર્માણ થાય છે. ભગવાનના મંદિરમાંની અખંડ જ્યોતની જેમ જ તેની સૌમ્ય ચેતના હોય છે જે હૃદયના અંધકારને દૂર કરી દે છે. જાઓ, તેનાં ચરણસ્પર્શ કરો. આશીર્વાદ લો...

પણ જરા કહે તો તારું નામ શું છે?'

'મેઘન...' એણે પોતાનું નામ કહ્યું.

'મેઘન..., કોઈને નમવાથી આપણે નાના નથી થઈ જતાં. આ કરોડરજ્જુ માત્ર ટટ્ટાર ઊભા રહેવા માટે જ નહીં, નમવા માટે પણ છે. તારા શોધમાર્ગ માટે તને ઘણાંના આશીર્વાદની આવશ્યકતા રહેશે.'

'મારી ઉંમર નાની છે એટલે હું નમું?'

'માત્ર તું નાનો છે એટલે નહીં, પણ આ અનંત સૃષ્ટિનું ઘણું મર્યાદિત જ્ઞાન આપણને છે. બાકી આપણે અજ્ઞાની જ છીએ. આપણે જ્ઞાની હોવાનો ભલે દાવો કરીએ, પણ આ સૃષ્ટિનું માત્ર ચપટીભર જ્ઞાન આપણને છે. 'હું જ્ઞાની છું' એમ કહેનાર મહાઅજ્ઞાની હોય છે. કેટલીયે વાર જે આપણને જ્ઞાત નથી તે અન્યને જ્ઞાત હોય છે. એટલે તે જ્ઞાનના પ્રદાતા આપણા ગુરુ હોઈ શકે છે. અને...

'શરીરની સાથોસાથ આપણી વૃત્તિઓ પણ ઝૂકે છે. આપણો અહંકાર ઓગળે છે. આપણી આંખો ઉપર અહંકારનાં પડળ/પાટા હોય ત્યાં સુધી જ્ઞાન બુદ્ધિ સુધી જ સીમિત રહે છે. એ મનની ભીતર પ્રવેશતું નથી.'

'એટલે?...'

'એટલે કે જ્ઞાન બુદ્ધિની સપાટી સુધી સીમિત રહે તો તે વ્યક્તિ સુધી જ સીમિત રહે છે. પણ જો તે મનસ્થ થાય તો તે પાણીની જેમ ખળખળ કરતું અન્ય લોકોનાં મન સુધી ભીતર પ્રવેશે છે. અહંકારની વાત કરું તો અહંકાર પાષાણ જેવો છે. પાષાણમાં જેમ બીજ પાંગરતું નથી તે જ પ્રમાણે અહંકારમાં પ્રેમ નથી પાંગરતો. બુદ્ધિ અહંકારને વધુ પુષ્ટ કરે છે.'

'અહંકારનો ત્યાગ એટલે 'હું'ને ભૂલી જવો?' મેઘને પૂછ્યું.

'ના, મેઘન. આ તો એકદમ વિરુદ્ધ છે. જ્યારે આપણે 'હું' સંબોધન કરીએ છીએ ત્યારે તે 'હું'માં ઘણાં લોકો, વસ્તુઓ, અને સાધનોનો સમાવેશ હોય જ છે. આપણે આપણી ઓળખ તે ભૌતિક અને બાહ્ય વસ્તુઓથી, વ્યક્તિઓથી જ બનાવીએ છીએ. તે ઓળખ રેતીની જેમ વેરાઈ જાય છે. જો 'હું'ની શોધ કરવી હોય તો બાહ્ય વસ્તુઓ ભૂલીને આત્મા તરફ ગતિ કરવી. પોતાની જાતને – 'સ્વ'ને પામીને – તેને નિસર્ગમાં હોમી દેવી. તું જેટલો નિસર્ગમાં એકાકાર થશે તેટલો જ તારા અસ્તિત્વનો વિસ્તાર થશે.'

મેઘન મુક્ત મને હસ્યો. તેણે તેમનાં ચરણસ્પર્શ કર્યાં.

અન્ય વિદ્યાર્થીઓ તેમના સંભાષણને આશ્ચર્યથી સાંભળી રહ્યા હતા. આવી વાતો તેમણે આચાર્ય જોડે ક્યારેય કરી જ નહોતી. મેઘન સર્વથી નિરાળો છે એ તેઓ સમજી ચૂક્યા હતા.

મેઘને ગુરુમાતાનાં ચરણસ્પર્શ કર્યાં.

'નવા વિદ્યાર્થી છો?...' ગુરુમાતાએ પૂછ્યું.

'જી, માતા.'

'સારું, આ દૂધ અને પ્રાતસાર ગ્રહણ કરો. ક્ષેત્રમમાં જવાનો સમય થયો છે.

ગુરુમાતાએ ન તો તેનું નામ પૂછ્યું કે ન ઠામ-ઠેકાણું. પોતાની સામે એક બાળક ઊભું છે અને તેને ભૂખ લાગી છે એટલું જ પર્યાપ્ત હતું.

ક્ષેત્રમમાં બધા વિદ્યાર્થીઓ કામે લાગી ગયા. બાળકોને તેમની વય અનુસાર કાર્ય સોંપવામાં આવ્યું હતું.

'મેઘન, તું વૃક્ષની સુકાયેલી ડાળીઓ તોડીને લઈ આવ. આ રહી કુહાડી.'

'જી, આચાર્ય.'

મેઘન કામમાં પરોવાઈ ગયો. મેઘન લહેરાતા પાકને જોઈ રહ્યો હતો. પવન પાકને ડોલાવતો હતો.

'શું જુએ છે, મેઘન?'

'આપના કથનાનુસાર આ છોડવાં અદશ્ય શક્તિમાં લીન થઈ ગયાં છે. એ શક્તિના આલિંગનમાં લહેરાઈ રહયાં છે.'

'મેઘન, તું કવિતા લખે છે?'– આચાર્યએ પૂછ્યું.

'જી ના, આચાર્ય. હું તો કશું જ કરતો નથી, પણ ઘણુંબધું કરવા માંગું છું. મારું મન અસ્વસ્થ થઈ જાય છે. મને ઘણા માર્ગ દેખાય છે. એ સંકેત આપે છે. એમાંથી કોઈ એક માર્ગે મારે જવાનું છે.... કોઈ એક માર્ગની મને શોધ છે.'

આચાર્યએ મેઘનની પીઠ થાબડી.

'તું અવશ્ય શોધી શકશે. આશ્રમમાં એકાધિક દર્શન... જ્ઞાનમાર્ગનો તને વિષદ પરિચય થશે. પ્રતિભાવાન જ્ઞાનીઓનાં તત્ત્વજ્ઞાનમાંથી કોઈ એક તો તને સ્પર્શી જશે.'

'હં...' મેઘને આકાશ સામે જોઈને કહ્યું. એ જાણે આકાશમાં ખોવાઈ ગયો હતો.

એ સાંજનો સૂર્ય તેની આંખોમાં સમાઈ ચૂક્યો હતો.

રાતનો સમય હતો. સારી એવી ઠંડી હતી. તાપણું પેટાવીને આચાર્ય અને શિષ્યો તેની ફરતે બેઠાં હતાં. સમય પસાર થતાં ધીમે-ધીમે બધાં બાળકો સૂવા જતાં રહ્યાં. માત્ર આચાર્ય અને મેઘન જ રહ્યા.

મેઘન તાપણામાં એક પછી એક ડાળખાં નાંખતો હતો. શી ખબર કઈ સ્મૃતિ એને સતાવતી હતી. એની અકળામણ – વ્યગ્રતા એના ચહેરા પર દેખાતી હતી. જાણે એ તેનાથી છૂટવા માંગતો હોય તેમ અગ્નિની જ્વાળામાં ઘાસનાં તણખલાં પણ ફેંકતો હતો.

'શું થયું, મેઘન? અતિ વ્યગ્ર છે!'

'જી, આચાર્ય. જીવનની કટુ સ્મૃતિઓને સમિધાની જેમ અગ્નિમાં હોમી દેવા માંગું છું, પણ કોઈ-કોઈ યાદ તેની ઝેરીલી ફેણ ઊંચી કરે છે... અને મારાં રૂંવાં ઊભાં થઈ જાય છે.'

આચાર્ય આશ્ચર્યથી એના તરફ જોઈ રહ્યા.

'આટલી નાની ઉંમરમાં જિંદગીના કયા કટુ અનુભવ તને થયા છે?' એમણે પૂછ્યું.

'આચાર્ય, ગરીબ અને સામાન્ય કુળની વ્યક્તિને જીવનની ઓળખ બહુ જલ્દી થઈ જાય છે. રોજેરોજ જીવન કોઈ નવો થાળ લઈને આવે છે. કમનસીબી એ છે કે એમાં પકવાન નથી હોતાં; દુઃખ, દર્દ અને સંકટ જ હોય છે.'

'મેઘન, આ દુનિયામાં માત્ર તું જ નિર્ધન નથી, ઘણાંબધાં છે; પણ તેઓ જીવન પ્રત્યે આશાવાદી હોય છે.' આચાર્યએ સમજાવ્યું.

'આચાર્ય, જેણે રોજેરોજ પિતાજીની લાત ખાવી પડતી હોય એ જીવન પ્રત્યે કટુતા જ ધરાવતો હોય ને?'

'મેઘન, કોઈ એક વ્યક્તિનો આવો અનુભવ હોય તો દરેકને આવો જ અનુભવ હશે એવું માનવું યોગ્ય નથી. તું પ્રેમ ઉપર વિશ્વાસ રાખ.'

આચાર્યની વાત સાંભળીને મેઘનની હોઠ કાંપી ઊઠ્યા.

'આચાર્ય, પ્રેમનો અનુભવ જ મને આ શોધ સુધી લઈ આવ્યો છે.' મેઘને થોડું અચકાતાં-અચકાતાં કહ્યું.

'શું...! તું અને પ્રેમ!? આ ઉંમરે?'

'જી આચાર્ય, પ્રેમ કદાચ મારી આવશ્યકતા હતી. હું મારા ગામની એક છોકરીને પ્રેમ કરતો હતો.'

'પ્રેમ કરવો કોઈ દોષ નથી, મેઘન.' આચાર્ય.

'મારા જેવા માટે છે. આપણા આશ્રમમાં જાતિ જેવું કાંઈ નથી, પણ આશ્રમની બહારના વિશ્વમાં તેનું ઘણું મહત્ત્વ છે...

'હું તારા વગર જીવી નહીં શકું' – એવા તેના શબ્દ મને આનંદ આપતા. પણ... આવું કહેનાર એક દિવસ શરણાઈના સૂર સાથે કોઈ અન્ય વ્યક્તિના ઘરે ચાલી ગઈ...

જ્યારે એ પ્રેમની વાતો કરતી ત્યારે એમ લાગતું કે જીવનનો કોઈ અર્થ મને સાંપડયો છે. એ મારી સામે જોતી ત્યારે મને લાગતું કે આખું આકાશ મને મળવા આવી ગયું છે. અતિ પવિત્ર અને પ્રબળ ભાવનાનો હું અનુભવ કરી રહ્યો હતો. પણ...

પ્રેમથીયે પ્રબળ હતા પૈસા, જાત-પાત જેવી માન્યતાઓ. પ્રેમના દંશને કારણે જ પ્રેમ પરનો મારો વિશ્વાસ ઊઠી ગયો.'

આ બોલતાં-બોલતાં મેઘનની આંખોમાં આંસુ છલકાયાં. એણે એકસાથે અગ્નિમાં ઘણાં ડાળખાં નાંખ્યાં. એ જાણે પોતાની યાદોને પ્રજ્વલિત કરતો હતો.

એના હૃદયની પીડાને આચાર્ય સમજી શકતા હતા.

'મેઘન... તું તારી દૃષ્ટિએ આ ઘટનાને મૂલવી રહ્યો છે. એ પ્રેમિકાની નજરે જો. એ બાલિકા પરના પ્રતિબંધ, એની પરતંત્રતા, અસહાયતા અંગે વિચાર. તારા માટે તે પોતાના સંબંધીઓ જોડે ઝઘડી હશે. એનાં લગ્નની પીઠી નીચે પણ ઊંડા ઘા હશે. શરણાઈના સૂર પાછળ ઘણાં ડૂસકાં દબાયેલાં હશે. જે પ્રેમને એ ભગવાનની ભેટ સમજતી હતી એ પ્રેમ તેને માટે અભિશાપ થઈ ગયો હશે... તારી માની જેમ સ્ત્રીઓ સમાજમાં મોઢું બંધ કરીને જીવતી હોય છે.

અને... બીજી વાત એ કે, પ્રેમ પ્રેમની જગ્યાએ છે અને લગ્ન લગ્નની જગ્યાએ. લગ્ન થઈ ગયું એટલે પ્રેમ ઓછો થઈ ગયો એમ તો હોતું નથી. પ્રેમનું એક અદૃશ્ય સ્વરૂપ છે... મમતાનું. એ મમતાને ન નકારો. સમગ્ર સૃષ્ટિમાં નર અને માદાનું સહજીવન માત્ર સીમિત કાળ માટે હોય છે. કેવળ પ્રજનનના માધ્યમથી સૃષ્ટિના નિયમના પાલન માટે. એ પછી પ્રારંભ થાય છે મમતાની જિંદગી... એ મા પોતાની જાતને હોમી દેશે, સર્વસ્વ હોમી દેશે, પણ બાળક માટે જીવશે. સિંહના મોઢામાં પોતે જશે પણ પોતાના બાળકને બચાવશે. આ સમગ્ર વિશ્વના અસ્તિત્વનું કારણ વાત્સલ્ય અને મમતા જ છે.'

આચાર્યની સમજાવટ પછી મેઘનને ખ્યાલ આવ્યો કે તેનું વિચારવું યોગ્ય નહોતું. તેની દૃષ્ટિ સ્વાર્થપરક હતી.

...અને આવેગવશ એણે અગ્નિમાં જરૂર ન હોવા છતાં ડાળખાં નાંખી જ દીધાં.

'કેમ? હવે શું થયું?'

'મેં મારો અહંકાર વિસર્જિત કર્યો. આ અહંકારને કારણે જ કદાચ મારો અને માનો સંબંધ સ્થાપિત ન થઈ શક્યો. એની પરાજિત અવસ્થા અંગે હું કાંઈ વિચારી જ ન શક્યો. હું અભાગિયો છું.'

મેઘનના ગાલ પરથી આંસુ વહી રહ્યાં હતાં. એ હીબકાંભેર રડતો રહ્યો...

દિવસો પસાર થઈ રહ્યા હતા. મેઘન વિદ્યાની સાથોસાથ જીવનના નૂતન અનુભવ અર્જિત કરી રહ્યો હતો.

એક દિવસ આચાર્યએ વિદ્યાર્થીઓની પરીક્ષા લીધી. વિદ્યાર્થીઓ વ્યવહાર, જ્ઞાન અને નીતિ વચ્ચે કેવી રીતે સામંજસ્ય સાધે છે એ તે જોવા માંગતા હતા.

'જીવનમાં સૌથી વધુ મૂલ્યવાન શું છે?' આચાર્યએ પૂછ્યું.

એકે કહ્યું, 'જ્ઞાન. આચાર્ય, જ્ઞાન. એને કારણે જ તો મનુષ્યની આગવી ઓળખ છે.'

'તથાસ્તુ. જ્ઞાની ભવતુ.' આચાર્યએ આશીર્વાદ આપ્યા.

બીજા શિષ્યએ કહ્યું, 'યોગ્ય માર્ગે કમાયેલું ધન જેને લક્ષ્મી કહે છે. આ ઐશ્વર્ય સુખદાયક છે, પ્રતિષ્ઠા અર્પે છે. આપણને દાનવીર બનાવે છે.' 'દાનવીર ભવતુ.' આચાર્યએ આશીર્વાદ આપ્યા.

'મેઘન, તને જીવનમાં શું શ્રેષ્ઠ લાગે છે?'

'આચાર્ય, મારી દૃષ્ટિએ તો... જીવન સ્વયં સર્વશ્રેષ્ઠ છે.' મેઘને કહ્યું.

'શું, જીવન?'

'જી, જો જીવિત હોઈએ તો અલગ-અલગ માર્ગ અપનાવી શકાય છે. ધનનો ઉપભોગ કરી શકાય છે. ભાવનાઓનો અનુભવ કરી શકાય છે. દુઃખ અને સંકટોનો પ્રતિકાર કરી શકાય છે. અપરિમિત યશનો આનંદ પ્રાપ્ત કરી શકાય છે. આ શ્વાસની આવન-જાવન જ સર્વસ્વ/સર્વશ્રેષ્ઠ છે. જો શ્વાસ ન હોય – જીવન ન હોય તો આ સમગ્ર વિશ્વ આપણાં માટે મૃત છે.'

જવાબ સાંભળીને ચિંતન કરતા હોય તેમ આચાર્યએ પોતાની આંખો બંધ કરી. થોડી ક્ષણો પછી આંખો ખોલી અને બીજો પ્રશ્ન કર્યો.

'હવે બીજો પ્રશ્નઃ માનો કે... એક નાવમાં તમે અને તમારા સંબંધી બેઠા છો. દુર્ભાગ્યવશ એ નાવ ડૂબવા માંડી તો તમે સૌથી પહેલાં કોને બચાવશો?'

વિદ્યાર્થીઓના ઉત્તર જુદા-જુદા આવ્યા. કોઈ પહેલાં માને તો કોઈ પિતાને બચાવવા ઇચ્છતું હતું.

'મેઘન, તારો ઉત્તર શો છે?'

'આચાર્ય, સર્વપ્રથમ હું મને જ બચાવીશ.'

'આ સ્વાર્થ છે.' અન્ય વિદ્યાર્થીઓ બોલી ઊઠ્યા.

'હા, પણ જો હું બચું તો જ અન્યને બચાવી શકીશ ને?' મેઘને કહ્યું.

'યોગ્ય છે. સત્ય છે.' આચાર્યએ કહ્યું.

* * *

આચાર્ય પ્રાતઃ જાગીને પત્ની સાથે વાત કરી રહ્યા હતા.

'આ મેઘન તને કેવો લાગે છે, વત્સલે?'

'મેઘન? એને તો સમજવો અને સમજાવવો અઘરો છે. રસોઈગૃહમાં આવીને એટલા તો અટપટા પ્રશ્નો પૂછે છે કે મારી પાસે તેના ઉત્તર નથી હોતા. એક દિવસ પૂછે છે કે, રસોઈગૃહમાં રેશમી વસ્ત્ર પહેરીને જ કેમ રાંધવામાં આવે છે. આ વસ્ત્ર માટે કેટકેટલા કીડા મર્યા હશે.

બીજા દિવસે પૂછે કે, પરમેશ્વરે જ અનાજ ઉગાડ્યું છે તો એને જ પાછું નૈવેદ્ય કેમ ધરાવવામાં આવે છે.'

'શું કહ્યું તેં?'

'એ જ કે પવિત્રતા અને સ્વચ્છતા માટે વિશેષ વસ્ત્ર ધારણ કરવાં જરૂરી છે અને ભગવાન પ્રત્યે કૃતજ્ઞતા વ્યક્ત કરવા માટે નૈવેદ્ય ધરાવવામાં આવે છે....

પણ પરમ દિવસે તો એણે ઘણો કઠિન પ્રશ્ન કર્યો. ગ્રહણસમાપ્તિ પશ્ચાત્ મેં બધું પાણી ઢોળી દીધું. એ કૂવાનું તાજું પાણી લઈ આવ્યો. પછી મને કહે – ઝૂંપડીનું પાણી ઢોળી દેવું જરૂરી હતું?

'એ તો ઢાંકેલું હતું. કૂવાના પાણીમાં તો ગ્રહણની છાયા પ્રવેશી ચૂકી હતી. કૂવાના પાણી ઉપર જ ગ્રહણની અધિક અસર થાય ને–? હવે આવા પ્રશ્નોના ઉત્તર મને સમજાતા નથી.'

'હં...' આચાર્ય વિચારમાં પડી ગયા. આ વિદ્યાર્થી ઘણી પરંપરાનો સ્વીકાર કરતો નથી, ઊલટાનો પ્રશ્ન કરે છે.

એટલામાં મેઘન ગાય દોહીને દૂધ ભરેલું પાત્ર લઈને આવ્યો.

'મા, મને દોહતાં આવડી ગયું હવે.'

'સરસ, તું તો કોઈ પણ કાર્ય ઝડપથી આત્મસાત્ કરી લે છે ને!'

મેઘન ત્યાં જ ઊભો રહ્યો.

'કાંઈ પૂછવું છે, મેઘન?'...

'આચાર્ય, એક પ્રશ્ન છે.. .' 'બોલ.'

'શું આપણી સંસ્કૃતિમાં ત્રુટીઓ નથી?'

'હશે. પરંપરામાં, રૂઢિઓમાં ત્રુટીઓ હશે જ. પણ અત્યારે હું એટલું જ કહી શકું એમ છું કે, સમય પડખું ફેરવી રહ્યો છે, કરવટ બદલી રહ્યો છે. કેટલીક રૂઢિઓ, પરંપરા બદલાઈ રહી છે. ઇષ્ટ-અનિષ્ટ બદલાતાં રહે છે. પરિવર્તન – પરિવર્તન જ જીવનનું બીજું નામ છે.'

'આચાર્ય, ચિંતા એ વાતની છે કે આજની વ્યવસ્થા આવતી કાલની રીતિ-પરંપરા ના બની જાય – ધારણામાં ફેરવાઈ ન જાય!'

આચાર્ય મેઘન સામે આશ્ચર્યવત્ જોઈ રહ્યા હતા. તેમની સામે વીસ વર્ષનો

યુવક નહીં, પણ કોઈ વિચારશીલ, પ્રજ્ઞાશીલ પ્રૌઢ પુરુષ ઊભો હોય એમ તેમને લાગ્યું.

ગુરુમાતાએ મંદ સ્મિત કર્યું – જાણે એમ સૂચવતાં હોય કે – જોયું, વાતો કરવામાં એ આપણને કેવો માત આપે છે!

આશ્રમમાં મંત્રોનું પઠન થઈ રહ્યું હતું. પણ મેઘનનું ધ્યાન કશે બીજે હતું. એના દેહ પર કોમળ તડકો પથરાતો હતો. એ તડકાને જાણે પોતાનામાં સમાવી લેવા માંગતો હોય એમ પોતાના દેહ પર ધીમે-ધીમે હાથ ફેરવી રહ્યો હતો. તડકાને કારણે વૃક્ષોના પથરાઈ રહેલા પડછાયાને પણ ધ્યાનથી જોઈ રહ્યો હતો.

આચાર્ય તેને જોઈને નારાજ થતા હતા.

'મેઘન, તારું ધ્યાન ક્યાં છે? આ સૂર્યમંત્રનું અધ્યયન મહત્ત્વનું છે.' આચાર્યએ ઠપકો આપ્યો.

'ક્ષમા કરો, આચાર્ય,' મેઘન થોડો ઓછપાઈ ગયો... પણ, તેણે કહ્યું,

'આચાર્ય, આ મંત્રનો અર્થ સમજી ચૂક્યો છું. ભગવાન, સૂર્ય કેટલા શ્રેષ્ઠ છે એ હું જાણી ચૂક્યો છું. એમની મહત્તા સમજવી એ માત્ર બુદ્ધિગમ્ય વિષય છે. પણ એ જે મમતા, સ્નેહ, પ્રેમથી પોતાનું તેજ, ઓજસ 'ભર્ગ' આ સમગ્ર સૃષ્ટિ પર વિખેરે છે, આપણું પોષણ કરે છે એ લાગણી અને સંવેદનાનો વિષય છે. હું એ સૂર્યની ઉષ્મા, તડકાની અનુભૂતિ કરી રહ્યો છું. એ મારી શિરાઓમાં લોહીની સાથે ભળી રહ્યા છે. મારા લોહીની સાથે વિહાર કરી રહ્યા છે. 'ભર્ગો દેવસ્ય ધીમહિ' બોલતાં-બોલતાં હું અનુભવું છું – અનુભૂતિ કરી રહ્યો છું કે એ તેજ મારાં દેહ, મન, અને આત્મામાં પ્રવિષ્ટ થઈ રહ્યું છે.

ક્ષમાપ્રાર્થી છું, આચાર્ય. આપની અવમાનના કરવાનું જરા પણ વિચારી શકું નહીં; હું ઉદ્દંડ પણ નથી. પણ... આ આનંદનો આસ્વાદ લેવાનું હું ટાળી શકું તેમ નથી. જરા જુઓ તો ખરા – પ્રાતઃકિરણો નાના બાળકની જેમ કેવાં મારા ખોળામાં આવીને લપાઈ ગયાં છે! હું એને સ્પર્શ કરવાના પ્રયત્ન કરું છું. મારા દેહ પર ફેલાયેલા તડકાના લેપને હું અંગો પર લગાવી રહ્યો છું. સૂર્યતેજ મારામાં સમાઈ રહયું છે અને હું પ્રકાશમાન થઈ રહ્યો હોઉં એવું મને પ્રતીત થાય છે.'

આચાર્ય પોતાની આંખો બંધ કરી ધ્યાનસ્થ થઈ ગયા. અનુભૂતિના સ્તર પર જે વ્યક્તિ અર્જિત કરી રહી હોય એને શબ્દોથી શું શીખવવું?

***

એ દિવસ ભિક્ષા માંગવાનો હતો. ગુરુમાતાએ બધાં વિદ્યાર્થીઓને ઝોળી આપી.

'ચાલો, હવે આપણે નગરમાં જઈને ભિક્ષાકર્મ કરીશું.' આચાર્યના કહેવા સાથે જ બાળકો ઉત્સાહિત થઈ ગયાં. નગરમાં જવું એમને ગમતું હતું, નગરનો

ચળકાટ એમને આનંદ આપતો હતો.

પણ મેઘન વિચારમાં પડી ગયો.

'ભિક્ષા? આપણે ભિક્ષા માંગવાની છે?' એણે પ્રશ્ન કર્યો.

'આચાર્ય, આપણે સાક્ષાત્ ચૈતન્યના અંશ છીએ. આ પરમેશ્વર આપણા પિતા છે એ તો આપ જ અમને કહો છો. આપણે તેનાં વંશજ છીએ, અંશજ છીએ. તો... જો આપણે સક્ષમ હોઈએ તો આપણે કોઈની સમક્ષ હાથ લાંબો કરવો જોઈએ?'

આચાર્યએ મેઘનને પોતાની નજીક લાવીને કહ્યું, 'મેઘન, તારા ઘણા પ્રશ્નોના ઉત્તર મારી પાસે નથી હોતા, પણ આ પ્રશ્નનો ઉત્તર મારી પાસે છે. જેમ-જેમ મનુષ્ય મોટો થાય છે તેમ-તેમ તેનો પડછાયો મોટો થતો જાય છે. પણ પડછાયો ભ્રામક અસ્તિત્વ છે, અને એક સમય એવો આવે છે જ્યારે પડછાયો તેના કદ કરતાં પણ મોટો થઈ જાય છે. જે રીતે શરીરનો એ જ રીતે મનનો પણ પડછાયો હોય છે – ઝેરીલા નાગના જેવો.'

'એ પડછાયો શેનો?'

'અહંકાર. અહંકારનો પડછાયો. આપણે અહંકાર અંગે ચર્ચા કરી છે. અહંકારને કારણે જ્ઞાન, વિવેક અને માનવતાને ગ્રહણ લાગે છે. આપણે માનતા હોઈએ છીએ કે આપણી પાસે ઘણુંબધું છે, પણ આપણી પાસે જે છે તે નગણ્ય જ છે. આપણી પાસે શ્વાનની જેમ તેજ શ્રવણશક્તિ નથી, બિલાડીની જેમ રાત્રે જોવાની ક્ષમતા નથી, ચિત્તાના જેવી ગતિ નથી. જો આપણે અન્ય પ્રાણીઓની બરોબરી ન કરી શકતા હોઈએ તો પરમ શક્તિની તો વાત જ શી કરવી? આ ત્યારે જ શક્ય બને જ્યારે આપણે લીન થઈ જઈએ.

આ લીન થવા માટે – લીનતાને પ્રબળ કરવા માટે ભિક્ષા માંગવી જોઈએ. જ્યારે આપણે ખાલી ભિક્ષાપાત્ર કોઈ વ્યક્તિની આગળ કરીએ છીએ ત્યારે અદૃશ્યરૂપે આપણો અહંકાર પણ સમ્મિલિત હોય છે. ભિક્ષા માંગવાથી તે ઓગળી જાય છે; ગળી જાય છે રેશમી વસ્ત્રની જેમ.'

આચાર્યની વાત મેઘન સમજી ગયો.

'આચાર્ય, આપની વાત સાથે સહમત છું. કરોડરજ્જુ માત્ર ટટ્ટાર રહેવા માટે જ નહીં, નીચે વળવા માટે હોય છે. મને ભિક્ષાપાત્ર આપો' – મેઘને પ્રમાણિકતાપૂર્વક કહ્યું.

***

ગુરુપૂર્ણિમા હતી. નવા વિદ્યાર્થીઓને દીક્ષા આપવાની હતી.

'આ ગુરુપૂર્ણિમાએ મેઘનને પણ દીક્ષા આપશો ને?' ગુરુમાતાએ પૂછ્યું.

આચાર્ય વિચારમાં પડી ગયા.

'તે અંગે મેં વિચાર કર્યો નથી, વત્સલે – હજુ સુધી.'

'કેમ ? એ શિષ્ય બનવા યોગ્ય નથી ?'

'ના ના. એવું તો વિચારી જ ના શકાય... આગામી ગુરુપૂર્ણિમાએ વિચાર કરીશું'. આચાર્યએ કહ્યું.

***

ગુરુપૂર્ણિમાએ બધાં શિષ્યો ચકિત થઈ ગયા. મેઘન પણ નિરાશ થઈ ગયો.

'આચાર્ય, મારો કોઈ દોષ કે આપે મને દીક્ષિત ન કર્યો ?'

આચાર્યએ વાત્સલ્યપૂર્ણ સ્મિત કર્યું.

'તારો કોઈ દોષ નથી, મેઘન. સમય આવ્યે તને અવશ્ય કારણ કહીશ.' અને વાતને ત્યાં જ વિરામ આપ્યો.

***

મેઘન ભિક્ષાટને ગ્રામ અને નગરમાં જતો હતો. ત્યાંનાં જનજીવન, સુખ-દુઃખને નિહાળતો. નિસર્ગની મનોરમ લીલા જોતો – ક્યારેક શુભ તો ક્યારેક પ્રલયંકર. વેદ, ઉપનિષદના રમ્ય નિસર્ગ અને ગૂઢ સંવેદનાથી પર આ અનુભૂતિ હતી. આ અનુભૂતિમાં કરુણા, દુઃખ, આનંદ, પ્રકૃતિ, મૃત્યુ, મૃત્યુના ભયની સાથોસાથ જીવનનો ઉમંગ-આનંદ બધું જ હતું.

એ વર્ષાના દિવસો હતા. કાળાં વાદળો છવાઈ ગયાં હતાં અને આકાશ ઘેરાયેલું હતું ત્યાં અચાનક વંટોળ આવ્યો. આશ્રમની ઝૂંપડીઓ વેરણછેરણ થઈ ગઈ. એકાદ વૃક્ષ પણ ધરાશાયી થઈ ગયું. થોડી વાર પછી વંટોળ તો આગળ વધી ગયો. રહી ગયો માત્ર વિનાશ.

મેઘને જોયું તો તૂટેલા વૃક્ષની એક શાખા ઉપર પક્ષીનો માળો સુરક્ષિત હતો. તેમાંનાં નાનાં બચ્ચાં પણ સુરક્ષિત હતાં. માદાપક્ષી નવો માળો બનાવતી હતી. વચ્ચે-વચ્ચે બચ્ચાંને ખવડાવતી પણ હતી.

માળો બની ગયો. પણ હવે તેમાં બચ્ચાંને મૂકે કેવી રીતે ? બચ્ચાંને હજુ પાંખો ફૂટી નહોતી. માદાપક્ષી વ્યગ્રતા અનુભવતી હતી. મૂંઝવણને કારણે એ બચ્ચાંની આજુબાજુ ગોળ-ગોળ ફરતી હતી. તીવ્ર ધ્વનિ કરતી હતી.

મેઘનથી સહેવાયું નહીં. એણે તે બચ્ચાંને હળવેથી ઊંચકીને નવા માળામાં મૂક્યાં.

આ જોઈને આચાર્યએ નિઃશ્વાસ મૂક્યો.

'આ બચ્ચાંનાં ભાગ્યમાં છેવટે મૃત્યુ જ લખાયું હતું.' એમણે કહ્યું.

'શું...?' મેઘનને આશ્ચર્ય થયું.

'હા. પણ એ અંગે ઝાઝું ના વિચાર. એ એમનું ભાગ્ય હતું.'

'પણ મેં તો એમને સાચવીને મૂક્યાં હતાં.' મેઘન.

'એ ખરું. પણ એમને અન્ય પશુ-પક્ષી નહીં, તેમનાં મા-બાપ જ મારી નાંખશે. એ જ એમનું દુર્ભાગ્ય છે.' આચાર્ય બોલ્યા.

'કેમ?'

'મેઘન, પક્ષીઓને માનવસ્પર્શ સ્વીકાર્ય નથી. જે પક્ષીઓને માનવસ્પર્શ થાય તેમને તેઓ મારી નાંખે છે.'

'ઓહ...!' મેઘને આશ્ચર્ય સહિત નિઃશ્વાસ મૂક્યો. એણે આંખો મીંચી દીધી.

'આ કેવો ચક્રવાત છે – જીવન અને મૃત્યુનો!?' એ વિચારમાં ગરકાવ થઈ ગયો ત્યાં જ એ બચ્ચાંની આર્ત્ત ચીસોએ એને દુઃખી કરી મૂક્યો.

સૃષ્ટિના આ કેવા નિયમ છે? પ્રેમ, મમતા અને કૌર્ય એકસાથે મનમાં ઉદ્ભવે છે!? બચ્ચાંનો જીવ બચાવવા માટે મથનાર પક્ષી માત્ર માનવીય સ્પર્શને કારણે એમને મારી નાંખે!?... એનું મન માનતું નહોતું.

મેઘનનું મન હવે ઋચાઓનું રટણ કરવામાં લાગતું નહોતું.

આશ્રમ બહાર જે દુનિયા હતી તેની ગતિવિધિઓથી તે પરિચિત થતો હતો. તેના ઉપર તે ચિંતન કરતો હતો.

'આચાર્ય, શાસ્ત્રોમાં કહ્યું છે કે, મનુષ્યએ ધર્મનું પાલન કરતાં અને સત્કૃત્ય કરતાં-કરતાં સો વર્ષ જીવવું જોઈએ. પણ આ તથ્યને મનુષ્ય ખોટું પાડે છે. યુદ્ધ અને હિંસા દ્વારા ઘણાંનું અકાળે મૃત્યુ થાય છે. એક મનુષ્ય બીજા મનુષ્યને રહેંસી નાંખે છે.' મેઘને વ્યાકુળ થઈને પ્રશ્ન કર્યો.

'મેઘન, આપણે જે અધ્યયન કરીએ છીએ તે આદર્શ સમાજનું સ્વપ્ન હોય છે. પણ વ્યવહારમાં હિંસા, ઈર્ષ્યા અને અહંકારનો પ્રભાવ જોવા મળે છે. મહત્ત્વાકાંક્ષા પોતાની ફેણ બહાર કાઢે છે. જ્યાં સુધી મહત્ત્વાકાંક્ષા પોતાના ગુણો સુધી સીમિત રહે ત્યાં સુધી તે વ્યક્તિનો વિકાસ સાધે છે. પણ જ્યારે તે સમાજ ઉપર હાવી થવા માંગે છે ત્યારે તેમાં ઝેર ભળે છે.'

મેઘન વધુ અસ્વસ્થ થઈ ગયો.

'જે વિચારોને વ્યવહાર તોડે-મરોડે છે, ખોટા પાડે છે તેનું અધ્યયન નિરર્થક છે. એ તો માત્ર બોદા વિચાર છે. આપણે બધાં દૈવી શક્તિનાં અંશ છીએ એવું આપે જ કહ્યું હતું. કુદરતે માત્ર પુરુષ અને સ્ત્રીજાતિનું જ નિર્માણ કર્યું છે એમ પણ કહ્યું હતું. તો પછી ઊંચ-નીચનો ભેદ કરવાનો અધિકાર મનુષ્યને કોણે આપ્યો?'

મેઘન એક પછી એક પ્રશ્નો કરતો રહ્યો.

'મેઘન, સમાજ સામ્ય કરતાં ભેદમાં વિશ્વાસ કરે છે. કદાચ દરેક મનુષ્યને બીજા મનુષ્ય પર અધિકાર જમાવવો ગમે છે એટલે જાતિઓનું નિર્માણ થયું, યુદ્ધ થયાં. કદાચ...'

આચાર્ય પણ વિચારમાં પડી ગયા.

'આચાર્ય, અમુક વિચારધારામાં સંન્યાસનું અનન્ય મહત્ત્વ છે તો અમુકમાં સામાન્ય. તો શા માટે સંન્યાસ લેવો? જે શરીરે ક્ષમતા, ઇચ્છા, અને સ્વપ્નો સાથે જન્મ લીધો છે એ જ શરીરમાં ન રહે તો રહેશે શું? હાડ-માંસનું ખોખલું શરીર? હાડપિંજર? વાંસ અને વાંસળી વચ્ચે જે અંતર છે તે જ અંતર જીવન અને સંન્યાસમાં છે. ચૈતન્યશક્તિએ પ્રદાન કરેલા વરદાનને આ રીતે કચડી નાંખવું યોગ્ય છે? અકુદરતી – અનૈસર્ગિક નિયમોનું પાલન શા માટે કરવું? મનુષ્ય સિવાય સૃષ્ટિના અન્ય કોઈ જીવ પ્રકૃતિના ભાવને નકારતા નથી. કોઈ વૃક્ષ કહેતું નથી કે હું ઊગીશ નહીં.

કોઈ પક્ષી કહેતું નથી કે હું ઊડીશ નહીં. તો આપણાં જીવનમાં મનને પણ ઊગવા દેવું જોઈએ... વહેવા દેવું જોઈએ.'

મેઘનના પ્રશ્નો હવે ક્ષમતાના પરીઘ બહારના હતા.

દિવસો-દિવસ મેઘન હવે અંતર્મુખ થઈ રહ્યો હતો. ચિંતનના ઊંડાણમાં ડૂબકી મારી રહ્યો હતો. ગુરુમાતા તેનામાં આવી રહેલા પરિવર્તનને ધ્યાનથી જોઈ રહ્યાં હતાં.

'આજકાલ મેઘન ક્યાંક ખોવાયેલો લાગે છે. હું માંગું કાંઈક અને એ આપે કાંઈક. એનું ધ્યાન...'

એમણે કહ્યું.

'કાંઈક બીજે છે.' આચાર્યએ જણાવ્યું. 'એ કશાકની શોધમાં છે, પણ કઈ શોધ એની એને ખબર નથી. જે શોધ છે એનો માર્ગ કયો પસંદ કરવો એની એને મૂંઝવણ છે.' આચાર્ય મેઘનની મનોવ્યથાને સમજતા હતા.

'તો આપ તેને સહાય કરો ને!' ગુરુમાતાએ કહ્યું.

તેમણે ગુરુમાતા સામે જોયું અને કહ્યું,

'તે એવા સ્થાને ઊભો છે જ્યાં મારો માર્ગ સમાપ્ત થઈ ચૂક્યો છે. તે હવે મારાથી આગળ – દૂર જઈ રહ્યો છે...'

'એમ..!?' ગુરુમાતા આશ્ચર્યથી એટલું જ બોલી શક્યાં.

સંક્રમણ ૠતુ હતી. દૂર-દેશાવરથી આવેલાં પક્ષીઓ પાછાં જવા માટે પાંખો ફેલાવતાં હતાં. આવી જ ૠતુમાં મેઘન આચાર્ય સમક્ષ આવીને ઊભો રહ્યો. એની આંખોમાં દૃઢ નિશ્ચય જણાતો હતો. એણે આવીને આચાર્યને પ્રણામ કર્યા. એણે જે કહેવું હતું તેને માટે એ શબ્દો શોધી રહ્યો હતો. ધૈર્યતાપૂર્વક એણે આચાર્ય સામે જોયું.

'આચાર્ય...'

'અહીંથી જવા માંગે છે?' આચાર્યએ જાણે એની આંખો વાંચી લીધી હતી.

'આપ જાણી ગયા, આચાર્ય?'

'દીકરા, હું મન વાંચી શકું છું.'

'આચાર્ય, મારી સમક્ષ બે માર્ગ છે. એક તો એ કે પુનઃ જીવનમાં પાછો ફરું. જીવન સૌથી મોટો ગુરુ છે એમ કહેવાય છે. જીવને મને ઘણું શીખવ્યું છે. આપણે જેમને પોતાનાં માનીએ છીએ એ કેટલાં પોતાનાં હોય છે... બે વ્યક્તિમાં કેટલું અંતર હોય છે... પ્રેમ-પ્રેમ કરતાં-કરતાં મનુષ્ય કેટલો સહજતાથી વ્યવહાર પર પહોંચી જાય છે... એનાં સપનાં, ઇચ્છા-આકાંક્ષા એને કેટલો વ્યાકુળ કરી મૂકે છે... આ બધું મને જીવને જ શીખવ્યું છે.

બીજો માર્ગ છે શોધનો–ખોજનો. જે વિચાર મારા મન પર અંકિત થયા છે તેની અનુભૂતિનો માર્ગ. હું એ બીજા માર્ગે ચાલવા માંગું છું. અર્જિત જ્ઞાન મારા થકી, મન થકી લોકો સુધી પહોંચે તે માટે અનુભૂતિ આવશ્યક છે. સંવેદના આવશ્યક છે. એની શોધ.

હું માત્ર વિચારો સુધી સીમિત રહેવા માંગતો નથી. વિચાર તો ઉપરની છાલ-માત્ર છે. મારે તો અનુભૂતિના ગર્ભ સુધી પહોંચવું છે. એની ખોજ...'

'શેની ખોજ?' આચાર્ય.

'એ જ તો મારે શોધવું છે, સમજવું છે. પણ... આપ જે શીખવો છો...' તે અટક્યો.

'એ સાથે તું સંમત નથી, ખરું ને?' આચાર્ય બોલ્યા.

'સંમત નથી એવું નહીં. આપે ઘણી મહાન વિભૂતિઓનાં દર્શન શીખવ્યાં. કર્મયોગ શીખવ્યો, અહિંસા શીખવી, અસ્તેય અપરિગ્રહ શીખવ્યો. દરેક યુગમાં તે સમાજની સ્થિતિ અને વિકૃતિ અનુસાર એ વિભૂતિઓએ જુદા-જુદા વિચાર લોકો સમક્ષ મૂક્યા. તે પરિસ્થિતિની આવશ્યકતા પ્રમાણે...

પણ મને એવું લાગે છે કે, બુદ્ધ, મહાવીર અને કૃષ્ણ – આ ત્રણેયના વિચારોના સમ્મિલિત સ્વરૂપને સ્વીકાર કરવાની આવશ્યકતા છે.

બુદ્ધની શાંતિ, સત્ય, અહિંસાનો સ્વીકાર કરીને કૃષ્ણે પ્રબોધેલું જે કર્મ કરવામાં આવે તે કર્મ શ્રેષ્ઠ ફળ આપે. તે પછી મહાવીરના અપરિગ્રહણનું અનુસરણ કરવામાં આવે તો તે કર્મફળનો ઉપયોગ સમાજ માટે થશે. આપણી આવશ્યકતા સિવાયનું બધું જ સમાજને અર્પણ કરવું... પોતાની જાતનો સૂરજની જેમ અસ્ત થવા દેવો એટલે બુદ્ધની નિર્વાણસાધના. અહંકારી 'સ્વ'ના નિર્વાણ થવાની સાથે જ આપણો આ જન્મમાં નવો જન્મ થાય છે. અને આપણો પુનઃ ઉદય થાય છે... નવા સૂર્યની જેમ... જનનીના ગર્ભમાં આકાર ધારણ કર્યા વિના...'

આચાર્ય આશ્ચર્યથી તેની વાત સાંભળતા હતા.

ગુરુમાતા પણ ત્યાં આવીને ઊભાં હતાં.

'આચાર્ય, હું એ સમજ્યો છું કે કોઈ એક ધર્મની કંઠી બાંધવી એ જીવનના પરિપ્રેક્ષ્યમાં અધૂરાપણું છે.

જીવન તો તેના પરિઘથી ક્યાંય બહાર નીકળી જાય છે. કોઈ એક તત્ત્વજ્ઞાન જીવનને માટે સંપૂર્ણ નથી હોતું. જીવનની પોતાની જ એક અલગ વિચારસરણી છે જેમાં ઘણી વિચારધારાઓનો સમાવેશ થાય છે.

આશ્રમમાં આદર્શ સ્થિતિ કેવી હોવી જોઈએ તે શીખવાય છે. આદર્શ કામ સ્થિર હોય છે અને પરિસ્થિતિ બદલાતી રહે છે. બહારની અરાજકતા આદર્શને પડકાર આપ્યા જ કરે છે.'

'હા, મેઘન. મને ખબર હતી કે તારે આ વ્યવહારો અને વ્યવસ્થાથી પર થવું છે. એમાં તારો જીવ અકળાય છે.'

'હા, આચાર્ય. અહીં જે જ્ઞાન આપવામાં આવે છે તેનો અર્થ ઘણા વિદ્યાર્થીઓને સમજાતો નથી. એ શબ્દોનું માત્ર રટણ કરી જાણે છે. જ્ઞાન ઉપરછલ્લું રહી જાય છે. જ્ઞાન અનુભૂતિ, સંવેદના અને કૃતિનો વિષય હોવો જોઈએ. કૃતિસર્જનથી જ્ઞાન સમગ્ર સમાજમાં પ્રવાહિત થાય છે.

મેં ઘણી વાર ધ્યાન ધર્યું. મનને એકાગ્ર કર્યું. મને પશુ-પક્ષીઓના સંવાદ સમજાયા, વૃક્ષપર્ણોના ફરફરાટમાં તેની ઉંમર છુપાયેલી હોય છે એ જાણ્યું, અસ્ત થતા સૂર્યનાં કિરણોની સાથે મારી સંવેદના વીખરાઈ ગઈ. ક્યારેક મનુષ્યની આંખોમાં તેનું મન વાંચવા મળ્યું... આ સંવેદનનો આનંદ એટલો તો અલૌકિક અને સૂક્ષ્મ છે કે એને શબ્દોમાં વ્યક્ત કરી શકાય નહીં.'

થોડી ક્ષણો માટે મેઘન મૌન રહ્યો.

'આચાર્ય, ઘણી વાર મને થયું કે આ સંવેદન અંગે આપને કહું. મેં પ્રયત્ન પણ કર્યો. પણ હું કહી ન શક્યો. શબ્દ અસમર્થ રહ્યા. પછી મને સમજાયું કે મહાન સાધકો અને દાર્શનિકોને તેમની દિવ્ય અનુભૂતિની ક્ષણનું વર્ણન કરવા શબ્દો જ નહીં મળ્યા હોય. એ અનુભૂતિને શબ્દોમાં બાંધવી અસંભવ છે તે રીતે સર્વસામાન્ય લોકોને તેનો અર્થ સમજાવવો પણ કઠિન છે. એટલે તે અનુભૂતિને પોષક કે તેની નિકટ લઈ જાય તેવી વાતો, તત્ત્વ કે નિયમને ધર્મતત્ત્વ નામથી લોકોને કહ્યાં. સમગ્ર વિશ્વને–બ્રહ્માંડને પોતાની છાતીએ ચાંપતા અને સમગ્ર સ્વને ન્યોછાવર કરતા સાક્ષાત્કારને કયા શબ્દોથી વર્ણવી શકાય!? દરેક માર્ગને ગંતવ્ય સમજવાની ભૂલ હું કરી શકું નહીં. મારે તો એ સંવેદન સુધી પહોંચવું છે. મને ખબર નથી કે હું પહોંચી શકીશ કે નહીં; પણ પ્રયત્ન અવશ્ય કરીશ.'

આચાર્યએ મેઘનના મસ્તક પર હાથ મૂકી આશીર્વાદ આપ્યા.

'યશસ્વી ભવઃ ...

'તને જેની શોધ છે તે તને પ્રાપ્ત થાય. શોધ માટેની પ્રતિભા, અસ્વસ્થતા, બેચેની તારામાં છે. ભવિષ્યમાં તું વિશ્વને કોઈ નવો માર્ગ અવશ્ય બતાવી શકીશ. નવી વિચારધારા અને સંવેદના સુધી પહોંચવાનું કાર્ય કોઈ વિરલ વ્યક્તિ જ કરી શકે છે. એ લાખોમાં એક હોય છે. અને એ કાર્ય શતાબ્દી કે સહસ્રાબ્દીમાં એકાદ વાર થાય છે. એવી વ્યક્તિને જ દાર્શનિક કહેવાય છે. આજે એક દાર્શનિક મારી સમક્ષ છે. હું એને જોઈ રહ્યો છું, નિહાળી રહ્યો છું, એની સાથે વાત કરી રહ્યો છું તેથી હું ધન્ય છું.

'વત્સલા, તેં પૂછ્યું હતું ને કે મેં મેઘનને શિષ્ય કેમ ન બનાવ્યો. મેઘન, તેં પણ પૂછ્યું હતું ને મને કે તારો કોઈ દોષ છે? તો ના; તારો કોઈ જ દોષ નહોતો – ત્યારે પણ મેં તને કહ્યું હતું. પણ... શિષ્ય બનાવવો એટલે તને બંધનમાં બાંધવો... જો તેં બંધનનો સ્વીકાર કર્યો હોત તો અનિચ્છનીય થયું હોત. તેં તારા વિચારોની સ્વતંત્રતા ખોઈ નાંખી હોત. શોધમાર્ગે ન જઈ શકત.

'ખોજ ન કરી શકત. એટલે તારા જેવા શિષ્ય પ્રાપ્ત કરવાના સદ્‌ભાગ્યનો મેં અસ્વીકાર કર્યો. અહીંના કર્મકાંડમાં તારી પ્રતિભાને હાનિ પહોંચી હોત. હું તારી પ્રતિભાને ખોવા દેવા માંગતો નહોતો.

'મેઘન, તારી અસ્વસ્થતાને સંભાળી રાખ. તને જેની ખોજ છે તેની આશ નિરંતર રાખ. સમય આવે તો તે અનુસાર ગૃહસ્થાશ્રમી બન... સમાજનિષ્ઠ બન... કે સંન્યાસી; પણ પ્રશ્નોના ઉત્તર શોધ... પ્રાપ્ત કર. પોતાની અલગ પગદંડી બનાવ. એ પગદંડી પર તારા કેટલાય શિષ્યો જોડાઈ જાય અને એ પગદંડી માર્ગનું સ્વરૂપ ધારણ કરે એવા આશીર્વાદ.

'સૂર્યમંત્ર તો ઘણાંબધાં બોલે છે, પણ સૂર્યનાં કિરણોને પોતાનાં તન-મનમાં અંતસ્થ કરનાર તો તું જ હોઈ શકે... તું જ હોઈ શકે... શુભાસ્યે પંથાનાઃ સંતુ.'

'આપ જે કહી રહ્યા છો તે ભવિષ્યમાં શક્ય છે?' મેઘન.

'કેમ નહીં!? કદાચિત્‌ અગાઉ જે પ્રસ્થાપિત છે તેને જ તું અનુભૂતિના સ્તરે જાણી શકે અથવા કાંઈક નવી ખોજ – નવું શોધી શકે. બંને પર્યાયમાં આંતરિક સંપન્નતા છે. કોઈ પર્યાય ગૌણ નથી. કોઈ નવી દૃષ્ટિ પ્રાપ્ત કરી શકે. કોઈ નવું દૃષ્ટિબિંદુ રજૂ કરી શકે. એટલે જ કંડારેલી કેડી પર મેં તને ચાલવા ના દીધો... મારા આશીર્વાદ કાયમ તારી સાથે છે. શુભમ ભવતુ.

ખોજ કર, મોજ કર.'

અને મેઘને આચાર્ય તથા ગુરુમાતાનાં ચરણસ્પર્શ કર્યાં.

તે પછી એક અજ્ઞાત યાત્રા માટે એણે પોતાનાં ડગ માંડ્યાં...

❑

# રઘુવીર ચૌધરીની કવિતા : 'શ્રદ્ધાનું તેજ'

યોગેશ જોષી

**ખે**તર ખેડાય, બીજ રોપાય, કૂંપળ ફૂટે, એમાંથી છોડ થાય, છોડમાંથી વૃક્ષ, વૃક્ષને ફૂલ ફૂટે ને પછી આવે ફળ – એટલી ધીરજ છે આ કવિમાં. કવિની કસોટી ઊર્મિકાવ્યમાં નહિ, દીર્ઘકાવ્ય – પ્રબંધકાવ્યમાં થાય છે, અને એમાંય છંદોબદ્ધ દીર્ઘકાવ્યમાં તો કવિનાં બરોબરનાં પારખાં. (ભગતસાહેબ કહેતા, ગુજરાતીમાં મહાકાવ્ય શક્ય નથી બન્યું એનું કારણ છંદો ઊણા ઊતરે છે.) દીર્ઘકાવ્ય 'બચાવનામું'નું બીજ આ કવિમાં રોપાયું એ પછી ત્રણેક દાયકા થયા એ બીજમાંથી વટવૃક્ષ થતાં !

૧૯૮૪માં પ્રગટ થયેલ 'સર્જકની આંતરકથા' (સંપાદક : ઉમાશંકર જોશી) માં પ્રગટ થયેલ કેફિયતમાં રઘુવીર ચૌધરીએ નોંધ્યું છે :

'ચાર-પાંચ વર્ષથી એક દીર્ઘકાવ્ય લઈ બેઠો છું. પૂરું થતું નથી. વચ્ચે મોટા મોટા વિરામ પડે છે. જીવનના નકારાત્મક અંશને – ઉધાર પાસાને વ્યક્ત કરતી 'આધુનિકતા'નો મહિમા હોય ત્યારે ખાલીપો ખાળતી સુન્દરતાની વાતો કરવી એ ધૃષ્ટતા જ કહેવાય ને! તેથી કાવ્યનું નામ રાખ્યું છે 'બચાવનામું'. આજે મૂલ્યોની વાત કરનાર આરોપીના પીંજરામાં મુકાયો છે. આ કાવ્યમાં પરમ તત્ત્વ અને સંતુલનનો સંબંધ પણ સમજવો છે.'

('સર્જકની આંતરકથા', પુનઃમુદ્રણ, ૨૦૧૧, પૃ. ૭૧)

'બચાવનામું'ના નિવેદન – 'ઋતુંભરા'માં પણ કવિએ નોંધ્યું છે : 'આ રચના ત્રણેક દાયકાથી મારી કસોટી કરતી રહી છે.'

આ કવિ જાણે છે : 'સંવેદન તો સેતુ છે.' પણ ચિંતન એમના સ્વભાવમાં છે. જાતને અને જગતને તેઓ ઝીણી નજરે જુએ છે અને એમના સર્જકચિત્તમાં ચિંતન, દર્શન ઘૂંટાતું રહે છે. 'બચાવનામું' એમણે ત્રણેક દાયકા સેવ્યું! દરમિયાન એમની કવિતાની અને જીવનની સમજણ સતત વિકસતી રહી; સંસ્કૃતિસંદર્ભો, સાંપ્રત પ્રશ્નો કવિ-મનમાં ઘૂંટાતાં રહ્યાં, નવા અર્થ પમાતા રહ્યા; દરમિયાન નવલકથા–વાર્તામાંય મહત્ત્વનું કામ થતું રહ્યું. આથી દીર્ઘકાવ્ય 'બચાવનામું' માટે પાત્રો રચવા; કથાતત્ત્વ, પાત્રો દ્વારા કથન અને કથ્યનું સંયોજન કરવું; રાજ્યસત્તા, વાણિજ્ય અને કૃષિનું પ્રતિનિધિત્વ કરતાં પાત્રોનું નિજી વ્યક્તિત્વ પ્રત્યક્ષ કરાવવું એ આ

નવલકથાકાર-કવિ માટે, નવલકથા-લેખનના અનુભવના કારણે અઘરું નહોતું. કવિએ નિવેદનમાં નોંધ્યું છે તેમ, 'પહેલા અછાંદસ પ્રવાહ વહેતો રહ્યો', પછી આ કાવ્ય એમણે છંદ (અનુષ્ટુપ તથા વિવિધ છંદો)માં ઢાળ્યું, લેખન-પુનર્લેખન થતું રહ્યું. આ કવિ બચુભાઈની 'બુધસભા'માં ઘડાયા છે, આથી એમનાં કાવ્યોમાં છંદ-લય સહજ વહે છે. આથી આ દીર્ઘકાવ્ય અછાંદસમાં લખાયા પછી એને છંદોમાં ઢાળવું આ કવિ માટે કપરું નહોતું. આ કવિ ખેતરમાં શ્રમ કરનારા છે, આથી લેખન-પુનર્લેખનથી થાકતા-કંટાળતા નથી.

નિવેદન–'ઋતંભરા'માં કવિએ નોંધ્યું છે :

'મનુષ્ય મનુષ્ય વચ્ચેનો વિધાયક સંબંધ પરમ તત્ત્વને આભારી છે, મનુષ્ય અને જીવસૃષ્ટિ બલ્કે સમગ્ર બ્રહ્માંડ વચ્ચેનો વ્યક્ત-અવ્યક્ત સંવાદ એ પણ પરમ તત્ત્વનું સ્વરૂપ છે. મારે મન આ મૂલ્ય છે. એનો બચાવ કરવો એ શબ્દસેવીનું કર્તવ્ય છે.'

વ્યાસની જેમ આ કવિ પણ સકલનો સમાસ કરવા મથે છે ને ઝંખે છે કે એમાં ભળે રામનું સત્ય, કૃષ્ણનો પ્રેમ, શિવનો વૈરાગ્ય, બુદ્ધનાં નયનની કરુણા ને અલખના શબદ –

**'વિતથભર્યો વંટોળ વિશ્વમાં ઝળૂંબવાનો,**
**દીવો થાય ના રાણો, શબદ ધરું હું આડો.'**

દીવો રાણો ના થાય એ માટે આડો 'શબદ' ધરીને આ કવિ કવિકર્મની સાથે સ્વ-ધર્મ પણ નિભાવે છે.

ઇકૉલૉજી-જીવસૃષ્ટિના સંતુલન બાબતેય કવિ ચિંતા કરે છે. સમગ્ર સૃષ્ટિનો ચાહક અને સંરક્ષક એવા ખેડૂતપુત્ર સોમના પાત્ર થકી કવિનાં સંવેદનો તથા ચિંતન રજૂ થાય છે. 'વડવા' (સર્ગ : ૨)માંથી આ પંક્તિઓ જોઈએ :

**'વડવા મારા ખેતર થઈને જીવતા –**
**છોડ નીંઘલે**
**અને કણસલે દાણેદાણા દૂધ ભરાતાં**
**– છોડ નર્યો રોમાંચ –**
**પવન ત્યાં ચણવા આવે,**
**પોરો ખાતો ધજા ધર્મની ફરકાવીને,**
**જતો ગામ પરગામ...'**

*

**'એ વડવા મારા**
**ગામ, સીમ, વન ગાઢ, સરોવર સાચવતા –**

**સહુની સંગાથે**
**સમરસ ભાવે જીવતા.'**

*

**'મુક્તિ હોય ના સ્નેહવિહોણી!'**

'ઋતંભરા' (સર્ગ : ૯)માંથી આ પંક્તિઓ સાંભળીએ :

**'નિચોવી નિજ અસ્તિત્વ છીપમાં મોતી સર્જતી,**
**સ્નેહના તપથી નારી માતા – ઋતંભરા થતી.'**

*

**'કહું છું સર્વ શાસ્ત્રોની પરકમ્મા પૂરી કરી :**
**ચાહવું એટલે હોવું – એ જ અસ્તિત્વની ધરી.'**

મૂલ્યની હાર અને બળની જીત એ આજની પણ વૈશ્વિક સમસ્યા છે. પણ શ્રી અરવિંદે કહ્યું છે તેમ, દુરિત સાથે સત્યનો – મૂલ્યનો સંઘર્ષ ચાલવાનો; દુરિતનું બળ વધારે હોવાનું, પણ અંતે વિજય સત્યનો, મૂલ્યનો થવાનો.

આ કવિ ઉત્તર સાથે નહિ, પ્રશ્ન સાથે આ કાવ્ય પૂરું કરે છે :

**'શ્રદ્ધાનું તેજ જાગશે?'**

ભાવકચિત્તમાંય આ પ્રશ્નના વલયો વિસ્તર્યા કરે છે. આ ઉપરાંત નિવેદન– 'ઋતંભરા'માં આ કવિ ગૂઢ પ્રશ્ન કરે છે :

'ગીતાએ અનાસક્તિ પર ભાર મૂક્યો છે એટલો અહિંસા પર મૂક્યો છે ખરો?'

રઘુવીર ચૌધરીનો જન્મ તા. ૫-૧૨-૧૯૩૮ના રોજ બાપુપુરા (તા. માણસા)માં. માતા જીતીબહેન ('માને તો માયા એ જ મોક્ષ'). પિતા દલસિંહભાઈ ગામની ભજન-મંડળીના પ્રમુખ. નરઘાં વગાડતા. મનમાં ગરબી રચતા, ગાતા, ગવડાવતા. ગરબી ગવાતી હોય ત્યારે નાનકડા રઘુવીર ઊઠીને વચ્ચે નાચતા. આમ લય-તાલ સાથે ભજન-કાવ્યો (નરસિંહ-મીરાં-દયારામ) એમની ચેતનામાં રોપાયાં. સાતમા દાયકાના પૂર્વાર્ધમાં તેઓ નિયમિત 'બુધસભા'માં જતા. ત્યાં છંદ તથા કાવ્ય બાબતે એમના કવિ-કાન વધારે કેળવાયા. પંદરેકની ઉંમરે એમને સ્ફુરેલી એક કાવ્યપંક્તિ બચુભાઈએ 'કુમાર'માં સુભાષિત તરીકે છાપેલી –

**'ખીલતા ફૂલને કદીયે મ્લાન મેં દીઠું નથી.'**

આમ, અખિલાઈ પ્રત્યેની આસ્તિકતા એમના સ્વ-ભાવમાં છે. એમની કવિતા વિશે વાત કરતાં કેટલાંક કાવ્યો તરત સ્મરણમાં ઊભરાય છે – 'રાજસ્થાન', 'કેફિયત', 'આ એક નદી', 'એક ફલશ્રુતિ', 'દર્દ', 'એકલતા', 'મને કેમ ના વાર્યો', 'વહેતાં વૃક્ષ પવનમાં', 'તું વરસે છે ત્યારે', 'ફૂટપાથ અને શેઢો', 'માને તો માયા એ જ મોક્ષ', 'પાદરનાં પંખી', 'કામાખ્યાદર્શન', 'અમે આટલે આવ્યાં', 'ઝાડ', 'જમીન',

‘આપલે’, ’’ધરાધામ’, ‘ખેતરમાં વેપારી’, દીર્ઘકાવ્ય ‘બચાવનામું’, ‘ઘર’ વગેરે.

રઘુવીર ચૌધરીએ સર્જન શરૂ કર્યું ત્યારે સુરેશ જોષી તથા આધુનિકતાની બોલબાલા હતી. નિરાશા-હતાશા-શૂન્યતા-ઈશ્વરનો નકાર વગેરે વગેરે ઘોંઘાટ વચ્ચે, રઘુવીર ચૌધરીની પ્રકૃતિ પ્રત્યેની, મનુષ્ય પ્રત્યેની, ઈશ્વર પ્રત્યેની શ્રદ્ધા સતત ટમટમતી રહી, બલ્કે શ્રદ્ધાનું તેજ વિસ્તરતું રહ્યું. ભલે તે નગરમાં રહ્યા, પણ સતત ગ્રામચેતનાની નોળવેલ સૂંઘતા રહ્યા; ખેતર સાથે, પ્રકૃતિ સાથે, સમગ્ર જીવસૃષ્ટિ સાથે જીવવા મથતા રહ્યા. (યાદ આવે છે – વલ્લભવિદ્યાનગરમાં ગુજરાતી સાહિત્ય પરિષદના અધિવેશન વખતે અમે બે-ચાર મિત્રો પરોઢિયે રઘુવીરભાઈ સાથે ખેતરમાં ચાલવા નીકલેલા, રઘુવીરભાઈના છેક પગ પાસેથી એક ઝેરી નાગ પસાર થઈ ગયો, અમને ફાળ પડી, પણ એમના ચિત્તમાં થડકો સુધ્ધાં ન થયો! ‘નાગબાપા’ વિશેનું ‘કુદરતની હથેલી’માંનું કાવ્ય ‘પૂર્વજ’ વાંચતાંય વલ્લભવિદ્યાનગરના ખેતરમાંનો એ નાગ યાદ આવેલો.)

નામવરસિંહે રઘુવીર ચૌધરીને કપાસ સાથે સરખાવ્યા છે. એમના ચિત્તમાં અંકિત થયેલી એક તસવીરઃ

> ‘માણસામાં આવેલું પોતાનું જ પ્રેસ! અંદર કમ્પ્યૂટર અને કપાસ વચ્ચે બિરાજ્યા છે ડૉ. રઘુવીર ચૌધરી, કપાસકેશી, પ્રૂફ વાંચે છે!’

રઘુવીર એમને ફૂલછોડ ને વૃક્ષવેલનો પરિચય કરાવે છે એની વાત કરતાં નામવરસિંહે નોંધ્યું છે :

> ‘વૃક્ષો તો બીજાંય હતાં પણ વધુ મોહક અને પ્રભાવક હતો રઘુવીરભાઈ દ્વારા અપાતો એમનો પરિચય. જાણે એ કેવળ વૃક્ષો જ નહીં પણ એમના પરિવારના અભિન્ન અંશ ન હોય!’

ઘર-ખેતર સાથેના રઘુવીરભાઈના સંબંધ વિશે પણ નામવરસિંહે નોંધ્યું છેઃ

> ‘મારા ગામથી તો મારે ક્યારનુંય છેટું પડી ગયું છે પણ હું એ વાતે રાજી છું કે અમારામાંથી કોઈક તો છે જેણે હજી ઘરખેતર સાથે નાભિચ્છેદ થવા દીધો નથી. ભૂમિ–જન્મભૂમિ સાથેનો આ નાભિસંબંધ જ રઘુવીરભાઈની સર્જકતાનો મેરુદંડ છે.’

એમની કવિતામાં ખેતર વારે વારે પ્રગટી ઊઠે છે ને ખેતર સાથે ઊડી આવે છે પાદરનાં પંખી ને કુદરતની હથેલીમાં રચાય છે ધરાધામ. હા, નગરચેતનાનીય બાદબાકી નથી, એમનાં કાવ્યોમાં શેઢા સાથે ફૂટપાથ પણ પ્રગટે છે. પણ એમનાં કાવ્યોમાં પ્રગટનું નગર ભગતસાહેબનાં કે ગુલામમોહમ્મદ શેખનાં કાવ્યોમાં પ્રગટ થતા નગર કરતાં સાવ અલગ છે; નગર પણ ખેડૂતની નજરે, શ્રદ્ધાના અજવાળે જોવાયું છે ને ગ્રામચેતનાની જેમ જ નગરનોય એમની કવિતામાં સમાસ થયો છે. આ કવિ નગરને, ખેતરને, ગામને, જીવનને અને સમગ્ર જગતને સૌન્દર્યની નજરે, વિધાયક દૃષ્ટિથી જુએ છે. ચંદ્રકાન્ત શેઠે ‘ફૂટપાથ અને શેઢો’ની પ્રસ્તાવનામાં

યથાર્થ નોંધ્યું છે :

> ‘રઘુવીરના જીવનની ગતિ શેઢાથી ફૂટપાથ તરફ અને એમના કવનની ગતિ ફૂટપાથથી શેઢા તરફની. આજની ભૂમિકામાં રઘુવીર બેમાંથી એકેયને છોડી શકે તેમ નથી.’

‘ફૂટપાથ અને શેઢો’ પ્રગટ થયું ૧૯૯૭માં અને ‘બચાવનામું’ ૨૦૧૧માં. છતાં કવિ-વિવેચક ચંદ્રકાન્ત શેઠે ‘ફૂટપાથ અને શેઢો’માં ‘એક રસપ્રદ યાત્રા : સ્નેહથી સમજ સુધીની’ શીર્ષક અંતર્ગત લખેલી પ્રસ્તાવનામાં અંતે કરેલી આ નોંધ ‘બચાવનામું’ સાથે પણ વધુ સુસંગત નીવડે છે :

> ‘રઘુવીરના વ્યક્તિત્વની તેમ એમની કવિતાની એક આગવી મુદ્રા છે. માનવજીવન ને માનવસંસ્કૃતિ જે મૂલ્યોથી ટકી-વિકસી છે તેનાં જતન-જાળવણીમાં, તેનાં પ્રસાર-પોષણમાં પોતાના માનવધર્મની જ નહીં, કવિધર્મ ને કવિકર્મનીયે સાર્થકતા પ્રીછનારા આ વાગ્વીર છે.’

નવલકથા-લેખનનો અનુભવ કાવ્ય-લેખનમાં ઉપકારક પણ નીવડે ને શક્ય છે કે કાવ્ય-ઘટકને હાનિ પણ પહોંચાડે. પણ આ કવિ નવલકથાના ગદ્ય તથા કાવ્યબાની બાબતે સજાગ, સ-ભાન છે. એમણે નોંધ્યું છે :

‘કાવ્યભાષા અને નવલકથાની ભાષા વચ્ચે હું મોટો ભેદ જોઉં છું.’

વળી કાવ્યને ઘાટ આપવા એમણે સંવેદન, કલ્પન, પ્રતીક, નિરીક્ષણ, જીવન, સૌન્દર્ય ઉપરાંત છંદોનેય જરૂર પડ્યે ખપમાં લીધા છે. ‘સર્વત્ર વીખરાયેલી પડેલી સારપને સંકલિત’ કરીને તે ‘ધરાધામ’નું સર્જન કરી શકે છે. કારણ આ કવિ જગતનાં તમામ રૂપો સમક્ષ ખેતર જેવા ખુલ્લા છે. કોઈ વાદ કે વાડામાં બંધાઈ જતા નથી, પણ અખિલાઈ પ્રત્યે આસ્તિક છે. વિવેચકોને બોલકાં લાગે તેવાં કોમી રમખાણો વિશેનાં કાવ્યો પણ આ કવિ પાસેથી મળ્યાં છે. પણ કવિએ નોંધ્યું છે તેમ, આ કાવ્યો થકી ‘કહેવાનું એટલું જ છે : ધર્મોનો ધર્મ માનવી, માનવનો ધર્મ પ્રેમ.’ ઐતિહાસિક-સાંસ્કૃતિક સંદર્ભો સાથેનાં સ્થળવિષયક કાવ્યો એમની પાસેથી મળ્યાં છે. કવિના મુખે ‘રાજસ્થાન’નું પઠન સાંભળવાનો લ્હાવો અનેક વાર મળ્યો છે. એની પંક્તિઓ નીરખીએ, સાંભળીએ :

**‘ઊંટનાં સ્તબ્ધ રૂંવાં-શું ઘાસ,**<br>
**ઘાસ પર વરસી આવે રેત,**<br>
**રેતનો રંગ ઊંટની પીઠ ઉપર**<br>
**ને આંખોમાં પણ ફરકે એવો.’**

*

**‘મારા ગામે ભાગોળે બેઠેલા**<br>
**ધીરે હુક્કો પીતા વૃદ્ધો માટે,**

**પૂજાપાનો થાળ ગ્રહીને જતી કન્યકા કાજે આજે**
**ઊંટ તણી પીઠે લાદીને લાવી શકતો નથી હું રાજસ્થાન.**
**હવે તો આંખ મહીં એ ટકે એટલું સાચું.'**

કવિતાનાં બધાં સ્વરૂપોમાં આ કવિએ કામ કર્યું છે, મુશાયરામાં ગઝલ રજૂ કરતા રઘુવીરને સાંભળવાનો લ્હાવો મળ્યો છે, એમને સ્વયંભૂ દાદ મળતીય જોઈ છે. તો, એકાદ-બે શેર સાંભળીએ :

**'આ દર્દ મૌનમાં જ છવાતું ભલે હવે,**
**મેં તો કહ્યું હતું મને ને સાંભળ્યું તમે.**

*

**'મેં મિત્રોને જુદા ગણીને ઓળખ્યા નથી,**
**જોયું કે એમને જ અજાણ્યા થવું ગમે.'**

ભાવકચેતનામાં વિસ્તરે, સર્જકચેતનાનેય પોષણ આપે તેવી થોડીક પંક્તિઓ ટાંકું :

**'ઊડી ગયાં સહુ વિહંગ નભથી**
**નીરવતા ફરકે છે શઢથી.**

*

**'કોક છીપમાં બેઠી બેઠી ઝૂરે સુંદરતા.'**

*

**'ખળ ખળ વહેતાં વૃક્ષ પવનમાં.'**

*

**'આંખ કેડી પાડે છે આકાશમાં.'**

*

**'હું તો ક્યારા વાળું**
**ને ડાળ છાંયો ધરે.'**

*

**'આ સમય સૂર્યનો પડછાયો**
**ને સૂર્ય સમયનો ચહેરો.'**

*

**'મારી ક્ષણો માળો શોધે છે**
**પણ ક્ષિતિજ પર કશું નથી.'**

*

**'મને કાંટાઓનો બાધ નથી,**
**સંસાર જેટલો જ ગમે છે બાવળ.'**

*****

**'ફૂટપાથ પર ઊભા રહેવાનો થાક**
**ખેતરમાં કામ કરીને ઉતારું છું.'**

*****

**'જમીન તો**
**જોઈએ એટલું જ પાણી લે છે.**
**ઉપરનું આપી દે છે કુદરતને.'**

*****

**'મારી ભીતર જાગેલા પંખીના ધ્યાને**
**નીલ ગગનનાં દ્વાર ઊઘડે,**
**ધરાધામ અજવાળે.'**

ઇકૉલૉજીના સંતુલનના વિરલ કાવ્ય 'આપલે'ની આ પંક્તિઓ જોઈએઃ

**'મૂળ પોતાને માટે ક્યાં પીએ છે?**
**એ તો પાણીદાર બનાવે છે**
**રોપાની દાંડીને,**
**દાંડી ડાળખીને,**
**ડાળખી પાંદડાને,**
**પાંદડું ફૂલને**
**ફૂલ ધરે છે દાણો પ્રકાશને.'**

આગામી પંક્તિમાં કવિ પોતાનો પરિચય આમ આપે છે :

**'હું ખેડુ જોતરું જાત,**
**સેવું ધરતી-આભને.'**

ધરતી-આભને સેવનારા આ કવિનો 'હું' એમનાં કાવ્યોમાં કેવો પ્રગટ થાય છે?! –

**'હું કેડી ખોતાં શતપથમાં પ્રસર્યો,**
**ફેલાયો ઇમારતોના, રસ્તાઓના, આકાશોના અવકાશે.**
**હું જન મન ગણ વચ્ચે વધતા**
**અંતર સાથે વિસ્તરતો.'**

*****

**‘હું જ મારાં પ્રતિરૂપ છૂંદી રહું.’**

*****

**‘હું તો અહીં સૈક્તસંગ ઊછરતો નગરજન**
**પારકી ગતિએ હરીફરીને**
**પાડી બેઠો ભાષામાં જ જીવવાની પ્રથા.’**

*****

**‘હું મારા અન્યને શોધું છું.’**

*****

**‘હું પૃથ્વીનો અંકુર મુગ્ધ, ઊંચાં,**
**આકાશતત્ત્વો નીરખી પ્રફુલ્લ!’**

*****

**‘હું તો એકલપંડો**
**જાત સાથે વાતે વળનારો.’**

ધરતી-આભને ખેડનારા-સેવનારા આ કવિનો ‘હું’ ધીમે ધીમે ખેતરમાં, માટીમાં, ધરતીમાં, આભમાં ભળતો જતો, ઓગળતો જતો પમાય છે.

આ કવિ દર્પણમાં જુએ છે તો એ શું ભાળે છે?! વિસ્મિત કરી દેતી આ 3D ઇમેજ જુઓ :

**‘દર્પણમાં**
**મારા ચહેરાની પાછળ**
**હજીય વહેતી**
**આ એક નદી**
**નામે સાબરમતી.’**

આ કવિમાં સંવેદનો કેવી તીવ્રતાથી પ્રગટ થાય છે એનું એક ઉદાહરણ જોઈએ, નીરખીએ :

**‘ચિતાની ટાઢી વાળવા ગયો**
**ત્યારે સૂર્યોદય થવામાં હતો.**
**માનાં ફૂલ જાણે મને ઓળખતાં હોય**
**એમ દુધિયલ આંસુ-શાં ચમકી ઊઠ્યાં.’**

સૃષ્ટિમાંથી સારપને સંકલિત કરનાર, નીરવતાને સઢથી ફરકતી જોઈ શકનાર, છીપમાં બેઠેલી સુંદરતાનો ઝુરાપો સંવેદી શકનાર, અખિલાઈ પ્રત્યે આસ્તિક એવા આ કવિને વંદન.

*

# ‘પત્રગઝલગુચ્છ’ની ગઝલોઃ ભારતીય પ્રેમાભિવ્યક્તિની દ્યોતક

ડૉ. રમેશ ચૌધરી

‘ગઝલસંહિતા’એ ગુજરાતી ગઝલક્ષેત્રે ઘણું કૌવત દાખવ્યું છે. ‘ગઝલસંહિતા’નું આ કૌવત તેનાં ભાવ, ભાષા, સંવેદન અને અભિવ્યક્તિને કારણે પ્રગટે છે. ‘ગઝલસંહિતા’માં વ્યક્ત થયેલ ભાવને અનુરૂપ અભિવ્યક્તિ અને ભાષાકૌશલ સૌ કોઈનું ધ્યાન ખેંચ્યા વિના રહેતાં નથી. ગઝલના આરંભથી માંડીને આજ સુધી પ્રેમ, પ્રકૃતિ અને અધ્યાત્મભાવનું આલેખન ગઝલના મુખ્ય વિષયો રહ્યા છે; તેમ છતાં એક ગઝલકારના હાથે આ ભાવો નવો અર્થસંદર્ભ પામતા રહ્યા છે. ગઝલના આ ભાવોની અભિવ્યક્તિને સ્થળ-કાળ કે ભાષાગત બંધનો ક્યારેય નડ્યાં નથી. બલકે સમયાંતરે આ ભાવ વિવિધ ગઝલકારના હાથે પરિપક્વ બનીને વધારે સારી રીતે રજૂ થતા રહ્યા છે.

ગઝલને તેના ઉદયકાળમાં સૂફી ચેતનાનો સ્પર્શ મળ્યો અને ભારતમાં ગઝલનાં પગરવ થતાં તેમાં દાર્શનિક તત્ત્વ ભળ્યું, પરિણામે ગઝલના આધ્યાત્મિક ભાવની પરિપાટી વધારે સમૃદ્ધ બનતી ગઈ. ગુજરાતી ગઝલ બાળાશંકર કંથારિયાથી માંડીને આજ સુધી અધ્યાત્મભાવને વિવિધ રીતે પુષ્ટ બનાવતી રહી છે. રાજેન્દ્ર શુક્લ ગુજરાતી ગઝલની આધ્યાત્મિક મુદ્રાને એક જુદો વળાંક આપે છે. તેમની પાસેથી મળેલ ‘ગઝલસંહિતા’ની ૪૫૦ જેટલી ગઝલો અધ્યાત્મભાવનો ખૂબ મોટો પરિઘ રચે છે. અધ્યાત્મભાવ એ ‘ગઝલસંહિતા’નું કેન્દ્રબિંદુ છે અને અન્ય ભાવોની અભિવ્યક્તિ પણ જાણ્યે-અજાણ્યે, એક યા બીજી રીતે તેમાં આવીને ભળે છે. સૂફી ચેતનાની સાથે દાર્શનિક, ઔદેશિક તત્ત્વ તથા સોરઠી ભજન અને સંતપરંપરાના સંદર્ભો ધરાવતી ‘ગઝલસંહિતા’ની ગઝલોનો એક છેડો સૂફી ચેતના સાથે જોડાય છે તો બીજો છેડો ભારતીય દર્શન સાથે જોડાય છે. આ બંનેનો સુભગ સમન્વય સાધીને ચાલતી રાજેન્દ્ર શુક્લની ગઝલોમાંથી અધ્યાત્મભાવનું ઊંડાણ અને ઉંચાઈ સિદ્ધ થાય છે.

‘પત્રગઝલગુચ્છ’ની રચનાઓ મળે છે તે પહેલાં ‘ગઝલસંહિતા’માં પત્ર-વિષયક ભાવસંવેદનની અભિવ્યક્તિ સાંપડે છે તેમાં આ ગઝલગુચ્છનાં બીજ પડેલાં અનુભવી શકાય છે. પ્રિયપાત્રની અનુપસ્થિતિને ખાળવા માટે ગઝલકાર પત્રનો વારંવાર સહારો લે છે અને આવા સમયે પત્ર જ એકમાત્ર આધાર બની રહે છે. ‘પત્રસંવેદના’ અને ‘ઘૂઘવે એકાંત’ આ બંને રચનાઓ એક જ દિવસે (3 ફેબ્રુઆરી, ૧૯૭૫માં) થઈ છે. ‘પત્રગઝલગુચ્છ’ની વાત કરતાં પૂર્વે આ બંને

રચનાઓનાં ઉદાહરણ જોઈએ :

**ઘૂઘવે એકાંત પારાવારનું,**
**પત્ર જેવો પાતળો આધાર છે.' (ગઝલસંહિતા ૨:૩૯)**

**'દૂર સાગરમાં અવશ સરતા, સખી!**
**પત્રના તરણે અમે તરતા, સખી!'**

**આમ તો ખાલી બધું તારા વિના,**
**પત્રથી પળને અમે ભરતા, સખી!**

**પત્રને આધારે ટકતો પ્રાણ આ,**
**પત્રમાં પાછો તને ધરતા, સખી!' (ગઝલસંહિતા ૨:૩૮)**

આ બંને રચનાઓ અને 'પત્રગઝલગુચ્છ' વચ્ચેના સમયના લાંબા અંતરને તપાસતાં ખ્યાલ આવે છે કે સંવેદન અને ભાષાભિવ્યક્તિમાં ઘણી ભિન્નતા જણાય છે. 'જત જણાવાનું તને કે'થી શરૂ થતી 'ગઝલગુચ્છ'ની ૧૧ રચનાઓમાં ભાવની એક સળંગસૂત્રતા અનુભવાય છે. 'પત્રગઝલગુચ્છ' પૂર્વે આપણને 'પત્રસંવેદના' મળી ચૂકી હતી પરંતુ આ 'પત્રગઝલગુચ્છ'માં ગઝલકારનો અંગત પ્રેમ બિનઅંગતતા ધારણ કરીને આવે છે. ટી. એસ. એલિયટ કલાની બિનઅંગતતાની જે વાત કરે છે તે અહીં ચરિતાર્થ થતી જોવા મળે છે. 'પત્રગઝલગુચ્છ'ની રચનાઓ ૨૧ નવેમ્બર, ૧૯૭૭થી ૧૯ ઑગસ્ટ, ૧૯૬૮માં થઈ છે. આ બધી રચનાઓ એક જ સમયે, એક સ્થળેથી લખાઈ નથી. તેમની વચ્ચે સ્થળ અને સમયનું પણ ખાસ્સું અંતર છે. આરંભની આઠ રચનાઓ ગઝલકારે દાહોદમાં રહીને લખી છે, જ્યારે અંતિમ ત્રણ રચનાઓ અનુક્રમે ટ્રેનમાં, ચેન્નઈ અને થિરુવન્નામલાઈથી લખાઈ છે પરંતુ આ બધી જ રચનાઓ એક સ્વતંત્ર ગઝલગુચ્છ રૂપે આપણી સમક્ષ આવે છે ત્યારે તે રચનાઓ સળંગસૂત્રતાનો અનુભવ કરવામાં ક્યાંય ઓછી ઊતરતી નથી. સ્ત્રી-પુરુષના આગવા ભાવસાહચર્યને આ 'પત્રગઝલગુચ્છ' દ્વારા મૂકવામાં આવ્યું છે. પત્રના માધ્યમ દ્વારા અહીં વિરહજન્ય નાયકની વિવિધ ભાવમુદ્રાઓ પ્રગટ થાય છે, તો ક્યારેક પત્રના માધ્યમ દ્વારા મિલનનો આનંદ પણ વ્યક્ત થાય છે. ગઝલકારે પ્રણયના આલેખનમાં પ્રકૃતિનાં વિવિધ રૂપોને આલંબન-ઉદ્દીપનવિભાવ તરીકે પ્રયોજીને પ્રકૃતિ પાસેથી પણ ઘણું કામ કઢાવ્યું છે. પ્રણયની સ્થૂળતામાંથી નાયક-નાયિકા નીકળી સૂક્ષ્મતા તરફ ગતિ કરે છે તેનાં વિવિધ રૂપો અહીં ઠેર-ઠેર દશ્યમાન થાય છે. જેમ કે –

**'એ જ તું ધરતી અને આ એનું એ આકાશ હું**
**દૂર દખ્ખણ દેશમાં પણ એ જ રંગો ઊઘડે.' (ગઝલસંહિતા ૨:૬૪)**

**'અંત ચોરાસી અરણ્યોનો હવે આવી ગયો,**
**જ્યાંથી નિષ્કાસિત થયાં'તાં પામિયેં એ પ્રાંતને. (ગઝલસંહિતા ૨:૫૭)**

**'તું કહે, ક્યારે નથી હોતો હું તારા શ્વાસમાં,**
**આમ જોકે હું હંમેશાં કહેકશાઁમાં હોઉં છું!'** (ગઝલસંહિતા ૨:૫૯)

'પત્રગઝલગુચ્છ'ની આ રચનાઓ પત્રશૈલીના માધ્યમથી રચાઈ હોઈ તેમાં અવારનવાર પત્ર, કલમ, કાગળ, શાહી, ખત, દોત, શબ્દ ઇત્યાદિ સામગ્રીને પણ સમાવી લેવામાં આવી છે. વળી, આ સામગ્રી નાયકની મનોવ્યથાને પત્ર ઉપર ઉતારવામાં ક્યાંક સહાયરૂપ થાય છે તો ક્યાંક અડચણ પણ પેદા કરે છે. ગઝલનાયકની સમક્ષ આ સામગ્રી ઉપસ્થિત હોવા છતાં કંઈ લખી ન શકવાની મૂંઝવણ, મનોવ્યથા 'તું બધું જાણે સજન' રચનામાં વ્યક્ત થઈ છે. જેમ કે –

**'સાંજના કાગળ કલમ ને દોત લઈ બેઠા છિયે,**
**ને હજી તો વાટ સંકોરી રહ્યા વા'ણે સજન!'** (ગઝલસંહિતા ૨:૫૬)

તો ક્યારેક લખાયેલ ખત અધૂરો હોય અને લખાયેલ પત્ર પહોંચે તે પહેલા જ પ્રત્યક્ષ મિલનની ઝંખના વ્યક્ત થઈ છે. જુઓ –

**'જત જણાવાનું તને કે ઝળહળું છું**
**ખત અધૂરો હોય ત્યાં તો ખુદ મળું છું.'** (ગઝલસંહિતા ૨:૫૪)

**'પત્ર પહેલાં હું જ પહોંચી જાઉં એવું કાં થતું?**
**શબ્દ પ્હેલાં શ્વાસ પહેરી લે છે જોને આભરણ!'** (ગઝલસંહિતા ૨:૫૫)

અહીં આલેખિત પ્રણય પરંપરિત પ્રેમના રૂઢ માળખાને ઉવેખવાનું કામ કરે છે. અંગત પ્રેમને ગઝલકારે પત્રશૈલીના માધ્યમ દ્વારા રજૂ કરી ધારી સફળતા પણ પ્રાપ્ત કરી છે. એ દૃષ્ટિએ 'પત્રગઝલગુચ્છ'ની ગઝલો પરંપરિત અને રૂઢ થયેલ ભાષાના માળખામાં પણ બદલાવ આણવાનું કામ કરે છે. 'ગઝલસંહિતા'માં આવતી પ્રણયાનુભૂતિ દ્વારા પ્રિયાપ્રેમનું સ્થૂળ કે વાસનામય આલેખન નહીં પરંતુ સૂક્ષ્મ તેમજ માનવીય આત્માને પામવાની અને તે દ્વારા 'रसो वै सः'ની અનુભૂતિ સિદ્ધ થતી અનુભવાય છે. બાહ્ય જગતની સ્થૂળતા, પોકળતા કે હતાશાનું આલેખન નહીં પરંતુ સર્વત્ર પ્રેમની અનુભૂતિને આગવા ભાવસંવેદન સાથે અભિવ્યક્ત કરી છે. આથી અહીં પ્રેમવૈફલ્ય કે વિસંગતતાનું આલેખન કે દર્શન નથી પરંતુ માનવીય આત્માનું ઐક્ય અને તે દ્વારા પ્રાપ્ત થતા આનંદની અનુભૂતિજન્ય રજૂઆત થવા પામી છે.

'પત્રગઝલગુચ્છ'માં પ્રકૃતિનું આલેખન પણ ખૂબ જ થયું છે. પ્રકૃતિનાં વિવિધ રૂપોને સૂક્ષ્મ સ્તરે આલંબન અને ઉદ્દીપનવિભાવ રૂપે પ્રયોજીને ગઝલકારે ભાવને ઇચ્છિત આકાર આપવાનું કામ કાઢ્યું છે. જોકે પ્રકૃતિ અહીં નાયકના મનોભાવને વાચા આપવાનું કામ કરે છે, આથી નાયકના ભાવપરિમાણનો પ્રકૃતિના માધ્યમ દ્વારા વિસ્તાર સાધવામાં આવ્યો છે. નાયક-નાયિકાની મનોસ્થિતિ પ્રકૃતિનાં વિવિધ રૂપો દ્વારા અભિવ્યક્ત કરાઈ છે. જેમ કે –

**'જત જણાવાનું તને, જો કલ્પવલ્લી પાંગરે,**
**આ સહજ સ્પરશું અહીં કે ઢગ ત્યહીં પુષ્પો ઝરે!'** (ગઝલસંહિતા ૨:૫૮)

**'તગતનું તડકો થઈ તારા બધા દિવસો મહીં,**
**અંધકારે મઘમઘ્યો તારી નિશામાં હોઉં છું.' (ગઝલસંહિતા ૨:૫૯)**

**ત્યાં જ ક્ષણ સંતપ્તનાં વાતાયનો વીંધી અને**
**અંગુલી તારી કિરણ શી આ મને પરસી રહી.'**

***

**ચાંદની-કેદારના સ્વર પારિજાતક શ્વાસના,**
**દૂરથીયે મઘમઘે છે તું હૃદયવરસી રહી.' (ગઝલસંહિતા ૨:૬૦)**

**'પર્વતો, સાગર, વનો, ને મંદિરોની મૂર્તિમાં,**
**કોણ મલકે છે મધુર આ જુદાજુદા વેશમાં.' (ગઝલસંહિતા ૨:૬૩)**

**'એ જ તું ધરતી અને**
**આ એનું એ આકાશ હું,**
**દૂર દખ્ખણ દેશમાં પણ એ જ રંગો ઊઘડે. (ગઝલસંહિતા ૨:૬૪)**

'પત્રગઝલગુચ્છ'માં પ્રયોજાયેલ વિવિધ સ્થળવિષયક સંદર્ભો પણ કાવ્યાત્મક રૂપ ધારણ કરીને આપણી સમક્ષ આવે છે. દક્ષિણ ભારતનાં વિવિધ સ્થળો અને તેની ખાસિયતોનો સંદર્ભ એક જુદો પરિવેશ ધારણ કરીને આવે છે. 'પત્રગઝલગુચ્છ'માં ગઝલકારે મદ્રાસ, કલકત્તા અને અરુણાચલ પ્રદેશના વિવિધ સંદર્ભોને પ્રયોજ્યા છે તેમાં આ વાતની પ્રતીતિ થયા વિના રહેશે નહીં.

**'શ્વાસનાં આરોહણો આ પ્રાણના અરુણાચલે,**
**સંઘ ત્યાં પહોંચો તેલ્લે જે મેં મને લ્હ્યાં સાંપડે...' (ગઝલસંહિતા ૨:૬૪)**

**'જત જણાવવાનું તને કે દૂર દખ્ખણ દેશમાં**
**ઓતરાદા વાયરા વાતા સહજ સંદેશમાં.'**

**પર્વતો, સાગર, વનો ને મંદિરોની મૂર્તિમાં,**
**કોણ મલકે છે મધુર આ જુદા જુદા વેશમાં.' (ગઝલસંહિતા ૨:૬૩)**

પત્રના માધ્યમ દ્વારા વ્યક્ત થવા મથતા કાવ્યનાયકને ક્યારેક સફળતા મળી છે, તો ક્યારેક એમાં શબ્દનાં આવરણો વ્યવધાન બને છે.

અહીં એક અન્ય બાબત પણ ખાસ નોંધાવી ઘટે કે, 'પત્રગઝલગુચ્છ' પૂર્વે આપણને 'રતિવાર્તિક'ની ત્રણ ગઝલો મળે છે. આ ત્રણેય ગઝલો સ્ત્રી-પુરુષના મિલનના આનંદની અનુભૂતિને પ્રગટાવે છે. સંભોગશૃંગારનું આલેખન હોવા છતાં ભાષાના અપૂર્વ નાવીન્યને કારણે ક્યાંય અશ્લીલતા પ્રગટતી નથી. બલકે પ્રણયભાવનું આ આલેખન અહીં શિષ્ટ બનીને અભિવ્યક્તિનો એક આગવો મિજાજ પ્રગટાવે છે. વળી, 'રતિવાર્તિક'ની આ ત્રણેય ગઝલો પ્રણયનો ક્રમિક વિકાસ પણ સૂચવે છે. આલંબન અને ઉદ્દીપન વિભાવ અને વિપ્રલંબમાંથી સંભોગ

તરફ સરતી શૃંગારની ગતિ પણ અહીં જુદું ભાવપરિમાણ ધારણ કરે છે. પ્રણયભાષાનો આ ક્રમિક વિકાસ 'રતિવાર્તિક'ની ત્રણ ગઝલો રૂપે સચવાયો છે.

પ્રેમભાવનું વાસનામય નિરૂપણ નહીં પરંતુ સૂક્ષ્મ રૂપ અહીં આકારિત થયું છે. પ્રણયની હતાશા, નિરાશા, વિરહ, મિલન તથા દુઃખ, દર્દ કે રુદનનું આલેખન અહીં સાંપડતું નથી તેનું કારણ પણ પ્રણયની ઊર્ધ્વગતિ છે. પ્રણયની પડછે અધ્યાત્મ રહેલો હોઈ આ લૌકિક ભાવોનું અહીં સ્વતંત્ર આલેખન થયું નથી.

'પત્રગઝલગુચ્છ'ની ગઝલોની ભાષા પણ ધ્યાન ખેંચે છે. અહીં આરંભમાં 'જત જણાવવાનું'ને બદલે 'જત જણાવાનું...' થયેલો શબ્દપ્રયોગ ભલે છંદ સાચવવા માટે કરવામાં આવ્યો હોય પરંતુ એની અસરકારકતા ઓછી થતી નથી. આપણા રૂઢ અને પ્રચલિત ભાષાના માળખાને ઉવેખવાનું કામ રાજેન્દ્ર શુક્લએ પત્રશૈલી દ્વારા કર્યું છે. પરંપરાગત ભાષાપોત કરતાં સાવ જુદું તરી આવતું ભાષાપોત પ્રયોજીને ભાષાને બને તેટલી ભાવવાહી બનાવવાનો પ્રયત્ન રાજેન્દ્ર શુક્લએ અહીં કર્યો છે. પરંપરાગત ગુજરાતી ગઝલોમાં દેખાતી અરબી-ફારસી કે ઉર્દૂ બાનીને સ્થાને રાજેન્દ્ર શુક્લએ સંસ્કૃત-તત્સમ અને તળપદી બાની પ્રયોજીને ગુજરાતી ગઝલને એક જુદી દિશા ચીંધતી 'ગઝલસંહિતા'ની ગઝલો ગુજરાતી ગઝલના ઇતિહાસમાં નોંધપાત્ર છે.

રાજેન્દ્ર શુક્લએ ગુજરાતી ગઝલને એક જુદી જ દિશા આપવાનું કામ કર્યું છે. અગાઉની ગુજરાતી ગઝલમાં શરાબ, સાકી, મયખાના, જામ ઇત્યાદિ રૂઢ થયેલાં ભાવપ્રતીકો જ પ્રાધાન્ય ભોગવતાં હતાં પરંતુ આજે ગઝલનું કલેવર બદલાયું છે, એનું સંવેદન બદલાયું છે અને અભિવ્યક્તિરીતિ પણ બદલાઈ છે. ગુણવંત ઉપાધ્યાય યોગ્ય નોંધે છે કે, 'ગઝલને સૂફીની મસ્તી જેટલી માફક આવે છે તેટલી જ પરમ-લક્ષણા-ન્યોછાવરી માફક આવે છે. આ કવિ તાગે છે કે ગઝલને ખાખી, ભગવો અવધૂતિ રંગ ચઢે છે કે કેમ?' (ગઝલગ્રાફ પૃ. ૨૧૧, પ્ર. આ. ૨૦૦૮).

સંદર્ભગ્રંથ :

૧. 'ગઝલગ્રાફ', ઉપાધ્યાય ગુણવંત, ગુજરાતી સુગમ સંગીત ફાઉન્ડેશન, અમદાવાદ, ૨૦૦૮

૨. 'મારા સમકાલીન કવિઓ', પરીખ ધીરુ, કુમકુમ પ્રકાશન, અમદાવાદ

૩. 'ગુજરાતી ગઝલ', ભગવતીકુમાર શર્મા, પરિચય પુસ્તિકા પ્રવૃત્તિ-૮૪, પરિચય ટ્રસ્ટ, મુંબઈ, પ્ર. આ. ૧૯૯૬

૪. 'ગુજરાતી ગઝલ', ટંકારવી અદમ, પાર્શ્વ પ્રકાશન, અમદાવાદ, પ્ર. આ. ૧૯૯૧

5. 'ગુજરાતી ગઝલની સૌંદર્યમીમાંસા', મીર રશીદ, પાર્શ્વ પ્રકાશન, અમદાવાદ

6. 'કવિલોક' : સપ્ટે.-ઑક્ટો. 1971 : પટેલ મણિલાલ હ.

7. 'ઉદ્દેશ', એપ્રિલ, 2008, શુક્લ રાજેન્દ્ર

8. 'છીપનો ચહેરો ગઝલ', ઘાયલ અમૃત અને દવે મકરંદ, નવભારત સા. મંદિર, અમદાવાદ, આ. 2000

9. 'ગઝલ : પરંપરા, પરિવર્તન અને પ્રયોગ', વટાવવાળા હરીશ, શબ્દલોક પ્રકાશન, આ. 2005

10. 'ગઝલવિમર્શ', વ્યાસ રાજેશ 'મિસ્કીન', આર. આર. શેઠની કંપની, અમદાવાદ, આ. 2007

❑

## શ્રદ્ધાંજલિ

વર્ષ ૨૦૨૩-૨૦૨૪માં અવસાન પામેલા દિવંગતોની યાદી

| ક્રમ | નામ | અવસાન તારીખ |
|---|---|---|
| ૧ | બાલકૃષ્ણ દોશી | ૨૪-૧-૨૦૨૩ |
| ૨ | મધુસૂદન પારેખ | ૨૮-૧-૨૦૨૩ |
| ૩ | ધીરુબહેન પટેલ | ૧૦-૩-૨૦૨૩ |
| ૪ | બી. એમ. પિરઝાદા | ૧૩-૭-૨૦૨૩ |
| ૫ | અચ્યુત યાજ્ઞિક | ૪-૮-૨૦૨૩ |
| ૬ | સુકુમાર પરીખ | ૩૦-૮-૨૦૨૩ |
| ૭ | વજેસિંહ પારગી | ૨૩-૯-૨૦૨૩ |
| ૮ | ધર્મેશ ભટ્ટ | ૨૮-૯-૨૦૨૩ |
| ૯ | નયન હ. દેસાઈ | ૧૨-૧૦-૨૦૨૩ |
| ૧૦ | મધુસૂદન કાપડિયા | ૨૨-૧૦-૨૦૨૩ |
| ૧૧ | હરીશ નાયક | ૨૪-૧૦-૨૦૨૩ |
| ૧૨ | ચંદ્રકાન્ત શાહ | ૩-૧૧-૨૦૨૩ |
| ૧૩ | મહેશ ધોળકિયા | ૬-૧૨-૨૦૨૩ |
| ૧૪ | નિર્મિશ ઠાકર | ૧૪-૧-૨૦૨૪ |
| ૧૫ | સાહિલ | ૨૭-૧-૨૦૨૪ |
| ૧૬ | દિલીપ ગોહિલ | ૨૬-૧-૨૦૨૪ |
| ૧૭ | રમેશ બી. શાહ | ૩-૨-૨૦૨૪ |

ગત જાન્યુઆરી 2023 થી 3 ફેબ્રુઆરી - 2024 સુધીમાં આપણા ઘણા સાથીઓએ આપણી વચ્ચેથી વિદાય લીધી...ગુજરાતી સાહિત્ય પરિષદ આ સૌ દિવંગત કળાકારો, સાહિત્યકારો, શિક્ષણશાસ્ત્રીઓ અને પત્રકારમિત્રોને સજળ નેત્રે શ્રદ્ધાંજલિ આપે છે.

**સમીર ભટ્ટ**
મહામંત્રી

## શ્રધ્ધાંજલિ

# ‘ગનપટ હુરટીના ગોટારા’ કહેતા-કહેતા ‘નિમ્મેસભૈ’ ચાલી નીકળ્યા...

**પરીક્ષિત જોશી**

નડીની રેલમાં ટરટું નગર મલે નીં મલે
ફરી આ ડ્રસ્ય સ્મૃતિપટ ઉપર મલે નીં મલે
અરે કાડવ ઠહે ટો ઉગહે એમાં બી કમર
પછી આ માટીની ભીની અસર મલે નીં મલે
પરિચિટોને ડઘાઈને જોઈ લેવા ડેવ
એ કરડા ઠોબડાં, ટ્રાંસી નજર મલે નીં મલે
બઢા ડૂબી ગીયાં રસ્ટાઓ, બારીઓ, ભીંટો
ટમે બી ડૂબહો પછી આ ઘર મલે નીં મલે
ઊટરહે પૂર, પછી ફાટવાનો પ્લેગ ટરટ
પછી કોઈને કોઈની કબર મલે નીં મલે
ટને બી લૈ ડૂબે- એવાની આંગરી નીં પકડ
બચી જહે ટું, ભલે હમસફર મલે નીં મલે
વટનમાં હું મલે કે માઠું ભરી ડેઉં ‘નિમ્મેસ’
ટને કાડવ જે મયલો, ઉમ્રભર મલે નીં મલે

(‘હુરટનું પૂર’- હુરટી પ્રતિકાવ્ય, પ્રતિકાવ્યોમાં નિર્મિશયુગ, નિર્મિશ ઠાકર, ડિવાઇન, 2009, પા.નં. 111)

*

નિર્મિશ ઠાકર. ગુજરાતમાં જન્મેલા અને અનેકવિધ ભાષામાં સર્જન કરતા કળાકાર, સાહિત્યકાર. તાજેતરમાં મકરસંક્રાંતિના દિવસે 14મી જાન્યુઆરીના રોજ એમનું આકસ્મિક અવસાન થયું. નિર્મિશ ઠાકરમાં એક વિશિષ્ટ સર્જનશક્તિ હતી. એટલે જ કદાચ તેઓ સાહિત્યની અનેકવિધ વિધાઓ સાથે સાગમટે કામ પાર પાડી શક્યા. તેઓ કવિ, હાસ્યલેખક, નવલકથાકાર, નાટ્યકાર, વિવેચક, કાર્ટૂનિસ્ટ, કેરીકેચ્યુરિસ્ટ જેવી અનેકવિધ ભૂમિકાઓને યથાયોગ્ય ન્યાય આપી શક્યા હતા. ગ્રંથસ્થ થયેલું એમનું સર્જન એ વાતની સાહેદી પૂરે છે.

નિર્મિશ ઠાકરનો જન્મ ૧૮ માર્ચ, ૧૯૬૦ના દિવસે, ઉત્તર ગુજરાતના કલોલ ખાતે થયો હતો. એમની પ્રતિભા બહુમુખી હતી છતાં એમને ખ્યાતિ મળી તો એમનાં કાર્ટૂન અને કેરિકેચર સર્જનથી. કાર્ટૂનિંગમાં તેમના નામે અનેક રેકોર્ડ જમા બોલે છે. એમની બહુમુખી પ્રતિભાને લીધે વિક્રમની નોંધ લેતી લિમ્કા બુકમાં

નિર્મિશ ઠાકરનું નામ આઠેક વાર નોંધાયેલું છે. રેકોર્ડ વિશેનો પણ કદાચ આ એક રેકોર્ડ હશે. ગુજરાતી સાહિત્યમાં ફ્રેન્ચ કાવ્યપ્રકાર ટ્રાયોલેટને લાવવાનું અને સંગ્રહ આપવાનું શ્રેય પણ એમને નામે છે.

**સૂર્યાસ્ત તો થઈ જશે, જળમાં છતાંયે**
**રોકાય છે મૃદુલ બે ક્ષણ તેજરેખા.**
**સૌંદર્ય શું હૃદયમોહક એ વિદાયે**
**સૂર્યાસ્ત તો થઈ જશે, જળમાં છતાંયે**
**મૃત્યુ પછી ઘડીક હોઈશ હુંય પાસે,**
**અશ્રુ મહીં પ્રિય જરીક જ દૈશ દેખા**
**સૂર્યાસ્ત તો થઈ જશે, જળમાં છતાંયે**
**રોકાય છે મૃદુલ બે ક્ષણ તેજરેખા.**

('અલવિદા', *હું નિર્મિશ* ટ્રાયોલેટ સંગ્રહ, નિર્મિશ ઠાકર, રન્નાદે પ્રકાશન, 2009, પા.નં. 1)

*

ગદ્ય અને પદ્ય બંને સ્વરૂપમાં એમનું પ્રદાન રહ્યું છે. જોકે એમનો મુખ્ય રસનો વિષય હાસ્ય. એમણે ખાસ કરીને વ્યંગ કવિતા, સાહિત્યિક પેરોડી, હાસ્ય નવલકથા, ફારસ, કાર્ટૂન, કેરિકેચર્સ જેવા સાહિત્યસ્વરૂપ અને પ્રકારોને સાંકળીને ગુજરાતી ઉપરાંત હિન્દી અને અંગ્રેજીમાં મળીને લગભગ 55 ઉપરાંત પુસ્તકો પ્રગટ કર્યાં છે. વ્યવસાયે ઓએનજીસીમાં એન્જિનિયર નિર્મિશ ઠાકર તબલાં પણ બરાબર બજાવી જાણતા. એકાધિક ટીવી શ્રેણીઓમાં પણ એમણે પોતાના અભિનયના ઓજસ પાથર્યાં હતાં. પરંતુ પ્રિન્ટ મીડિયાની જેમ જ તેમની વ્યંગાત્મક કવિતાઓ "હલ્લા ગુલ્લા"ની ઑડિયો સીડીએ એમને બહોળી પ્રસિદ્ધિ મેળવી આપી હતી.

નિર્મિશ ઠાકરની સૌ પહેલી પ્રકાશિત કૃતિ 'આપઘાત કે ખૂન' રહસ્યકથા ૧૩ વર્ષની ઉંમરે બાલસાપ્તાહિક ઝગમગમાં પ્રકાશિત થઈ હતી. જે એમની ફાટફાટ થતી સર્જકતાનું એક ઉત્તમ દૃષ્ટાંત પૂરું પાડે છે. એમનાં પ્રકાશિત પુસ્તકોની સૂચિ ઘણી લાંબી છે. નિર્મિશ ઠાકરે પોતાના નામનો ઉપયોગ પણ ઘણાં પુસ્તકોનાં શીર્ષકો અને કૃતિઓમાં કર્યો છે. ફ્રેન્ચ કાવ્યપ્રકાર ટ્રાયોલેટના ગુજરાતી સાહિત્યમાં સર્વપ્રથમ સંગ્રહ 'હું નિર્મિશ', વ્યંગ કાવ્યસંગ્રહ 'એ જ લિખિતંગ', 'પ્રતિકાવ્યોમાં નિર્મિશયુગ', હાસ્યલેખસંગ્રહ 'નિર્મિશાય નમઃ', 'અહો નિર્મિશાત્મક', 'નિમ્મેસભૈ ને ગનપટ હુરટી' જેવાં શીર્ષકોમાં એમણે આવી પસંદગી કરી છે.

**હું લખું હું લખું સકળ સાહિત્યનો**
**શું કવિ એ રીતે ભાર તાણે**
**કાવ્ય શું શ્રાવ્ય શું અર્થ શું વ્યર્થ શું**
**જે લખે એ જ 'લ્યા સાર જાણે.**

**હું પડ્યો લડખડ્યો કાવ્યના કેફમાં**
**કોણ આવી હવે બ્હાર તાણે.**

(‘કાવ્ય વિષે છપ્પો’, *એ જ લિખિતંગ* વ્યંગ્ય કાવ્યસંગ્રહ, નવભારત, 1990, પા.નં.42)

*

‘નિર્મિશની નજરે’માં એમણે ગઝલ, આદિલ મન્સૂરી, સુરેશ દલાલ, મનહર મોદી, ‘ઘાયલ’ને ગ્રંથસ્થ કર્યા છે. ‘વક્રતામાં ગુજરાતી સાક્ષરો’, ‘ગુજરાતી સાહિત્યકારોનાં કટાક્ષચિત્રો’, ‘નિર્મિશીકરણ ગુજરાતી ગઝલકારોનું’ જેવાં સર્જન સાથે ‘શાસ્ત્રીય સંગીતકારો પર હાસ્ય દૃષ્ટિ’ નાંખી છે. ‘ગનપટ હુરટી’ નિર્મિશ ઠાકરની કલમે સર્જાયેલો ગુજરાતી-સુરતી સુપરસ્ટાર છે. એ પાત્ર સાથે એમણે એકાધિક હાસ્યનવલકથાઓ આપી છે. જેમાં ‘ગનપટ હુરટીના ગોટારા’, ‘શોલે’માં ગોટારા જેવી નવલનો સમાસ થાય છે. ‘શબ્દકોશોમાં નથી હું એટલે’, ‘બેઠો માર’, ‘અધૂરું સ્વપ્ન છે’ જેવા કાવ્યસંગ્રહો પણ આપ્યા છે.


**યંત્રવત્ આ માત્ર અંદર-બ્હાર છોડીને હવે નિર્મિશ ચલો**
**ક્યાં રહ્યું છે ઘરપણું આ દ્વાર છોડીને હવે નિર્મિશ ચલો**
**ઓળખાવુંના નગરમાં ગોઢવાયાથી વધુ શું પામશું**
**દેહના આ હાંફતા આકાર છોડીને હવે નિર્મિશ ચલો**
**ધારણાનાં  ધુમ્મસોની પાર કાંઈ ભાર જેવું હોય ના**
**હું-પણાથી કેદ આ વિસ્તાર છોડીને હવે નિર્મિશ ચલો**
**બે ઘડીનું મૌન પાળે કોઈ ઉર્ફે આપણું ચાલ્યા જવું**
**આટલા ખાતર ધર્યા અવતાર છોડીને હવે નિર્મિશ ચલો**
**અંત જેવું લાગવાના એ વળાંકેથી જ આરંભાય છે –**
**ભવ્યતા આ શ્વાસના વ્યવહાર છોડીને હવે નિર્મિશ ચલો.**

(‘હવે નિર્મિશ ચલો’, *અધૂરું સ્વપ્ન* છે કાવ્યસંગ્રહ, નિર્મિશ ઠાકર, રન્નાદે, 2006, પા.નં. 37)

હાસ્ય, વ્યંગને સાવ હસી ન નાંખતાં, પૂરેપૂરી ગંભીરતાથી એમાં પોતાની સર્જનાત્મકતા રેડીને કાળ સાથે ટકી જાય એવું સર્જન કરી ગયેલા સર્જક પોતાના અધૂરા સ્વપ્ન સાથે કહે છે કે, ‘હવે નિર્મિશ ચલો’... અને ‘નિમ્મેસભૈ’ ચાલી નીકળ્યા...

❑

# પ્રાધ્યાપક રમેશભાઈ બી. શાહને ચિરવિદાય વંદના
## / સંજય સ્વાતિ ભાવે



**અ**ર્થશાસ્ત્રના ચિંતક-અધ્યાપક-લેખક તેમ જ ગુજરાતના અગ્રણી બૌદ્ધિક રમેશભાઈ બી. શાહનું 03 ફેબ્રુઆરીના શનિવારે અવસાન થયું. તેઓ 14 નવેમ્બરે 88મા વર્ષમાં પ્રવેશ્યા હતા.

રમેશભાઈએ  અચૂક પ્રગતિશીલ મૂલ્યો,બહુધા ક્રિટિકલ અભિગમ,વૈચારિક સ્પષ્ટતા તેમ જ વાસ્તવદર્શી વિશ્લેષણ સાથે સતત અભ્યાસ-સંશોધન કરીને સંઘેડાઉતાર શૈલીમાં ગુજરાતીમાં જ લેખન કરીને વિદ્યાજગતને સમૃદ્ધ બનાવ્યું છે.

અત્યારની પેઢી માટે કદાચ ઓછા જાણીતા રૅશનલ, ઓછાબોલા, અંતર્મુખ અને માનવીય અભિગમ ધરાવનાર આ ચિંતકના ‘અર્થવાસ્તવ’ (ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટ, 2019) પુસ્તકને ગુજરાતી સાહિત્ય પરિષદનું 2018-2019ના વર્ષનું રામુ પંડિત પારિતોષિક એનાયત કરવામાં આવ્યું.અર્થશાસ્ત્ર,વાણિજ્ય અને ઉદ્યોગ વિષય પરના ઉત્તમ પુસ્તક માટેનું આ પારિતોષિક રમેશભાઈને 1996-97 દરમિયાન પ્રસિદ્ધ થયેલાં ‘ગાંધીવાદી જીવનદર્શન અને  અર્થવ્યવસ્થા’ પુસ્તક માટે પણ મળી ચૂક્યું હતું.જોકે તેમનું સહુથી જાણીતું પુસ્તક  ‘બૌદ્ધિકોની ભૂમિકા અને બીજા લેખો’ (2004), બે દાયકાના સર્વશ્રેષ્ઠ વૈચારિક પુસ્તકોમાં સ્થાન પામી શકે.આ પુસ્તક ગુજરાતી સાહિત્ય પરિષદે પ્રસિદ્ધ કરેલું છે.રમેશભાઈએ પરિષદના ચૂંટણી અધિકારીની જવાબદારી અનેક વર્ષ ચોકસાઈથી નિભાવી હતી.

‘અર્થશાસ્ત્રનો પારિભાષિક કોશ’ વિદ્યાશાખાને રમેશભાઈઆપેલી દેણ છે. અમેરિકન અર્થશાસ્ત્રી W.C.Baumol ના Economics Theory and Operation Analysis નામના સાડા આઠસો જેટલાં પાનાંના ગ્રંથનો ‘અર્થશાસ્ત્રના સિદ્ધાન્તો અને કાર્યાત્મક પૃથઃકરણ’ નામે,બંને ભાષાની પરિભાષા સૂચિ સહિતનો,સુવાચ્ય અનુવાદ તેમનું આકર કાર્ય છે. ઉપરોક્ત પુસ્તકો ઉપરાંત રમેશભાઈના નામે જે વીસેક પુસ્તકો છે તેમાં છ જેટલાં મૌલિક છે, અને પંદરેકમાં તેમનું સહલેખન છે.

તેમના અન્ય પુસ્તકોમાં સંપાદનો અને તેમની વ્યાખ્યાન-પુસ્તિકાઓનો પણ સમાવેશ થાય છે.

રમેશભાઈ ગુજરાતી વિશ્વકોશના અધિકરણ લેખક અને વિષય-નિષ્ણાત હતા. ઉચ્ચ શિક્ષણના માસિક 'દૃષ્ટિ'(અત્યારે'અભિદૃષ્ટિ')ના તેઓ સંપાદક હતા. પાક્ષિક વિચારપત્રો 'નિરીક્ષક', અને 'નયા માર્ગ', 'અર્થસંકલન' માસિક તેમ જ સાહિત્યિક સામયિકો 'પરબ' અને 'પ્રત્યક્ષ' માં આવતા તેમના લેખો, વર્ષો સુધી 'બુદ્ધિપ્રકાશ' માં સાંપ્રત આર્થિક-રાજકીય-સામાજિક પ્રવાહો પરની તેમની નોંધો,અભ્યાસપૂર્ણ ગહનગંભીર અખબારી કૉલમ - આ બધું લેખન ખૂબ વિચારપ્રેરક રહેતું. જ્ઞાનમાર્ગી રમેશભાઈએ લેખનમાં અર્થશાસ્ત્રની સિદ્ધાન્તચર્ચાના પાસાં ઉપરાંત અર્થશાસ્ત્રનો ઇતિહાસ, ભારતીય અર્થતંત્ર, ગ્રામીણ અર્થવ્યવસ્થા, ખેતીનું અર્થશાસ્ત્ર, આંતરાષ્ટ્રીય તેમ જ વિકાસશીલ દેશોનું અર્થશાસ્ત્ર જેવા વિષયોને આવરી લીધા છે. સાહિત્ય,સમાજ અને શિક્ષણ જેવા ક્ષેત્રોને લગતા ઉત્કૃષ્ટ લેખો તેમની પાસેથી મળ્યા છે.

ઉત્તમ અધ્યાપન માટે જાણીતા રમેશભાઈએ અમદાવાદની શ્રી હ.કા.આર્ટસ કૉલેજમાં પાંત્રીસેક વર્ષ અર્થશાસ્ત્ર ભણાવ્યું.વિદ્યાર્થીઓ સાથેની તેમની નિકટતાના કિસ્સા જૂજ હશે; પણ વર્ગમાં તેઓ ખૂબ નિયમિતપણે, ચોકસાઈથી, કાળા પાટિયાના ઉપયોગથી, વિદ્યાર્થીઓના સ્તરની સમજ સાથે, વિદ્યાર્થીઓને તરત સમજાઈ જાય તે રીતે શીખવતા.તેઓ ધીમી ગતિએ બોલતા,એટલે તેમનાં વ્યાખ્યાનો દરમિયાન વર્ગ-નોંધો સારી રીતે કરી શકાતી.આ નોંધો પરથી તૈયાર કરેલા જવાબો,વધારાનું ખાસ વાંચ્યાં-ઉમેર્યાં વિના પણ સારા ગુણ મેળવવા માટે પૂરતાં સાબિત થતા.

રમેશભાઈના જાહેર વ્યાખ્યાનો સાંભળવા એક લહાવો હતો.વાગ્મિતા અને વાક્પટુતા વિના, હાથમાં કાગળ કે પુસ્તક રાખ્યા વિના, સ્થિર ઊભા રહીને વ્યાખ્યાન આપતા. તેમનાં વ્યાખ્યાનો અવાજની એક જ પટ્ટીમાં,એક સરખી ગતિથી વહેતી નદીના પ્રવાહ જેવા જણાતાં.વ્યાખ્યાનના વિષય અંગેની તેમની વૈચારિક સ્પષ્ટતા સ્ફટિક જેવી સ્વચ્છ અભિવ્યક્તિમાં પરિણમતી.

રમેશભાઈ રૅશનલ હતા.જો કે તેમણે પોતાનો બુદ્ધિપ્રામાણ્યતાવાદ જાહેરમાં વ્યક્ત કર્યો હોવાનું જાણમાં નથી.પણ વ્યક્તિગત ધોરણે તે કેટલા પાકા રૅશનલ હતા તે તેમણે 04 એપ્રિલ 2016 તારીખે લખેલી વ્યક્તિગત નોંધમાં વાંચવા મળે છે. એ નોંધ આ લખનારને આખરી વર્ષોમાં રમેશભાઈની ખૂબ સંભાળ રાખનાર તેમના અમદાવાદ-સ્થિત ચિરંજીવી ગૌરાંગભાઈએ બતાવી. તેમની અનુમતિથી તેનો પાઠ (text) કોઈ પણ ફેરફાર વિના અહીં શબ્દશઃ મૂકી છે.

***

' આ સૂચનાઓ હું પુખ્ત વિચારણા પછી સ્વસ્થ ચિત્તે લખી રહ્યો છું. તેનું ચુસ્ત રીતે પાલન કરશો.:

1. અગ્નિ સંસ્કાર કરતાં પહેલાં અને અગ્નિ સંસ્કાર કરતી વખતે કોઈ પણ પ્રકારની ધાર્મિક વિધિ રવી નહિ. મારા શબ-નનામી ઉપર ફૂલો મૂકવાં નહિ. મારા શબની પ્રદક્ષિણા કરીને પગે લાગવું નહિ.

2. મારા અસ્થિને કોઈ નદીમાં નાખવાનાં નથી, તેથી તે કાઢવાં નહિ.

3. મારી પાછળ બેસણું રાખવું નહિ.

4. દસમા-બારમા જેવો વિધિ કરવો નહિ. શ્રાદ્ધ કરવું નહિ.

5. મારા અવસાન પછી કોઈ શોક પાળવાનો નથી. કુટુંબમાં કોઈ લગ્નપ્રસંગ હોય કે ઉત્સવનો પ્રસંગ હોય તો તે મુલત્વી રાખવો નહિ.તેમાં આનંદ અને ઉત્સાહથી ભાગ લેવો.મારું જીવન હું સારી રીતે જીવ્યો છું.બધાનો ખૂબ પ્રેમ અને સદભાવ મળ્યો છે. આવું જીવન પૂરું થવાનો પ્રસંગ શોકનો નથી,પણ સંતોષ અને આનંદનો છે.

4-4-2016

તા.ક. મારું અવસાન થાય ત્યારે કોઈ દીકરો ગામમાં ન હોય તો, અગ્નિ સંસ્કારનો કોઈ વિધિ કરવાનો ન હોવાથી એમના આવવાની રાહ જોયા વિના અંગ્નિ સંસ્કાર કરી નાખવો.'

– રમેશ બી. શાહ

04 ફેબ્રુઆરી 2024

❑

## ગ્રંથાવલોકન

# આજુખેલે

**ચૈતાલી ઠક્કર**

[**‘આજુખેલે’:** ધ્રુવ ભટ્ટ, પ્રથમ આવૃત્તિ ૨૦૨૩, ગૂર્જર સાહિત્ય પ્રકાશન, અમદાવાદ]

**ગુ**જરાતી નવલકથાક્ષેત્રે નવો માર્ગ કંડારતું સ્વરૂપ એટલે ‘સ્મૃતિ-નવલ’. જ્યારે ‘સ્મૃતિ’ સંજ્ઞા ‘નવલકથા’ સંજ્ઞા સાથે જોડાય છે, ત્યારે તે સ્વરૂપને આત્મકથાનાત્મક સાહિત્યસ્વરૂપ અને નવલકથાસ્વરૂપ બંનેનાં લક્ષણો લાગુ પાડી શકાય છે. જોકે કયું લક્ષણ લાગુ પાડવું જ એ વિશે કોઈ સ્પષ્ટતા જોવા મળતી નથી. સ્મૃતિ-નવલમાં ‘FICTION’ અને ‘MEMORIES’ એકમેકમાં ભળી ગયાનું હોઈ શકે એવું આ સંજ્ઞા વાંચતાં જણાય છે. એમ કહી શકાય કે જ્યારે તેમાં સ્મૃતિની સાથે કલ્પનાનું તત્ત્વ ભળે છે, ત્યારે ‘સ્મૃતિ-નવલ’ એવું નામાભિધાન થયું હોઈ શકે.

પ્રસ્તુત કૃતિ જાણીતા સર્જક ધ્રુવ ભટ્ટની સ્મૃતિ-નવલ છે. પ્રથમ પૃષ્ઠ પર સ્મૃતિ-નવલ તરીકેની તેની ઓળખ અને ‘આજુખેલે” શીર્ષક સહજ જ ભાવકને આ કૃતિ વાંચવા માટે પ્રેરે છે. ગુજરાતી સર્જકોએ પોતાના બાળપણનાં સંસ્મરણોની વાત સ્મૃતિકથા કે સંસ્મરણકથા કે આત્મકથનમાં કર્યાનું સુવિદિત છે, તો સંસ્મરણોની કથા આજુખેલેમાં પણ બાળપણને કેન્દ્રમાં રાખીને કથન ચાલે છે. પછીનો કાળ ઝડપથી આગળ વધી ગયેલો છે. અહીં નિરાંતજીવે વાત થઈ હોય તો તે સર્જકના શૈશવની. આરંભે જ આજુખેલે એવો રમતગમતનો શબ્દ પ્રયોજી; સર્જક આ જન્મે આ જીવનની રમતમાં એવા સૂચિતાર્થ વડે વાચકને પોતાની કથા સાથે જોડે છે.

કુલ છવ્વીસ પ્રકરણોની આ કથામાં સ્મૃતિ કેન્દ્રસ્થાને છે અને આ ખેલે, આ જીવનના ખેલમાં જે સમજાયું તે વહેંચવાની ઇચ્છા કૃતિના સર્જન સુધી સર્જકને લઈ જાય છે એવો ખયાલ આરંભે જ મળે છે. તો સવાલ જન્મે કે આત્મકથન કે આત્મવૃત્ત જ કેમ લખવાનું પસંદ નહીં થયું હોય? એનો પણ ખુલાસો આપતાં પ્રમાણિકપણે આવતું આ કથન મળે છે,

"આમારી આત્મકથા નથી. આત્મકથા લખવા જેટલી હિંમત કે સચ્ચાઈ મારામાં નથી. આ વાર્તા તો મેં દીઠેલાં, માણેલાં જીવનનાં સૌન્દર્યોનાં સીધાં સાદાં વર્ણનોની છે. ભાષા, લય, મને મળેલાં લોકો, જીવ-અજીવ પ્રકૃતિની કે મેં દીઠેલાં, અઢળક સૌંદર્યોની મુખ્ય ધારામાં વહેતા રહીને મેદાનમાં ઊતર્યા છીએ એની મોજની આ વાતો." (પૃ. ૪)

સર્જક પોતાના અનુભવવિશ્વના ભાથામાંથી સૌંદર્યની, તેનાં વર્ણનોની લહાણ કરવા સારુ જો આ કથા રચતા હોય, તો ભાવકને જરૂર એ સૌંદર્યો અને તેનું રસપાન આ કૃતિમાંથી પસાર થતાં થાય છે એમ કહી શકાય. સજાગતાથી જોતાં એ સ્મૃતિની જ કથા વિશેષ બની રહી છે. જો લેખકના નિવેદન મુજબ નવલ તરીકે સ્થાપિત કરાઈ છે... એ રીતે જોતાં અહીં કથાનાયક એટલે કે સ્મૃતિ-નવલનો કથાનાયક પ્રથમ પુરુષ એકવચનની પદ્ધતિએ પોતાના બાળપણની તેના એક પ્રસંગથી કથા કહેતો ચાલે છે, વાતની માંડણી કરતો ચાલે છે. સમગ્ર કૃતિમાંથી પસાર થતાં સત્ય હકીકતોના બયાનની સુંદર રજૂઆતમાં મુક્તસરદી નાન્ની (પ્રકરણ ૧૯) જાણે આગંતુક જણાય છે. કલ્પનાજગતના આ પ્રકરણ કરતાં સ્મૃતિને આલેખતાં પ્રકરણો વિશેષ રસવાહી નિરૂપણ પામ્યાં છે.

કૃતિમાં પાત્રસૃષ્ટિ વિશાળ છે અને એટલે સ્મૃતિ-નવલની આ કથાનાં ખરાં પાત્રો જ લેખકે આલેખેલાં છે. એમના જીવનપ્રસંગોનાં જ પાત્રો અહીં ચિત્રિત થયાં છે. અને કથકપાત્ર એટલે સર્જક પોતે, તેમના ભાઈબંધો-ભેરુઓ, માતા-પિતા, કાકા-કાકી, માસા-માસી, પાડોશી વગેરે પાત્રો કથનકળામાં સહજ રીતે ગૂંથતા ચાલ્યા છે. જેમાં માતા-પિતા અને માસાનાં પાત્રો વિશેષ ધ્યાન ખેંચે છે, તો વળી મોટી બહેનનું પાત્ર પણ ધ્યાન ખેંચ્યા વિના રહેતું નથી. જીવનઘડતર અને જીવનમૂલ્યોનું શિક્ષણ આ પાત્રો વડે પણ થયેલું જોઈ શકાય છે. બાળસહજ વૃત્તિથી કથકનું તે વીરડામાંથી પાણી ભરવાનું સૂચન અને પછી બહેનનો આ જવાબ જોઈએ,

"પારકે વીરડે પાણી ન ભરાય. આપણે આપણી મહેનતનું જ લેવાય. આ બધા વીરડા પડ્યા, કોઈ એમાંથી પાણી ભરે છે?" (પૃ.૧૯)

ગ્રામ્ય વાતાવરણમાં પણ માતાનું કેટલુંક આધુનિક વલણ સર્જકના બાળમાનસને તાર્કિક રીતે વિચારવા,આકારિત કરવા પ્રેરે છે. માતાના વાંચન અંગેના શોખ અને તેમની સ્પષ્ટકથન અને નીડરતાની અનાયાસ તાલીમ પણ તેમને મળી છે. સાહિત્યપ્રીતિ ધરાવતા પિતા સાહિત્ય અંગે થોડુંક અંતર રાખીને જીવેલા તેનું કારણ પણ કથામાં આવે છે અને એ અંતર લેખકના વ્યક્તિત્વને પણ અસર કરનારું બને છે. તો માસાએ કરાવેલું 'જાતે રાંધો જાતે ખાઓ, જાતે બાંધો જાતે રહો'ની અનાયાસ તાલીમ જીવનમાં પણ એમણે અપનાવી છે. આ સિવાય

ભીની, ઝાંઝી તેમજ અરુણનાં પાત્રો ભાવકના ચિત્ત પર છવાઈ રહે છે. તો વળી પત્ની દિવ્યાનું પાત્ર પણ અહીં મહત્ત્વનું બની રહે છે. સમગ્ર કૃતિનો મહત્તમ અંશ શૈશવની કથાને રજૂ કરે છે. સર્જક બાળપણના પોતાના અનુભવોને વ્યક્ત કરે છે ત્યારે બાળપણની રમતોનું આલેખન અતીતરાગનું વાતાવરણ ખડું કરવામાં સહાયરૂપ બને છે. 'ભીંદડી', 'સતરસા' વગેરેની વાતનો આનંદ અને અચરજ આજનો ભાવક કૃતિમાંથી પસાર થતાં લઈ શકે છે. સાથે સાથે અહીં આપેલાં ચિત્રો અને તસવીરો પણ કથા સાથેનું એક અનુસંધાન જોડી આપે છે.

સમગ્ર કથાનો ઉદ્દેશ એ પુસ્તકના માધ્યમથી પોતાના વાચક સાથે વાતચીતનો અથવા તો સંવાદનો દોર જાળવવાનો હોય તેવો જણાય છે. એક પ્રકારની કેફિયત જ જાણે ચાલી રહી છે. જેનાં કેટલાંક દૃષ્ટાંતો જોઈએ –

• "જોકે નામ લખાઈ ગયા છતાં અને નિશાળે જવા છતાં હું ત્યાં જઈને ભણતો જ એવું નહોતું. મને શિક્ષિત કરવાનું કામ માત્ર અને માત્ર દૃશ્યોએ, સ્પર્શોએ, ઘટનાઓએ, મને મળેલાં મનુજો, અન્ય સજીવ-નિર્જીવોએ અને સંજોગોએ જ કર્યું છે. ના, કોઈ નિશાળે નહીં, કોઈ ગુરુ કહેવાતા શિક્ષકોએ નહીં." (પૃ.૬૪)

પિતાજીની નોકરીને કારણે જુદી જુદી જગ્યાએ રહેવાનું થયું એ કારણે સૌરાષ્ટ્રનાં અલગ અલગ કુલ આઠ કે દસ શહેરોના વસવાટને કારણે કોઈ એક સ્થળ તેમનું વતન ક્યારેય બની શક્યું નથી અને એને કારણે તેઓ કહે છે કોઈ એક શહેર કાયમી વતન રહ્યું હોય કે કોઈ ચોક્કસ પ્રકારના મિત્રો–ભેરુઓ સાથે હંમેશને માટે રહેવાનું થયું હોય એવું બન્યું નથી. સતત આ બધું બદલાતું રહ્યું છે. ભાષા સાથેનો એક અલગ નાતો સતત આખી કૃતિ દરમિયાન આવ્યા કરે છે. સાથે હાલની આધુનિક ટૅક્નિકનો પ્રયોગ કરી દસેક જેટલા સ્કૅન કોડ મૂકવામાં આવ્યા છે, જે કોઈ હાથ-બનાવટની ફરકડી, કોઈ દરિયાની મોજ, કોઈ ખારવાની ખાસ વાતો તો ધ્રુવ ભટ્ટનાં ગીતો-કથાને સંરસિત કરવામાં મદદરૂપ નીવડ્યા છે. આમ સમગ્ર રચના એક નવો અભિગમ લઈને આવે છે.

❑

## પર્વ વિશેષ

# ગુજરાતી સાહિત્યના પદ્મ પોંખણાં : રઘુવીર ચૌધરીને પદ્મનું શ્રીતિલક

**પરીક્ષિત જોશી**

26મી જાન્યુઆરી, 2024ના દિવસે ભારતના મહામહિમ રાષ્ટ્રપ્રમુખે વર્ષ 2024 માટે 132 પદ્મ પુરસ્કારો એનાયત કરવાની જાહેરાત કરી છે. આ યાદીમાં પાંચ પદ્મવિભૂષણ, 17 પદ્મભૂષણ અને 110 પદ્મશ્રી પુરસ્કૃતોનો સમાવેશ થાય છે. પુરસ્કાર મેળવનારાઓમાં 30 મહિલાઓનો સમાવેશ થયો છે.

ગુજરાતી સાહિત્ય અને ખાસ તો ગુજરાતી સાહિત્ય પરિષદ માટે આ આનંદના સમાચાર છે. ગુજરાતી સાહિત્ય પરિષદના ટ્રસ્ટીશ્રી રઘુવીર ચૌધરીને સાહિત્ય અને શિક્ષણના ક્ષેત્રમાં એમના પ્રદાન માટે પદ્મશ્રીનું સન્માન એનાયત થશે. રઘુવીર ચૌધરી ગુજરાતી અને હિન્દી બેય ભાષાના સર્જક તરીકે જાણીતા છે. ગુજરાતી સાહિત્યના દરેક સાહિત્યસ્વરૂપમાં તેમણે પોતાનું સાહિત્યિક પ્રદાન આપ્યું છે. એમને આ પહેલાં જ્ઞાનપીઠ સન્માન પ્રાપ્ત થઈ ચૂક્યું છે.

રઘુવીર ચૌધરી સહિત આ વખતે પદ્મ સન્માનની યાદીમાં બીજા પણ કેટલાક ગુજરાતી મહાનુભાવોનાં નામ છે. જેમાં પદ્મશ્રીથી સન્માનિત ડૉ. તેજસ પટેલ, ડૉ. અશ્વિન મહેતા, મુંબઈ સમાચારના હોરમુસજી એન. કામા અને જન્મભૂમિ જૂથના મુખ્ય સંપાદક કુન્દન વ્યાસને પદ્મભૂષણથી નવાજવામાં આવનાર છે.

ત્રણ સર્જકો પર ત્રણ પીએચ.ડી.ની પદવીપ્રાપ્ત હાસ્યકલાકાર-દાનવીર જગદીશ ત્રિવેદી, વિશ્વના અનેક દેશોમાં લોકસાહિત્યનો પ્રચારપ્રસાર કરી રહ્યા છે. અત્યાર સુધીમાં ત્રણેક હજારથી વધુ કાર્યક્રમો તેમના ખાતે જમા બોલે છે. કાર્યક્રમ નિમિત્તે મળતા પુરસ્કારની રકમને છેલ્લા ઘણા સમયથી સમાજોપયોગી કાર્ય માટે દાન કરી સમાજનું ઋણ અદા કરી રહ્યા છે.

જગદીશ ત્રિવેદી સાથે દક્ષિણ ગુજરાતમાં રક્તદાનની સેવાકીય પ્રવૃત્તિ સાથે સંકળાયેલા માઇક્રોબાયૉલૉજિસ્ટ ડૉ. યઝદી ઈટાલિયા, આંતરિયાળ વિસ્તારમાં સ્વાસ્થ્ય સેવાઓ પ્રદાન કરી રહેલા આયુર્વેદિક ડૉ. દયાળ પરમાર, ફ્રાન્સમાં તપોવન યોગ અને આયુર્વેદ ઓપન યુનિવર્સિટીના નેજા તળે યોગનો પ્રચાર-પ્રસાર કરી રહેલા કિરણ વ્યાસને પદ્મશ્રી સન્માન આપવાની જાહેરાત થઈ છે.

ગુજરાતી હિન્દી મરાઠી અને અંગ્રેજી ભાષામાં બાળસાહિત્યના 500 ઉપરાંત

પુસ્તકોનું માતબર સર્જન કરી ચૂકેલા ગુજરાત સમાચારના ‘ઝગમગ’ના પૂર્વતંત્રી સ્વ. હરીશ નાયક(ભરણોત્તર)ને પદ્મશ્રીથી પોંખવાની જાહેરાત થઈ છે.

એમના નામે ૨૦૦૦ ઉપરાંત બાળવાર્તાઓ નોંધાયેલી છે. ‘વાર્તાનું વિમાન’ નામે બાળવાર્તાકથનનો નવતર પ્રયોગ કરી એમણે દેશ-વિદેશનાં બાળકોને ગુજરાતી ભાષા સાંભળતા–વાંચતા કરવામાં સિંહફાળો આપ્યો છે.

ગુજરાતની ગરવી ભૂમિના સંતાન એવા આ સૌ મહાનુભાવોએ પોતાનાં કાર્યક્ષેત્ર અને કર્મભૂમિમાં વિશિષ્ટ પ્રદાન દ્વારા ગુજરાતને ગૌરવ અપાવ્યું છે. સૌ મહાનુભાવોને પદ્મ પોંખણાંની ક્ષણે વંદન, અભિનંદન.

❑

મિત્રો,

સાહિત્યકારો, શ્રેષ્ઠીઓ, ઉદ્યોગગૃહો, અને સાહિત્યરસિકોની ગુજરાતી સાહિત્ય પરિષદ તરફની લાગણી અવિરત પણે છલકાઈ રહી છે .. ડિસેમ્બર 23 થી જાન્યુઆરી 24ના સમયગાળામાં આપણને મળેલ દાન નીચે મુજબ છે. આ સૌ પરિષદ પ્રેમીઓને આદરથી વંદન.

**સમીર ભટ્ટ**
મહામંત્રી


## ગુજરાતી સાહિત્ય પરિષદને મળેલ દાનની વિગત

| ક્રમ | નામ | ગામ | રકમ | વિગત |
|---|---|---|---|---|
| ૧. | અંબાલાલ હિમ્મતલાલ ચેરિટેબલ ટ્રસ્ટ | અમદાવાદ | ૧૧,૦૦,૦૦૦ | શિબિર માટે (ગુજરાતમાં) |
| ૨. | ડી. બી. કૉર્પોરેશન લિ. દિવ્ય ભાસ્કર) | ભોપાલ | ૧૦,૦૦,૦૦૦ | ભોપાલ અધિવેશન |
| ૩. | વિનોદાબહેન જી. ભટ્ટ | અમદાવાદ | ૨૧,૦૦૦ | પરબ અપીલ |
| ૪. | અરુણાબહેન જાડેજા | અમદાવાદ | ૧૧,૦૦૦ | અનુવાદ અંગે |
| ૫. | ડૉ. માણેકભાઈ પટેલ | અમદાવાદ | ૫,૦૦૦ | પરબ અપીલ |
| ૬. | શરદભાઈ નાનુભાઈ પટેલ | બારડોલી | ૫,૦૦૦ | પરબ અપીલ |
| ૭. | વરદરાજ પંડિત | અમદાવાદ | ૧,૦૦૦ | પરબ અપીલ |
| ૮. | ડૉ. હરિ દેસાઈ | અમદાવાદ | ૧,૦૦૦ | પરબ અપીલ |
| ૯. | રામભાઈ પટેલ | અમદાવાદ | ૧,૦૦૦ | પરબ અપીલ |
| ૧૦. | નવીનચંદ્ર ધામેચા | નવસારી | ૧,૦૦૦ | પરબ અપીલ |
| ૧૧. | હિતેન્દ્ર એમ. ટેલર | નવસારી | ૧,૦૦૦ | પરબ અપિલ |

## અને છેલ્લે......

# સાહિત્ય એટલે શું?

**ભરત મહેતા**




**'શ**બ્દાર્થો સહિતો કાવ્યમ્' કહેવાયું પણ શબ્દ-અર્થ મળીને જે બને છે તે ભાષા છે, સાહિત્ય નહીં. એબરક્રોમ્બીએ કહ્યું છે કે, પ્રત્યાયન નહિ તો સાહિત્ય નહીં... એમાં બધો બોજો સર્જક પર જ! ન સમજાયું એટલે એ સાહિત્ય ન ગણાય! આવું સરલીકરણ ન ચાલે. સાહિત્ય એ સમાજનું દર્પણ છે એ પણ ચાલ્યું... પણ એ કેવળ દર્પણ છે? વાસ્તવિકતાને કેવળ ઝીલતું નથી, એને પુનઃ સંયોજિત કરીને ગોઠવે છે. બ્રેખ્તે સાહિત્યને હથોડી કહ્યું. કાવ્ય કે પોએટ્રી, એટલે સાહિત્ય હતું. હવે સાહિત્ય માટે એ શબ્દ નથી વપરાતા. સારા શબ્દકોશોમાંય સાહિત્યની વ્યાખ્યા છે – નવલકથા, નાટક, કવિતા જેવું આપણે જે વાંચીએ છીએ કે સાહિત્ય! આ પણ સાહિત્યનું વર્ણન છે, વ્યાખ્યા નથી. કાવ્યને, સાહિત્યને અવ્યાખ્યાયિત કહી કહીને તેની વ્યાખ્યા બાંધવાના ખૂબ જ પ્રયત્નો થયા છે. પ્રાચીન ભારતીય કે ગ્રીક ગ્રંથોથી માંડી આપણી સદીમાં સાર્ત્ર જેવા મનીષી પણ ચિંતિત થઈ 'What is Literature?' નામનો ગ્રંથ આપે છે. આ ગ્રંથની પૂર્વે, સમાન્તરે અને પછી સાહિત્યના સિદ્ધાંતોની જે ધોધમાર ચર્ચાઓ ચાલી તેમાંય સાહિત્યનો એક તત્ત્વ તરીકે સ્વીકાર આવે છે. તેમ છતાં આ ગ્રંથોમાં સાહિત્ય તત્ત્વનાં અમૂર્ત અને વ્યવસ્થિત લક્ષણો વિશે સહમતી નથી બલકે વિવાદ છે. આ સહમતી સાધી શકાતી નથી તેનાં કયાં કારણો છે? આ તત્ત્વને વ્યાખ્યામાં બાંધવા કેવી મથામણ ચાલી? એ સંક્ષેપમાં જોઈએ.

સાહિત્ય શબ્દનો પોતાનો પ્રલંબ ઇતિહાસ એમાં ઉમેરાતી રહેલી અર્થચ્છાયાઓ સ્પષ્ટ કરે છે. જેમ કે રેન વેલેક કહે છે કે તેમ Literature શબ્દ ભલે ૧૪મી સદીમાં મળ્યો પરન્તુ તેમાં સૌંદર્યપરક અર્થચ્છાયા તો ૧૯મી અને ૨૦મી સદીમાં જ ભળી. સાહિત્યના મોટાભાગના વિદ્યાર્થીઓ માટે તો સાહિત્ય એક given idea છે; something agreed by commonsense. મધ્યયુગના

ઉત્તરાર્ધથી શરૂ કરીને ૧૮મી સદી સુધી સાહિત્યશક્તિ સર્જકનો બૌદ્ધિક ગુણ લેખાતો. છપાયેલું પુસ્તક elite object (ભદ્રવર્ગીય સામગ્રી) હોઈને સાક્ષર તે હતો કે જાણે ખૂબ વાંચ્યું હોય. મોટાઘરની લગભગ વ્યક્તિઓની અંજલિઓમાં તેઓને સાક્ષર ગણવામાં આવતી! એવા અર્થો ૧૮મી સદી પછી ઝાંખા પડ્યા. સાહિત્યનો વ્યવસાયિક અર્થ પ્રગટ થવા માંડ્યો. રૉમેન્ટિસિઝમના ગાળામાં કવિની પ્રવૃત્તિ પર વિશેષ ભાર મુકાયો ત્યારે સાહિત્યને વિશિષ્ટ સમય સાથે સાંકળવાનું બન્યું. તે ગાળામાં અંગ્રેજી સાહિત્ય ઊર્મિકાવ્યથી પ્રભાવિત હતું. વડ્ઝ઼્ર્વર્થ કે કૉલરિજ આથી જ નવલકથાઓ કે રૉમાન્સને સારાં હોય તો Poetic statusના ઉમેદવાર તરીકે સ્વીકારે છે!

ઈ. ૧૮૬૪માં The function of criticism at the present time નામના લેખમાં મેથ્યુ આર્નોલ્ડ સાહિત્યને તેના પૂર્ણ આધુનિક અર્થમાં કલ્પનાપ્રધાન સાહિત્ય રૂપે જુએ છે. એ લેખના શબ્દસમૂહોમાં સાહિત્ય શબ્દને પૂર્ણપણે સૌંદર્યપરક અર્થચ્છાયા વડે વર્ણવાયો છે. પરન્તુ આટલા માત્રથી સાહિત્યની શાસ્ત્રીય વ્યાખ્યા મળી ન ગણાય. શાસ્ત્રીય પરિભાષાની ખોજ ચાલુ જ રહી. અંગ્રેજી પરંપરાએ સાહિત્ય શબ્દનો અર્થ પોતાની પરમ્પરા મુજબ ઘડ્યો તો તેવું જ બીજે પણ થયું છે. ફ્રાંસ, રશિયા, જર્મન કે ભારતમાં સાહિત્યનો તુલનાત્મક અભ્યાસ એવી છાપ ઊભી કરે છે કે સાહિત્ય સાર્વત્રિક છે પરન્તુ તેનો બોધ (Realization) વિવિધ સંસ્કૃતિમાં વિવિધ થાય છે! ૧૯મી સદીમાં સાહિત્યને કૃતિ, લેખન, યુગ અને ચળવળના સંદર્ભમાં વિવિધ વિવેચનસિદ્ધાંતો અને સૌદર્યલક્ષી સિદ્ધાંતો દ્વારા સમજવાનો પ્રયત્ન થયો. કેટલાક એવા સિદ્ધાંતો છે કે જે સાહિત્યને સામાજિક-સાંસ્કૃતિક ઘડતર માને છે. સાહિત્યનું વર્ણન-પૃથક્કરણ એ રીતે થવું જોઈએ એમ પણ એ સિદ્ધાંતકારો માને છે. આ રીતે નવ્ય-વિવેચન અને તત્પશ્ચાત્ આકારવાદ, સંરચનાવાદ, અનુસંરચનાવાદ વગેરેએ મળી સાહિત્યમાં વિચારસરણીના પ્રશ્નો જેટલો જ મુકાબલો સાહિત્યની વિચારસરણી વિશે કર્યો છે. આ પ્રશ્નોને છોડનાર કેટલાક આધુનિક વિવેચકોના મતો જોઈએ.

ફાઉલર કહે છેઃ My position is that Literature cannot be assumed to exist, however, the word Literature does, and this word has been one instrument in a specific theorizing of the category Literature in our culture.

જો સાહિત્ય સાંસ્કૃતિક કોટિ હોય, જો તેનો વિશિષ્ટ સાંસ્કૃતિક સંદર્ભ હોય તો તેનો સાર્વત્રિક ખ્યાલ કેવી રીતે ઊભો થાય? બ્રિટન-અમેરિકામાં સાહિત્યનાં જે આર્થિક-સામાજિક માળખાંઓ છે તે સર્વત્ર શક્ય છે ખરાં? જો તે સર્વત્ર તે જ સ્થિતિમાં ન હોય તો જેની વ્યાખ્યા આ બધું મળીને થાય છે તે સાહિત્યની વ્યાખ્યાનો

દેશદેશે ફરક રહેવાનો જ. સાહિત્યની સૌંદર્યપરક અર્થચ્છાયામાં તેથી જ ભાષાવૈજ્ઞાનિક, મનોવૈજ્ઞાનિક, નારીવાદી કે માર્ક્સવાદી વૈકલ્પિક અર્થચ્છાયા ઉમેરાઈ છે/રહેશે. તેથી પ્રાથમિક દૃષ્ટિએ આપણે એ સ્વીકારીને ન ચાલવું જોઈએ કે સાહિત્ય નામનું તત્ત્વ અસ્તિત્વમાં છે અને યોગ્ય વ્યાખ્યાની રાહ જોઈ રહ્યું છે. સાહિત્યની સંભવિત વ્યાખ્યાઓ, તેની કસોટીઓ, તેના સંઘર્ષો, તેમની વિરોધી વ્યાખ્યાઓની બે સદી સુધી ચાલેલી રમઝટ એ સ્પષ્ટ કરે છે કે સાહિત્યની વ્યાખ્યા કરવાનો પ્રયત્ન નિરર્થક છે. આ નિરર્થકતાની પ્રતીતિ ઇગલટન ટેરી, એલિસ જ્હૉન, ફાઉલર કે અબ્રામ્સને થઈ છે.

ઈગલટન કહે છેઃ Literature is not single entity which can be defined by listing a fixed set of criteria, it is, rather a cultural category to which a whole range of characteristics has been attributed.

ફાઉલર પણ સાહિત્યને જ્યારે સંભવિત કોટિ (Aggregate) કહે છે ત્યારે જ વ્યાખ્યામાંથી નહીં હટી શકતી શિથિલતાનું સૂચન થઈ જાય છે, અથવા તો એમ કહી શકાય કે સાહિત્ય એક ખુલ્લી કોટિ છે જેમાં સંસ્કૃતિના અવનવા સંદર્ભોનો પ્રવેશ શક્ય છે

આવી પરિસ્થિતિમાં સાહિત્યિક વિરોધો, તફાવતોને સૈદ્ધાંતિક રીતે નિવારી શકાય તેમ નથી. આ વિવિધતા અંગત છે, સાંસ્કૃતિક છે, રાજનૈતિક છે. સામાજિક કાર્યમાં આ વિવિધતા શક્ય બને, પરન્તુ વિજ્ઞાનમાં નહીં. અબ્રામ્સનો નિબંધ 'What is the use of theorising about the Arts?'માં એ પણ સાહિત્યને જટિલ એકમ (Complex set) તરીકે ઓળખાવે છે. જે પરસ્પરને છેદે છે. તેથી સાહિત્યની હાર્દરૂપ સંકલ્પનાની ઝાંખી થવી બાકી છે. પરિણામે સાહિત્ય સાથે સંકળાયેલ સર્જક, કૃતિ, ભાવક ત્રણેયની વિચારણા સમયે સમયે બદલાતી ગઈ. ઋષિ, મનીષી સર્જક બાર્થ સુધી વાયા એલિયટ નિર્વૈયક્તિકતાની વિચારણા પછી મૃત્યુ પણ પામ્યો! વાચક નિષ્ક્રિય ગ્રાહકમાંથી મહત્ત્વનો બન્યો છે. કૃતિ, સામાજિક વાર્તાલાપ બનતા સ્વાયત્તતાનો ખ્યાલ ડગમગી ગયો છે. ટૂંકમાં સાહિત્યની વિભાવના સતત બદલાતી રહી છે.

❑

## અહેવાલ

# ગુજરાતી સાહિત્ય પરિષદનું ૫૧મું અધિવેશન – ભોપાલ

વિરેન પંડ્યા

◆ **પ્રથમ દિવસ (૦૫/૦૧/૨૦૨૪) :**

### ઉદ્‌ઘાટન બેઠક

**ભા**સ્કર ગ્રૂપ પ્રેરિત ગુજરાતી સાહિત્ય પરિષદ અને શ્રી ગુજરાતી સમાજ – ભોપાલના સંયુક્ત ઉપક્રમે ગુજરાતી સાહિત્ય પરિષદના ૫૧મા અધિવેશનનો તા. ૦૫/૦૧/૨૦૨૪(શુક્રવાર)ના રોજ શ્રી ગુજરાતી સમાજ - ભોપાલ ખાતે નારાયણ દેસાઈ સભાગૃહમાં આરંભ થયો.

ગુજરાતી સાહિત્ય પરિષદના વર્તમાન પ્રમુખ પ્રકાશ ન. શાહ અને નવનિયુક્ત પ્રમુખ હર્ષદ ત્રિવેદી, જ્ઞાનપીઠ પુરસ્કૃત સર્જક રઘુવીર ચૌધરી, હિન્દી સર્જક ગોવિંદ મિશ્ર, દિવ્યભાસ્કર ગ્રૂપના દેવેન્દ્ર ભટનાગર અને પરિષદના સૌ હોદ્દેદારો મંચ પર ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમની શરૂઆત ‘જય જય ગરવી ગુજરાત’ કાવ્યગાનથી થઈ હતી. ત્યાર બાદ મંચસ્થ મહાનુભવોના હસ્તે દીપ-પ્રાગટ્ય કરી કાર્યક્રમને ખુલ્લો મૂકવામાં આવ્યો હતો. દીપ-પ્રાગટ્ય પછી સૌ મહાનુભાવોનું પુષ્પગુચ્છથી સ્વાગત કરવામાં આવ્યું હતું.

શ્રી ગુજરાતી સમાજ – ભોપાલના અધ્યક્ષ સંજયભાઈ પટેલે શ્રી ગુજરાતી સમાજ – ભોપાલની સ્થાપનાથી અત્યાર સુધીની વિકાસયાત્રા સંક્ષેપમાં રજૂ કરી હતી અને વિવિધ પ્રવૃત્તિઓનો પરિચય કરાવ્યો હતો. મંચસ્થ સૌ મહેમાનોનું અને સહભાગીઓનું ગુજરાતી સમાજ – ભોપાલ વતી હાર્દિક સ્વાગત કર્યું હતું.

### અધિવેશન પ્રારંભ

સમીર ભટ્ટે ‘મળી માતૃભાષા મને ગુજરાતી’ કાવ્ય દ્વારા શરૂઆત કરી, સૌનું સ્વાગત કર્યું હતું અને પરિષદનો અહેવાલ ‘પ્રાપ્તિ અને પડકાર’ શીર્ષકથી રજૂ કર્યો હતો. માતૃભાષા દિનની ૧૦૭ સંસ્થામાં એકસાથે ઉજવણી; ઉમાશંકર જોશી મહિના તરીકે જુલાઈ માસમાં કાવ્યપાઠના કાર્યક્રમો થયા. નિયમિત પાક્ષિકીનું આયોજન, સાંપ્રત સર્જકો સાથેના સંવાદોનું આયોજન જેવી પ્રાપ્તિ ગુજરાતી સાહિત્ય પરિષદ દ્વારા કરવામાં આવી છે. સાથે જ અનેક પડકારોની પણ ચર્ચા કરી અને નિવૃત્ત થતા પ્રમુખ પ્રકાશ ન. શાહને વિદાયવચનો માટે આમંત્રિત કર્યા.

પ્રકાશ ન. શાહે નવનિયુક્ત પ્રમુખ હર્ષદ ત્રિવેદીને કાર્યભાર સોંપ્યો અને આનંદ વ્યક્ત કર્યો. નારાયણ દેસાઈના શતાબ્દી વર્ષ નિમિત્તે તેમની સાથેની સ્મૃતિને યાદ કરી હતી. નવનિયુક્ત પ્રમુખ હર્ષદ ત્રિવેદીએ ગાંધીટોપી પહેરીને પછી પૂર્વ પ્રમુખ પ્રકાશ ન. શાહ પાસેથી પ્રતીકાત્મક સ્મૃતિચિહ્ન દ્વારા સૂચક રીતે પદભાર સંભાળ્યો.

એસ.એસ.રાહીએ પ્રમુખ હર્ષદ ત્રિવેદીનો પરિચય આપ્યો હતો. ગઝલ, ગીત, અછાંદસ, સૉનેટ, ચરિત્રનિબંધ, નવલકથા જેવાં સ્વરૂપોમાં કામ કરતા સર્જક તરીકે હર્ષદ ત્રિવેદીનો પરિચય આપીને ‘શબ્દસૃષ્ટિ’ના સંપાદક તરીકે તેમની કામગીરીને બિરદાવી હતી. તેમને મળેલા પુરસ્કારોને યાદ કરી તેમની વ્યક્તિગત વિશેષતાઓ રજૂ કરી હતી.

હર્ષદ ત્રિવેદીએ પદભાર સંભાળ્યા પછી પોતાનું પ્રથમ પ્રમુખીય પ્રવચન આપ્યું હતું. નારાયણ દેસાઈ અને હરિશંકર પરસાઈનાં શતાબ્દી વર્ષ નિમિત્તે ભોપાલમાં આયોજિત ૫૧મા અધિવેશનમાં સૌનું સ્વાગત કરી અને પ્રમુખ તરીકે પોતાની જવાબદારી સંભાળી હતી. ગોવર્ધનરામ ત્રિપાઠીથી ૫૦મા પ્રમુખ પ્રકાશ ન. શાહના યશસ્વી કાર્યકાળને યાદ કરી અને પોતે એ પરંપરામાં સામેલ થઈ રહ્યા છે, તેનો આનંદ વ્યક્ત કર્યો હતો. પરિષદના પ્રમુખ તરીકે પરિષદના ઇતિહાસનો ગ્રંથ તૈયાર કરવાની અને ગુજરાત સાહિત્ય અકાદમીને સ્વાયત્ત કરવાની ઝુંબેશને વેગ આપવાની મુખ્ય કામગીરી તેમજ અન્ય આગામી કામગીરી અંગે માહિતી આપી હતી. પ્રમુખીય વક્તવ્યમાં સાંપ્રત ગુજરાતી કવિતા વિશે વાત કરતાં ગુજરાતી દલિત કવિતા અને ગુજરાતી નારીવાદી કવિતાનાં નોંધપાત્ર સર્જકોની ઉદાહરણ સાથે વાત કરી તથા સાંપ્રત કવિતાનાં સર્જકોની પંક્તિઓ ટાંકીને સાંપ્રત ગુજરાતી કવિતાની વિશેષતા અને મર્યાદા સાથે અભ્યાસપૂર્ણ વિહંગાવલોકન રજૂ કર્યું હતું.

હિન્દી સાહિત્યસર્જક ગોવિંદ મિશ્રએ અતિથિસર્જક તરીકે ‘સર્જનાત્મકતા’ વિષય પર વક્તવ્ય રજૂ કર્યું. જીવનને સહ્ય બનાવવું એ જ સર્જકનો ઉદ્દેશ હોય છે તે વાત ગોવિંદ મિશ્રજીએ ઉદાહરણ સાથે પોતાના વક્તવ્યમાં રજૂ કરી હતી.

દિવ્યભાસ્કર વતી દેવેન્દ્ર ભટનાગરે પોતાના ઉદ્‌બોધનમાં ગુજરાતી સાહિત્ય સર્જકોની પરિપક્વતાની સરાહના કરી હતી. ગુજરાતી સાહિત્ય પરિષદના આ અધિવેશનમાં દિવ્યભાસ્કરના જોડાણ માટે ગૌરવની લાગણી વ્યક્ત કરી હતી. રાષ્ટ્રગાન, યુવાઓ અને ટેક્નૉલોજીને આ ઉપક્રમમાં સામેલ કરવા અનુરોધ કર્યો હતો. સાથે જ દિવ્યભાસ્કરમાં લખવા માટે સૌ લેખકોને આમંત્રિત કર્યાં હતાં.

જ્ઞાનપીઠ પુરસ્કૃત સર્જક રઘુવીર ચૌધરીએ પોતાની આગવી શૈલીમાં ગુજરાતી સાહિત્ય પરિષદ અને અધિવેશન વિશે પોતાની લાગણી રજૂ કરી હતી.

ઉમાશંકર જોશી અને ભોળાભાઈ પટેલને આ પ્રસંગે યાદ કરી નવા પ્રમુખને અભિનંદન પાઠવ્યા હતા. સાથે જ પરિષદે કરવા જેવી પ્રવૃત્તિઓ વિશે નિર્દેશ કર્યો હતો. પોતાના વક્તવ્યમાં વિદ્યાર્થીઓની આ અધિવેશનમાં હાજરીને બિરદાવી હતી.

પ્રફુલ્લ રાવળે ગુજરાતી સાહિત્ય પરિષદ વતી દિવ્યભાસ્કર જૂથ, શ્રી ગુજરાતી સમાજ – ભોપાલ, ઉપસ્થિત સૌ સર્જકો, ભાવકો, વિદ્યાર્થીઓ અને તેમને પ્રેરનાર દર્શનાબહેન ધોળકિયા, મહેન્દ્રસિંહ પરમાર જેવાં અધ્યાપકોનો આ તકે વિશેષ આભાર માન્યો હતો.

## પ્રથમ બેઠક : પ્રશિષ્ટતાના પગલે પગલે

પ્રથમ બેઠકના સંચાલક રાજન ભટ્ટે ગુજરાતી સાહિત્યના રાષ્ટ્રીય પ્રતિનિધિ તરીકે જેમની ઓળખ આપી તે રઘુવીર ચૌધરીએ 'સર્જકતાનો પથ : કૌતુકથી કાલાતીત સુધી' વિષય પર પોતાનું વક્તવ્ય આપ્યું હતું. કાલિદાસે આખો દેશ પોતાની કવિતા દ્વારા બતાવ્યો છે, તેથી તેને સંસ્કૃતિના કવિ તરીકે ઉમાશંકરે ઓળખાવ્યા છે – તેમ કહી વિદ્યાર્થીઓને સંસ્કૃત સાહિત્યનો અભ્યાસ કરવા સૂચવ્યું હતું. કાલિદાસ, કબીર અને પ્રેમાનંદવિષયક બેઠકની ભૂમિકા રઘુવીર ચૌધરીએ બાંધી આપી હતી.

વસંત ભટ્ટે કાલિદાસવિષયક પોતાના વક્તવ્યમાં બળવંતરાય ઠાકોર અને ઉમાશંકર જોશીને 'અભિજ્ઞાન શાકુન્તલમ્'ના નોંધપાત્ર અભ્યાસુ તરીકે યાદ કરીને વ્યાખ્યાનની શરૂઆત કરી હતી. પ્રશિષ્ટ સાહિત્ય ક્ષણે-ક્ષણે, યુગે-યુગે નવું અર્થઘટન આપે છે. 'શાકુન્તલ'માં અભિજ્ઞાન શબ્દ પ્રથમ શકુન્તલા માટે અને કાળક્રમે ભરત માટે વપરાય છે. 'શાકુન્તલ'માં શકુન્તલા માટે કમળ, હરણ અને પક્ષીનું પ્રતીક યોજવામાં આવ્યું છે – તેની ચર્ચા આપણે ત્યાં થઈ નથી. આ નાટકનાં નવાં અર્થઘટનો વિશે ઉદાહરણ સાથે વસંત ભટ્ટે પોતાના વ્યાખ્યાનમાં ચર્ચા કરી હતી.

ઉદયન વાજપેઈ ઉપસ્થિત રહી શક્યા નહીં, તેથી તેમના કબીરવિષયક વક્તવ્યનું વાંચન બિંદુ ભટ્ટે કર્યું હતું. ઈશ્વર સ્વર્ગથી ઓછું સર્જી જ ન શકે. તેથી આ જગત સ્વર્ગ છે. આ જગતને સ્વર્ગ રૂપે અનુભવવાની શક્તિ કબીરના શબ્દો આપે છે – તે વાત ઉદયન વાજપેઈ પોતાના વક્તવ્યમાં આલેખે છે. કબીર વિશેનો અભ્યાસપૂર્ણ ઉદાહરણ સાથેનો પરિચય ઉદયન વાજપેઈના લિખિત વ્યાખ્યાન દ્વારા રજૂ થયો.

દર્શના ધોળકિયાએ પ્રેમાનંદવિષયક પોતાનાં વ્યાખ્યાનનો આરંભ ચંદ્રકાંત ટોપીવાળાના અવતરણથી કર્યો હતો. 'સુદામાચરિત્ર', 'કુંવરબાઈનું મામેરું', 'નળાખ્યાન', 'ચંદ્રહાસ આખ્યાન' જેવાં આખ્યાનોના આધારે કવિ પ્રેમાનંદનો સાક્ષાત્કાર વક્તાએ કરાવ્યો હતો. અર્ધપંક્તિઓ વિશે વિદ્યાર્થીઓએ અભ્યાસ

કરવો જોઈએ તેમ કહી પ્રેમાનંદના સાહિત્યની વિશેષતાઓ દર્શના ધોળકિયાએ પોતાની રસાળ શૈલીમાં ચીંધી આપી હતી. દલપતરામ, લાભશંકર ઠાકર, સિતાંશુ યશશ્ચંદ્ર અને દિલીપ ઝવેરીના પ્રેમાનંદવિષયક અભિપ્રાયમાં પોતાનો સૂર પુરાવીને વક્તાએ પોતાનું વક્તવ્ય પૂર્ણ કર્યું હતું.

## બીજી બેઠક : સર્જકતા : વેદના, તું નેત્ર દે..

બીજી બેઠકનું સંકલન સંધ્યા ભટ્ટે કર્યું હતું. ત્રણેય વક્તાઓનો વિસ્તૃત પરિચય સંધ્યા ભટ્ટે આપ્યો હતો.

કાનજી પટેલે 'આદિવાસી અને સર્જકતા' વિષય પર પોતાનું વક્તવ્ય રજૂ કર્યું હતું. ગુણાઢ્યની વાર્તાઓના ઉદાહરણ દ્વારા વાર્તારસનું મહત્ત્વ રજૂ કરી, મૌખિક સાહિત્યની મહત્તા સ્પષ્ટ કરી હતી. આદિવાસીઓનું સાહિત્ય એ તેમનો ઇતિહાસ છે, સંસ્કૃતિ છે. આદિવાસીની કિકિયારી એ તેમની રાષ્ટ્રભાષા છે. આદિવાસી સર્જકો સમજે છે તેમ સૌ સર્જકો પોતાને વાહક સમજે તો તેમની સાથે એકલોહિયા થઈ શકે તે વાત સાથે કાનજી પટેલે પોતાનું વક્તવ્ય પૂર્ણ કર્યું હતું.

કાંતિ માલસતરે 'સર્જકતા અને હાંસિયાના સર્જકસ્વરો (ગદ્ય)' વિશે દલિત સાહિત્યને કેન્દ્રમાં રાખીને વ્યાખ્યાન રજૂ કર્યું હતું. જોસેફ મેકવાન, દલપત ચૌહાણ, હરીશ મંગલમ્, મોહન પરમાર, ઉમેશ સોલંકી જેવા નવલકથાકારોની નવલકથાનાં માધ્યમથી કાંતિ માલસતરે દલિત સાહિત્યને કેન્દ્રમાં રાખી હાંસિયાના સર્જકસ્વરો વિશે પોતાનું વક્તવ્ય રજૂ કર્યું હતું. બિનદલિત સર્જકો દ્વારા રચાતા દલિતો વિશેનાં સાહિત્ય કરતાં દલિત-સર્જકો દ્વારા રચાતું દલિત સાહિત્ય દલિતોની સંવેદનાને વિશેષ વાચા આપે છે – તેવા પોતાના નિરીક્ષણ સાથે વક્તાએ પોતાની વાત પૂરી કરી હતી. સમીર ભટ્ટે 'સર્જકતા અને હાંસિયાના સર્જકસ્વરો (પદ્ય)' વિશે પોતાનું વક્તવ્ય આપ્યું હતું. દલપત ચૌહાણ અને નીરવ પટેલની કવિતાનાં માધ્યમથી હાંસિયાના પદ્ય સર્જકસ્વરો વિશે ટૂંકાણમાં છતાં માર્મિક રીતે પોતાની આગવી શૈલીમાં સમીર ભટ્ટે પોતાની વાત રજૂ કરી હતી.

## ત્રીજી બેઠક : તરણાં ઓથે ડુંગર (ગુજરાતી સ્ત્રી-સર્જકો)

છાયા ત્રિવેદીએ ત્રીજી બેઠકનું સંકલન કર્યું હતું. તેમણે નારીવાદ વિશે ભૂમિકા રચી બંને વક્તાઓનો પરિચય આપ્યો હતો.

ઉર્વશી પંડ્યાએ 'આક્રોશ અને વેદના' વિષય પરના પોતાના વ્યાખ્યાનમાં 'સાંપ્રત કવયિત્રીઓની કવિતામાં નિરૂપિત આક્રોશ અને વેદના' વિશે વાત કરી હતી. સામાજિક-સાંસ્કૃતિક રીતે પાશ્ચાત્ય નારી કરતાં આપણી નારીની વ્યથા જુદી છે અને તે સંદર્ભે જુદી રીતે વિચારવાની જરૂર છે – તેમ કહી પોતાના એક કાવ્યપાઠ સાથે પોતાનું વક્તવ્ય પૂર્ણ કર્યું હતું.

પ્રતિષ્ઠા પંડ્યાએ ‘સહજ સ્વીકાર’ વિશે પોતાના વ્યાખ્યાનમાં નારીવાદી સર્જકોનાં સર્જનમાં રહેલા નર્યા અસ્વીકારની વાત કરી હતી. ‘જ્યાં સુધી બધી સ્ત્રીઓ પોતાની વાત, પોતાની બોલીમાં કહી શકે નહીં, ત્યાં સુધી સહજ સ્વીકારની વાત થઈ શકે નહીં’, એમ કહી પોતાની કવિતાના કાવ્યપાઠ સાથે પોતાનું વ્યાખ્યાન પૂરું કર્યું હતું.

## દ્વિભાષી કવિમિલન

દ્વિભાષી કવિમિલનમાં નિમંત્રિત ગુજરાતી-હિન્દી કવિઓનો કાવ્યપાઠ રજૂ થયો હતો. આ કવિમિલનનું સંચાલન કવિ પ્રવીણ પંડ્યાએ કર્યું હતું. પ્રવીણ પંડ્યાએ ‘વિવિધ ભાષાઓ વચ્ચે ઘણું સરખું છે, જે ભારતીય કવિતાઓને જોડે છે’ તેમ કહી સંમેલનની શરૂઆત કરી હતી. યોગેશ વૈદ્ય, રાધિકા પટેલ, યોગેશ જોષી, ઉદયન ઠક્કર, જયદેવ શુક્લ, અનિલ કરમેલે, પ્રેમશંકર શુક્લ, નિલેશ રઘુવંશી, રાજેશ જોશી, કુમાર અંબુજ અને પ્રવીણ પંડ્યાએ પોતાની ગુજરાતી અને હિન્દી ભાષામાં લખાયેલી કવિતાની પ્રસ્તુતિ કરી હતી.

**◆ બીજો દિવસ (૦૬/૦૧/૨૦૨૪) :**

## ચોથી બેઠક : સમયની સરાણે સર્જકતા

ગુજરાતી સાહિત્ય પરિષદના ૫૧મા અધિવેશનના બીજા દિવસે તા. ૦૬/૦૧/૨૦૨૪(શનિવાર)ના રોજ શ્રી ગુજરાતી સમાજ – ભોપાલ ખાતે નારાયણ દેસાઈ સભાગૃહમાં ચોથી બેઠક ‘સમયની સરાણે સર્જકતા’નું સંકલન હેમાંગ રાવલે કર્યું હતું. તેમણે બેઠકના ત્રણેય વક્તાઓનો વિગતે પરિચય આપ્યો હતો.

બેઠકના પ્રથમ વક્તા હરિ દેસાઈ ઉપસ્થિત રહી શક્યા નહોતા, તેમના વ્યાખ્યાન ‘સર્જકતા અને સમૂહમાધ્યમો : વ્હાલ અને વાંધાવચકા’નું વાંચન હાર્દિ ભટ્ટે કર્યું હતું. સામાજિક નિસ્બત ધરાવતું કામ સાહિત્ય અને પત્રકારત્વ ક્ષેત્રે થવું જોઈએ – તે વાત તેમના વ્યાખ્યાનનો મુખ્ય સૂર હતો.

હસિત મહેતાએ ‘સર્જકતા : દૈનિક-અઠવાડિક-માસિક-વાર્ષિક’ વિષય પર પોતાનું વક્તવ્ય રજૂ કર્યું હતું. મુદ્રિત માધ્યમોએ અનેક સાહિત્યસ્વરૂપોને ઘડ્યાં છે. માધ્યમની સર્જકતાને માધ્યમની શરતે જોવી જોઈએ. પ્રભાવોત્પાદકતાની સર્જકતા અને સૌંદર્યની સર્જકતાને એક માપદંડથી ન માપી શકાય – તે વાત હસિત મહેતાએ પોતાના વ્યાખ્યાનમાં સામયિકો અને અખબારોનાં ઉદાહરણો દ્વારા રસાળ શૈલીમાં રજૂ કરી હતી.

અજય ઉમટે ‘સર્જકતા અને બૌદ્ધિક કૃત્રિમતા’ વિષય પર પોતાનું વ્યાખ્યાન

રજૂ કર્યું હતું. બૌદ્ધિક કૃત્રિમતાથી સર્જકતાને સૌથી વધુ નુકસાન થઈ રહ્યું છે. ફિલ્મો અને સોશિયલ મીડિયાના દાખલાઓ આપીને બૌદ્ધિક કૃત્રિમતાની અપાર ક્ષમતાઓ રજૂ કરી હતી. બૌદ્ધિક કૃત્રિમતાને લીધે માનવજાતના વર્ચસ્વવાળા યુગનો અંત આવશે. બૌદ્ધિક કૃત્રિમતા લોકશાહી સામે પણ ખતરો ઊભો કરશે – જેવા ભાવિ મુદ્દાઓની અભ્યાસપૂર્ણ ચર્ચા અજય ઉમટે પોતાના વ્યાખ્યાનમાં કરી હતી.

## પાંચમી બેઠક : દોસ્તી : દુનિયાની સર્જકતાની

આ બેઠકનું સંકલન બકુલ ટેલરે કર્યું હતું. બેઠકની ભૂમિકા રચીને તેમણે બંને વક્તાઓનો પરિચય આપ્યો હતો.

'વિશ્વ કવિતા' વિશે ઉદયન ઠક્કરે પોતાનું વ્યાખ્યાન રજૂ કર્યું હતું. કવિતાથી કૂંપળ ફૂટે છે. કથાકાવ્યોનું કૅનવાસ બહુ મોટું હોય છે. વિશ્વની વિવિધ ભાષાની કવિતાઓના ગુજરાતી અનુવાદોનાં ભાવવાહી પઠન સાથે તેના ભાવવિશ્વને પોતાના વ્યાખ્યાનમાં રજૂ કરી અને વિશ્વ કવિતાનું એક ચિત્ર રજૂ કર્યું હતું. વિશ્વ કવિતાની વાત કરતાં પન્ના નાયક, મનીષા જોષી, કમલ વોરા અને દિલીપ ઝવેરી જેવાં ગુજરાતી કવિઓની વિશિષ્ટ કવિતાઓની વિશેષતા વક્તાએ ચીંધી બતાવી હતી.

વિશ્વ-સર્જકતા વિશે પરેશ નાયકે પોતાનું વ્યાખ્યાન આપ્યું હતું. સર્જકતા વિશે થયેલી વિશ્વની વિવિધ વિચારણાઓની ચર્ચા કરી અને નાટક-ફિલ્મમાં વધી રહેલી હિંસા પ્રત્યે ચિંતા સાથે ધ્યાન દોર્યું હતું.

## છઠ્ઠી બેઠક : સર્જકતા... દીપે અરુણું પરભાત...

સમીર ભટ્ટે આ બેઠકની અનૌપચારિક ભૂમિકા રચી અને ત્રણેય સહભાગીઓને પોતાના પ્રશ્નો દ્વારા અભિવ્યક્ત થવા પ્રેર્યા. અજય સોનીએ બદલાયેલી સ્થિતિમાં અટકી ગયેલા લોકોની કથા કહેતા વાર્તાકાર તરીકે પોતાની ઓળખ આપી. લેખકની કોઈ જ્ઞાતિ-જાતિ હોતી નથી. દરેક વાર્તા જુદી-જુદી રીતે આવે છે. વડીલોની હૂંફ મળતી રહી છે. ગુજરાતી સાહિત્ય બહુ આશાસ્પદ લાગે છે – તેવી વાતો અજય સોનીએ પ્રશ્નોના ઉત્તરમાં વહેંચી.

યોગેશ વૈદ્યએ સમીર ભટ્ટના પ્રશ્નના જવાબમાં કહ્યું કે, મારી સર્જકતાનાં મૂળ વિસ્મય અને મુગ્ધતાની વચ્ચે નંખાયેલાં છે. મારી મુગ્ધતા પર બાઝેલી પ્રૌઢિની ધૂળને ફૂંક મારવા હું કવિતા લખું છું. બગસરા, જૂનાગઢ અને વેરાવળ એ ત્રણેય સ્થળોની ભાષા મારી કવિતામાં આવી છે. મેં કવિતાઓને નહિ, કવિતાઓએ મને ઘડ્યો છે. પોતાની કવિતાનાં કવિકર્મ વિશે વાત કરતા પોતાના ગમતા એક જ કવિનું નામ પૂછતાં તેમણે રમેશ પારેખનો ઉલ્લેખ કર્યો હતો. ગીર વિશેની કવિતાની ભાષા અને કવિકર્મ વિશે લાગણીશીલ રીતે પોતાની વાત રજૂ કરી હતી.

મનીષા જોષીએ સમીર ભટ્ટે પૂછેલા પ્રશ્નનાં જવાબમાં કહ્યું કે, મને સાહિત્યની સેવા કરનારા લોકોની બીક લાગે છે. કાળા ડુંગરના મંદિરની પ્રથા, દૂરબીનમાં જોયેલો બાજનો માળો, કચ્છનો કપરો ઉનાળો – એ બધા અનુભવોમાંથી પોતાની કવિતામાં શાંત ક્રૂરતા આવી છે તેવું કવયિત્રી માને છે. જ્ઞાત અને અજ્ઞાત વચ્ચેના ઉંબરા પર સંબંધો ઊભા હોય છે. ચેસ્લો મિલોજની કવિતાઓ પોતાને વધુ ગમે છે. સ્થળની કવિતાઓ કવયિત્રીને વધુ ગમે છે. પોતાની સહજ શૈલીમાં કવયિત્રીએ પોતાની કવિતા વિશે વાત કરી. સાથે જ પોતે પુરુષવિરોધી નહીં, પણ સમષ્ટિ સામે લડનારી કવયિત્રી છે તેમ કહી પોતાની કવિતાનાં પાઠ સાથે સંવાદ પૂર્ણ કર્યો હતો.

## સાતમી બેઠક : સર્જકતાનો હૂંફાળો સ્પર્શ

બેઠકના આરંભે પ્રમુખ હર્ષદ ત્રિવેદીએ 'કવિતાપાઠ એ સાક્ષાત્કારનો અવસર છે' એમ કહી બેઠકની ભૂમિકા રચી આપી હતી. 'સર્જકતાનો હૂંફાળો સ્પર્શ' વિષયને કેન્દ્રમાં રાખીને બેઠકનાં કવિઓને આવકાર્યાં હતાં અને બેઠકનો હેતુ સ્પષ્ટ કર્યો હતો. ગુજરાતી કવિતામાંથી પંક્તિઓ ટાંકીને કવિતાનાં હૂંફાળા સ્પર્શ વિશે વક્તાએ રસપ્રદ ઉદ્‌બોધન કર્યું હતું.

કવિ રમણીક અગ્રાવતના સંચાલનમાં ઉપસ્થિત ગુજરાતી સર્જકોએ કાવ્યપાઠ રજૂ કર્યો હતો. જેમાં જિગીશા દેસાઈ, હેતલ જોશી, શર્મિષ્ઠા કોન્ટ્રાક્ટર, કામાક્ષી ગોસ્વામી 'સંપન્ન', જમીલા ખલીફા, રાધા ડાંગર, શ્રુતિ વારા, વિજય મહેશ્વરી, અબ્દુલ કુંભાર, વેદાન્ત પુરોહિત, વિરેન પંડ્યા, વિક્રમસિંહ અમરાવત, રમજાન હસણિયા, મેહુલ ત્રિવેદી, આકાશકુમાર, મનહર ઓઝા, રણછોડભાઈ પરમાર, મહેન્દ્રભાઈ રાઠોડ, જશવંત મહેતા, મોહન મઢીકર, વસંત જોશી, પ્રતાપસિંહ ડાભી 'હાકલ', સંધ્યા ભટ્ટ, યામિની વ્યાસ, લતા હિરાણી, છાયા ત્રિવેદી, ભગવાન થાવરાણી, બકુલ ટેલર, એસ. એસ. રાહી, મહેન્દ્ર જોશી, સંજુ વાળા અને રમણીક અગ્રાવત જેવાં નવોદિત અને પ્રતિષ્ઠિત સર્જકોએ પોતાની કવિતાનો પાઠ કર્યો હતો.

## રાત્રી બેઠક : તળના મલકની સર્જકતા

રાત્રી બેઠકમાં પરિષદ-પ્રમુખ હર્ષદ ત્રિવેદી અરવિંદ બારોટનો હાથ પકડી મંચ પર દોરી ગયા. સમીર ભટ્ટે લોકગીતના ગાન દ્વારા અરવિંદ બારોટનું સ્વાગત કર્યું હતું.

લોકગાયક અને કવિ અરવિંદ બારોટે 'તળના મલકની સર્જકતા' શીર્ષક હેઠળ પ્રસ્તુતિ કરી. તળના શબ્દને કોઈ શિસ્ત કે બંધન નથી હોતાં, કેમ કે તે શાસ્ત્ર નથી પણ જીવન છે. એ તળના ગળથૂથીથી માંડીને ગંગાજળ સુધીના સૂર અરવિંદ બારોટે લોકકથનની શૈલીમાં પ્રસ્તુત કર્યા હતા. ગુજરાતી લોકગીતોનાં ગાન દ્વારા

તળના મલકને કથકે જીવંત કર્યું હતું, સાથે જ લોકગીતોમાં આવતાં રાધાકૃષ્ણનાં વર્ણનોની રસપ્રદ ચર્ચા કરી હતી. કચ્છી લોકગીતોનાં ગાન દ્વારા કચ્છી માંડુઓને અરવિંદ બારોટે ડોલાવ્યાં હતાં. જ્યારે પ્રેમ વ્યાપક બને ત્યારે કરુણા બને અને કરુણા ઘૂંટાય ત્યારે વાત્સલ્ય નીપજે છે. એવી સંસ્કૃતિ અને સમાજનાં ચિત્રો રજૂ કરતી પ્રસ્તુતિ લોકગીતના માધ્યમથી અરવિંદ બારોટે કરી હતી.

**◆ ત્રીજો દિવસ (૦૭/૦૧-૨૦૨૪) :**

ગુજરાતી સાહિત્ય પરિષદના ૫૧મા અધિવેશનના ત્રીજા દિવસે તા. ૦૭-૦૧-૨૦૨૪ (રવિવાર)ના રોજ શ્રી ગુજરાતી સમાજ – ભોપાલ ખાતે નારાયણ દેસાઈ સભાગૃહમાં સભાના આરંભે સુન્દરમ્‌ની કવિતાનું ગાન થયું. કચ્છ યુનિવર્સિટીનાં વિદ્યાર્થીઓએ સમૂહ કાવ્યગાન કર્યું. મુરબ્બી ઈરવીનજીએ માઉથ ઓરગન દ્વારા સંગીતમય પ્રસ્તુતિ કરી. ત્યારબાદ વિધિવત્ બેઠકનો આરંભ થયો.

## નવમી બેઠક : સહોદરી : ગુજરાતી-હિન્દી સર્જકમિલન

નવમી બેઠકનું સંકલન સુરેશ મકવાણાએ કર્યું હતું. ભોપાલની કાવ્ય-પરંપરાનો પરિચય કરાવીને ઉપસ્થિત ત્રણેય હિન્દી સર્જકોનો વિગતવાર પરિચય આપ્યો.

ભારતીય જ્ઞાનપીઠ પુરસ્કૃત હિન્દી ભાષાના સર્જક અરુણાભ સૌરભે પોતાની માતૃભાષા મૈથિલી અને ગુજરાતી વચ્ચે રહેલી સમાનતાથી પોતાનું વ્યાખ્યાન શરૂ કર્યું હતું. સંપન્ન લોકો સામે ગરીબ બોલી શકે તે સાહિત્યની તાકાત છે. 'નાની કી કહાની મેં દેવરાજ ઇન્દ્ર' અને એક મૈથિલી કવિતાનો કાવ્યપાઠ કરીને પોતાની કવિપ્રતિભાનો પરિચય કરાવ્યો હતો. રસપ્રદ શૈલીમાં અરુણાભ સૌરભે પોતાની કેફિયત રજૂ કરી હતી.

હિન્દી કવયિત્રી ચિત્રા સિંઘે પોતાની કવિતાની વાત કરતાં કહ્યું કે, મારી કવિતાની માતા પણ મારી માતા છે. કવિએ કોઈ અપેક્ષા વિના પોતાની જાતને ખુલ્લી મૂકવી જોઈએ. આપણે કલાને પસંદ નથી કરતાં, કલા આપણી પસંદગી કરે છે. પોતાની અછાંદસ કવિતાનો કાવ્યપાઠ કવયિત્રીએ પોતાના વ્યાખ્યાનના અંતે રજૂ કર્યો હતો.

હિન્દી સર્જક વિજયબહાદુરસિંહે પોતાનાં વ્યાખ્યાનની શરૂઆતમાં કહ્યું કે આખાય દેશનું મન એક છે. તેથી ગુજરાતી સાહિત્ય હિન્દીમાં અને હિન્દી સાહિત્ય ગુજરાતીમાં આવતું રહે છે. ઘણાં લોકો કવિતાનું શાસ્ત્ર જાણે છે, પછી કવિતા નથી લખી શકતા. તેથી કવિને કાવ્યશાસ્ત્ર નહીં, પણ જીવનરસને માણતાં ખાસ આવડવું જોઈએ. નાગાર્જુન જેવા સર્જક સાથેના પોતાના સંબંધો અને પોતાના પરિવાર વિશેની વાત હળવી શૈલીમાં રજૂ કરી હતી. વિવેચક ઘાસ અને પાક વચ્ચેનો ફરક

ચીંધી આપે છે. કવિનું કામ તાળી પડાવવાનું નહિ, ચેતના જગાડવાનું છે. જે પોતાના અંતરાત્માના અવાજ માટે જીવે છે તે કવિ છે. સાહિત્ય બચે છે તો સંસ્કૃતિ બચે છે. હર ક્ષણે સાહિત્યકારે પોતાના સર્જક હોવાની કિંમત ચૂકવવી જોઈએ. સાહિત્ય જીવનની કુરબાનીઓમાંથી ફૂટે છે. સાહિત્ય વિશેની પોતાની આગવી સમજથી સાહિત્યકારોનું કર્મ હિન્દી વિવેચક વિજયબહાદુરસિંહે પોતાના વ્યાખ્યાનમાં રસપ્રદ રીતે સમજાવ્યું હતું.

## દસમી બેઠક : સમાપન–સાધારણસભા–પરિષદનું ખુલ્લું સત્ર

બેઠકના આરંભે શ્રી ગુજરાતી સમાજ – ભોપાલના સૌ સભ્યોને પરિષદ-પ્રમુખ હર્ષદ ત્રિવેદી અને વરિષ્ઠ સાહિત્યકાર રઘુવીર ચૌધરીના હસ્તે સન્માનિત કરવામાં આવ્યા હતા. સન્માન પછી પ્રમુખ હર્ષદ ત્રિવેદીએ અધિવેશનના આયોજનમાં સહકાર બદલ સૌનો આભાર માન્યો હતો અને સાધારણસભામાં સૌને આવકાર્યા હતા. પરિષદના મહામંત્રી સમીર ભટ્ટે કાયમી સભ્યોની બદલાયેલી માહિતી પહોંચાડવા વિનંતી પછી નજીકની સાહિત્યિક સંસ્થાઓ સાથે પરિષદના કાર્યક્રમમાં સેતુ બનવા માટે આહ્‌વાન કર્યું. ૧૨મા ધોરણ સુધી ગુજરાતી ભાષાને ફરજિયાત બનાવવાની વાત મનસુખ સલ્લાએ સાધારણસભામાં મૂકી જેને સૌ સભ્યોએ સમર્થન આપ્યું હતું. ગુજરાત સાહિત્ય અકાદમીની સ્વાયત્તતાની માંગને બુલંદ બનાવવાની વાત કિરીટ દૂધાતે મૂકી જેને સાધારણસભાએ સમર્થન આપ્યું હતું. રઘુવીર ચૌધરીએ ૫૧મા સફળ અધિવેશનના આયોજન માટે પોતાનો રાજીપો વ્યક્ત કર્યો હતો. તેમના વ્યાખ્યાનમાં તેમણે સ્પષ્ટ કર્યું હતું કે, ગુજરાતી સાહિત્ય પરિષદને સૌ માટે સદ્‌ભાવ છે, કોઈનો વિરોધ નથી.

આ સાથે ભોપાલ ખાતે આયોજિત ગુજરાતી સાહિત્ય પરિષદનું ત્રિદિવસીય ૫૧મું અધિવેશન પૂર્ણ થયું હતું.

❑

# પરિષદવૃત્ત

**સંકલન : ઇતુભાઈ કુરકુટીઆ**

## પુસ્તકપ્રદર્શન અને સંવાદ

ગુજરાતી સાહિત્ય પરિષદ સંચાલિત, શ્રી ચીમનલાલ મંગળદાસ ગ્રંથાલયના સ્થાપનાદિન (૧૭-૦૩-૧૯૮૦) નિમિત્તે, પરિષદપ્રમુખ શ્રી હર્ષદ ત્રિવેદીની અધ્યક્ષતામાં, તા. ૧૭-૧-૨૦૨૪ના રોજ બપોરે ૩-૩૦ કલાકે ગોવર્ધન સ્મૃતિમંદિર સભાગૃહમાં, પુસ્તક  પ્રદર્શનનું ઉદ્‌ઘાટન અને ‘પુસ્તક સાથે સંવાદ’ કાર્યક્રમ યોજાયો હતો. કાર્યક્રમના પ્રારંભે ગ્રંથાલયમંત્રી શ્રી પરીક્ષિત જોશીએ ઉપસ્થિત સહુ સાહિત્યરસિકોનું સ્વાગત કર્યું હતું. પરિષદના મહામંત્રી શ્રી સમીર ભટ્ટે ભૂમિકારૂપ અને ઉપપ્રમુખ શ્રી યોગેશ જોષીએ જીવનમાં પુસ્તકના સ્થાન અને મહત્ત્વ વિશે પ્રાસંગિક વક્તવ્ય આપ્યાં હતાં. દર મહિનાની ૧૭મી તારીખથી વિવિધ સાહિત્યસ્વરૂપો સંદર્ભે આ પ્રકારે આયોજન કરવામાં આવશે. આ પ્રસંગે ઉપસ્થિત શ્રોતાઓમાંથી શ્રી હરિ દેસાઈ, વરદરાજ પંડિત, ટીના દોશી, રામભાઈ પટેલ વગેરેએ શુભેચ્છા તરીકે દાનની રકમ પણ જમા કરાવી હતી.

આ કાર્યક્રમ અનુષંગે, તા. ૨૫-૧-૨૦૨૪ના રોજ, સાંજે ૫-૦૦ કલાકે ‘જયંત ખત્રીની વાર્તાઓ’ વિશેના શ્રી કિરીટ દૂધાતના વક્તવ્યનું, એમની અનુપસ્થિતિમાં શ્રી સમીર ભટ્ટે વાચન કર્યું હતું. શ્રી મોહન પરમારે ‘પન્ના ત્રિવેદીની વાર્તાઓ’ વિષયે માહિતીસભર વક્તવ્ય આપ્યું હતું અને ગ્રંથાલયી સુશ્રી દીપ્તિ શાહે સહુનો આભાર માન્યો હતો.

## પાક્ષિકી

તા. ૧૩-૧-૨૦૨૪ના રોજ સાંજે ૫-૦૦ વાગ્યે ‘પાક્ષિકી’ અંતર્ગત વાર્તાકાર શ્રી ધરમાભાઈ શ્રીમાળીએ પોતાની વાર્તા ‘નીચાં નીર’નું પઠન કર્યું હતું. એ જ રીતે તા. ૨૭-૧-૨૦૨૪ના રોજ એકતા નીરવ દોશીએ ‘આભડછેટ’ વાર્તાનું પઠન કર્યું હતું. ઉપસ્થિત શ્રોતાગણે ચર્ચામાં ભાગ લીધો હતો. કાર્યક્રમનું સંકલન શ્રી જયંત ડાંગોદારાએ કર્યું હતું.

## બુધસભા

પરિષદમાં પ્રત્યેક બુધવારે સાંજે ૭-૦૦ થી ૮-૦૦ દરમિયાન બુધસભાનું આયોજન થાય છે અને પરંપરા મુજબ ઉપસ્થિત કવિઓની રચનાઓનું પઠન અને ચર્ચાઓ થાય છે.

# સાહિત્યવૃત્ત

## સંકલન : ઇતુભાઈ કુરકુટીઆ

-- તા. ૨૮-૧૨-૨૦૨૩ના રોજ વિશ્વકોશભવનમાં, અમેરિકા, ઇંગ્લેન્ડ, ઓસ્ટ્રેલિયા, ન્યૂઝીલેન્ડ, કેન્યા, આફ્રિકન દેશો તથા પાકિસ્તાનમાં વસતા ગુજરાતી સર્જકોનાં પુસ્તકોનો સંગ્રહ અને તેનો અભ્યાસ થાય તે હેતુથી 'ડાયસ્પોરા ગુજરાતી સ્ટડી સેન્ટર'નો પ્રારંભ કરવામાં આવ્યો હતો. આ પ્રસંગે 'સ્મૃતિસંપદા' ગ્રંથનું વિમોચન પણ કરવામાં આવ્યું હતું.

-- ઓમ કોમ્યૂનિકેશન્સ, અમદાવાદ દ્વારા, પરિષદના ગોવર્ધનસ્મૃતિ મંદિર સભાગૃહમાં, તા. ૩ થી ૭ જાન્યુઆરી દરમિયાન, દરરોજ સાંજે ૫-૩૦ કલાકે, 'સાહિત્ય પંચામૃત'નું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં 'કવિ દયારામ' વિષયે સર્વશ્રી દલપત પઢિયારે, 'નંદશંકર મહેતા' વિષયે મીનળ દવેએ, 'કવિ કલાપી' વિષયે ભરત જોશી 'પાર્થ મહાબાહુ'એ, 'ઝવેરચંદ મેઘાણી' વિષયે વસંત ગઢવીએ, 'કવિ પ્રહ્લાદ પારેખ' વિષયે વિનોદ જોશીએ, 'રઘુવીર ચૌધરી' વિષયે મણિલાલ હ. પટેલે, 'દલપત ચૌહાણ' વિષયે રાજેશ મકવાણાએ તથા મણિલાલ હ. પટેલ વિષયે અજયસિંહ ચૌહાણે વક્તવ્યો આપ્યાં હતાં. આ પ્રસંગો દરમિયાન, દક્ષા પટેલે મધ્યયુગીન, તુષાર શુક્લએ સુધારકયુગીન, હરદ્વાર ગોસ્વામીએ પંડિતયુગીન ગુજરાતી કવિતાઓનો પાઠ કર્યો હતો.

-- ઓમ કોમ્યૂનિકેશન્સ, અમદાવાદ દ્વારા, પરિષદના ગોવર્ધનસ્મૃતિ મંદિર સભાગૃહમાં, તા. ૨૮-૦૧-૨૦૨૪ના રોજ સાંજે ૫-૩૦ કલાકે સુપ્રસિદ્ધ વિવેચક શ્રી જયંત કોઠારીના ૯૫મા જન્મદિન નિમિત્તે તેમના સાહિત્ય વિષયે 'અન્વેષણા' શીર્ષક હેઠળ કાર્યક્રમ યોજાયો હતો. જેમાં, શ્રી જયંત કોઠારીના જીવન વિશે શ્રી હર્ષદ ત્રિવેદીએ, વિવેચન વિષયે શ્રી રમણ સોનીએ તથા સંશોધન-સંપાદન વિશે ડૉ. કીર્તિદા શાહે વક્તવ્યો આપ્યાં હતાં. કાર્યક્રમનું સંચાલન મનીષ પાઠકે કર્યું હતું.

❑

# આ અંકના લેખકો

| | |
|---|---|
| ઇતુભાઈ કુરકુટીઆ | : વ્યાખ્યાતા, ક. લા. સ્વાધ્યાય મંદિર, ગુજરાતી સાહિત્ય પરિષદ, આશ્રમ રોડ, અમદાવાદ-380009 |
| કાલિન્દી પરીખ | : 3, દેના બૅન્ક સોસાયટી, સ્ટેશન રોડ, અમરેલી-365601 |
| ચૈતાલી ઠક્કર | : અધ્યક્ષ, ગુજરાતી વિભાગ, આર. આર. લાલન કૉલેજ, ભુજ-૩૭૦૦૦૧ (કચ્છ) |
| ધીરેન્દ્ર મહેતા | : 'જીવન છાયા', પંડિત દીનદયાળ ઉપાધ્યાય માર્ગ, હૉસ્પિટલ રોડ, ભુજ-370001 |
| નીતિન વડગામા | : તાંદુલ, ૨, સ્વાતિ સોસાયટી, કાલાવડ રોડ, રાજકોટ-૩૬૦૦૦૫ |
| પરીક્ષિત જોશી | : ૬, તપસ્વી જલારામ સોસાયટી, જ્ઞાનદા બસ સ્ટૅન્ડ પાસે, જીવરાજ પાર્ક માર્ગ, અમદાવાદ-૩૮૦૦૫૧ |
| પીયૂષ ઠક્કર | : 103, યોગીસૃષ્ટિ એપાર્ટમેન્ટ, વહાણવટી માતાના મંદિર પાસે, ઓધવપુરા, ઇલોરા પાર્ક, વડોદરા-390023 |
| પુષ્કરરાય જોશી | : 479, ગુજરાત હાઉસિંગ, ઉપવન પાર્ક, કાલાવડ રોડ, રાજકોટ-360005 |
| ભરત મહેતા | : 'મન્દાર', બી/97, યોગીનગર ટાઉનશીપ, રામાકાકાની દેરી પાસે, છાણી, વડોદરા-391740 |
| યોગેશ જોષી | : બી/૩૦૩, અર્જુન ગ્રીન્સ, વિશ્વેશ્વર ફ્લૅટ પાસે, કે. કે. નગર રોડ, રન્ના પાર્ક, અમદાવાદ-૩૮૦૦૬૧ |
| ડૉ. રમેશ ચૌધરી | : આસિ. પ્રોફેસર, ગુજરાતી વિભાગ, સરદાર પટેલ યુનિવર્સિટી, વલ્લભવિદ્યાનગર-૩૮૮૧૨૦ |
| રાજેશ પંડ્યા | : એ/5, ઋતુરાજ, નૂતન વિદ્યાલય પાસે, સમા રોડ, વડોદરા-૩૯૦૦૨૪ |
| રાહુલ શુક્લ | : C/o. શિરીષ પંચાલ, ૨૩૩, રાજલક્ષ્મી સોસાયટી, જૂના પાદરા રોડ, વડોદરા-૩૯૦૦૦૭ |
| વસંત જોષી | : બી/૮૦, આલાપ સેન્ચૂરી, પુષ્કરધામ પાસે, કાલાવડ રોડ, રાજકોટ-૩૬૦૦૦૫ |
| વિજય સેવક | : ૯૦૧/૯૦૨, સુલેખન રંગરાગ રેસિડેન્સી, આશ્રમ પાસે, જહાંગીરપુરા, સુરત-૩૯૫૦૦૫ |
| વિરેન પંડ્યા | : અધ્યક્ષ, ગુજરાતી વિભાગ, ભક્તરાજ દાદા ખાચર વિનયન અને વાણિજ્ય કૉલેજ, સ્ટેશન રોડ, મુ. ગઢડા (સ્વામીના), જિ. બોટાદ-૩૬૪૭૫૦ |
| સતીન દેસાઈ | : એ/3, અભિલાષા ફ્લૅટ, પારિજાત સોસાયટી પાસે, પાલડી, અમદાવાદ-૩૮૦૦૦૭ |
| શિરીષ પંચાલ | : ૨૩૩, રાજલક્ષ્મી સોસાયટી, જૂના પાદરા રોડ, વડોદરા-૩૯૦૦૦૭ |
| સંજય સ્વાતિ ભાવે | : 143,પારસકુંજ સોસાયટી, વિભાગ-3, સેટેલાઇટ રોડ, અમદાવાદ-380015 |
| હર્ષદ ત્રિવેદી | : એ/11, નેમિશ્વરપાર્ક, તપોવન સર્કલ, સરદાર પટેલ રિંગ રોડ, મુ. અમિયાપુર-382424, જિ. ગાંધીનગર |

# જૂની આવૃત્તિનાં, ઓછી કિંમતનાં અણમોલ પુસ્તકો

### બે સાહિત્યસખા
### લે. દક્ષિણકુમાર જોશી [₹ 55]

આ પુસ્તકમાં ઝવેરચંદ મેઘાણી અને ધૂમકેતુ જેવા ગુજરાતી સાહિત્યના બે માઇલસ્ટોન સાહિત્યકારોનાં સંસ્મરણો આલેખાયાં છે. વળી આ પુસ્તકના લેખક ધૂમકેતુના પુત્ર છે. એમણે આ બે સાહિત્યસખાઓની સ્નેહ અને સાહિત્ય વિષયક પ્રત્યક્ષ અનુભવેલી વાતો એમાં ગૂંથી છે

### ગુજરાતી રંગભૂમિનાં ગીતો
### સંપા. ધર્મેન્દ્ર માસ્તર 'મધુરમ્'
### [₹ 200]

નાટક અને કવિતાને ચાહતી પ્રત્યેક વ્યક્તિ માટે આ પુસ્તક અણમોલ છે. પ્રાચીન સમયની આપણી નાટ્ય-પરંપરાનો એમાં અભ્યાસ પણ છે અને નાટક દરમિયાન સ્ટેજ પર ગવાતાં ૪૦થી વધુ કવિઓનાં 400 જેટલાં ગીતોની ઝલક પણ આ પુસ્તકમાંથી મળે છે. દરેક ગીત લય અને અર્થ બંને દૃષ્ટિએ અત્યંત રોચક છે. ગુજરાતી સાહિત્યમાં કદાચ આવું પુસ્તક બીજું કોઈ નથી.

### કાળે કોર્યાં નામ (ભા. 1-2)
### લે. દિલીપ રાણપુરા [₹ 145]

સાવ 'નાના માણસ'ની એવી 'મોટી વાતો' હંમેશ માટે સ્મરણમાં રહી જાય છે. શિક્ષક અને સાહિત્યકાર તરીકે યશસ્વી સેવાઓ આપી ચૂકેલા લેખક દિલીપ રાણપુરાએ આ બંને પુસ્તકમાં એવી 76 પ્રસંગકથાઓ આલેખી છે. આ પ્રસંગો ક્યારેક આંખ ભીની કરે છે, તો ક્યારેક હૃદયને ભાવ તરબોળ કરે છે.

### ઋષિતર્પણ
### લે. કૃષ્ણવીર દીક્ષિત [₹ 175]

ઈસવીસન 1950થી 1995 દરમિયાન અવસાન પામેલા ગુજરાતી ભાષાના 123 જેટલા વિચારકો, લેખકો અને કવિઓ વિશે સંક્ષેપમાં છતાં રસપ્રદ પરિચય આપતો આ બૃહદ્ ગ્રંથ દરેક સાહિત્યકાર અને સાહિત્યપ્રેમી પાસે અચૂક હોવો જોઈએ.

### ડર
### લે. દલપત ચૌહાણ [₹ 200]

આ પુસ્તકમાં ગ્રામ્ય-પરિવેશની કુલ ૧૬ વાર્તાઓ છે. એમાં પ્રારંભની છ વાર્તાઓમાં દલિતોની વ્યથાઓનું આલેખન છે. પછીની પાંચ વાર્તાઓમાં કોમી વૈમનસ્ય દ્વારા પેદા થયેલી હોનારતોનું આલેખન છે અને છેલ્લી પાંચ વાર્તાઓ યુદ્ધ નિમિત્તે તરેહવાર મનઃસ્થિતિ જીવતા-જીરવતા સૈનિકોની હૃદયસ્થલીની છે. આ સોળ વાર્તાઓ સોળ શણગાર સમાન છે

ગૂર્જર ગ્રંથરત્ન કાર્યાલય

**ગૂર્જર સાહિત્ય ભવન**
રતનપોળનાકા સામે, ગાંધીમાર્ગ, અમદાવાદ 380001
ફોન : 07922144663, 09227055777 e-mail : goorjar@yahoo.com

**ગૂર્જર સાહિત્ય પ્રકાશન**
102, લૅન્ડમાર્ક બિલ્ડિંગ, સીમા હૉલ સામે, પ્રહ્લાદનગર, અમદાવાદ-380015
ફોન : 26934340, 98252 68759 Email. : gurjarprakashan@gmail.com, website : gspbooksmall.com

## ઉઘાડી રાખજો બારી

(રાગ : ભૈરવી)

દુ:ખી કે દર્દી કે કોઈ ભૂલેલા માર્ગવાળાને,
વિસામો આપવા ઘરની ઉઘાડી રાખજો બારી.

ગરીબની દાદ સાંભળવા, અવરનાં દુ:ખને દળવા,
તમારાં કર્ણનેત્રોની ઉઘાડી રાખજો બારી.

પ્રણયનો વાયરો વાવા, કુછંદીદુષ્ટ વા જાવા,
તમારાં શુદ્ધ હૃદયોની ઉઘાડી રાખજો બારી.

અતિ ઉજાસ કરનારા, તિમિરનો નાશ કરનારા
કિરણને આવવા સારુ, ઉઘાડી રાખજો બારી.

થયેલાં દુષ્ટ કર્મોના છૂટાં જંજીરથી થાવા,
જરા સત્કર્મની નાની, ઉઘાડી રાખજો બારી.

(૧૫-૪-૧૮૬૨ – ૧૬-૨-૧૯૩૮) સર પ્રભાશંકર દલપતરામ પટ્ટણી
મોરબી ભાવનગર

## જોઈએ છીએ

મારે એક મિત્ર જોઈએ છીએ, જે પોતાનો બધો પત્રવ્યવહાર ખુલ્લાં પોસ્ટકાર્ડમાં હંમેશાં લખતો હોય તેણે અરજ કરવી.

* * *

જે ચીજો કે વસુવિભવથી લોકને મોહ થાય,
ને જે મોહે હૃદયજનનાં પાપ માટે તણાય,
તે પૈસો કે વિભવ અમને સ્વપ્નમાંયે હશોમા,
એવાં હોયે સુકૃત કદી તો સુકૃતોયે થશો મા.

(સદ્. શ્રી પ્રભાશંકર પટ્ટણીના દેહાંતની તારીખ ૧૬-૨-૧૯૩૮ના સંદર્ભે સ્મરણાંજલિ)

સંવાહક : પીયૂષ પારાશર્ય, ૯૮૨૫૧ ૮૭૦૦૭

## સીમમાં વસતિ

આશરે એંશી વરસ પહેલાંની આ વાત છે... રાજકોટથી રીબડા સ્ટેશને ઊતરીને કોટડા-સાંગાણી જતાં વચમાં અરડોઈ ગામ આવે છે. અરડોઈથી રસ્તો દક્ષિણે થઈ પૂર્વ દિશામાં કોટડા તરફ વળે છે. એ વળાંક પર આજે ઝાડ છે ત્યારે એ વળાંક ને રસ્તો ઉજ્જડ હતાં. રસ્તા પર એક ઝાડ ન હતું. એ વળાંકની દક્ષિણે ચારેક ખેતરવા દૂર સામા પટેલનું એક ખેતર હતું. સામા પટેલ વૃદ્ધ થયા ત્યારે તેમણે રસ્તાના વળાંક પર એક વડલો ને પાંચ-છ પીપળ વાવી. પોતાના ખેતરની કૂઈએથી જાતે પાણી સારી લાવીને તેણે પાયું. કોઈ પૂછે કે આ શું કરો છો? તો કહેતા કે સીમમાં વસતિ કરું છું.

વાવતાં વવાઈ ગયાં પણ વળતા વરસે વરસાદ ઓછો થવાથી સામા પટેલની કૂઈમાં પાણી ન રહ્યાં. તેઓ ઘણે જ દૂરથી રોજ કાવડમાં પાણી લાવી પાતા. જેને ખેતરેથી પાણી લાવતા તેણે કહ્યું : “ભાભા! આ ઉંમરે શીદને વેઠ કરો છો?” ત્યારે એમણે જવાબ દીધો : “લાંબા ઉજ્જડ માર્ગે ઉનાળામાં ક્યાંક છાંયો હોય તો માણસને તેમ જ ઢોર-પંખીને વિસામો મળે.” પેલા ખેડૂતે ફરી કહ્યું : “એ માટે તો એક વડલોયે બસ છે. તમારી કાયા હાલતી નથી તો પીપરુંને શીદ પાણી પાઓ છો? મર સુકાય.” સામા પટેલનો જવાબ હતો: “આપણે વગડે રે’તાં હોઈએ ને એકલાં જીવ મૂંઝાય તો કોક દિ’ હાલીને એકાદ ગામ જઈએ ને આપણા જેવાને મળીને મન ઠારીએ. એકલું ઝાડ ક્યાં જાય? છેટે નજર નાખે. ઝાડનેય એકલું ન ગોઠે. બે-પાંચ જીવ ભેગા સારા.” સામાભાભાને વળી કોક કે’તું: પાંચ-છ પીપરુંને બદલે બે-ત્રણને જ પાઓને તો ચારેક ઝાડ રહેશે ને તમારી મજૂરી અરધી થઈ જશે.” ત્યારે સામાભાભાએ કીધેલું: “ઊઝરતાં ઝાડ પોતાની હારનાં બીજાંને મરતાં જોઈ અકળાય ને હું જ એમને ઊઝરતાં મારી નાખું ઈ મારાથી નો ખમાય.”

ભાભાને ત્રણચાર દીકરા હતા પણ પાણી પોતે જ પાતા – ને એમણે રસ્તાના વળાંક પર વૃક્ષો ઉઝેર્યાં. આજે સામોભાભો નથી. એનાં સંતાનોમાંથી કોણ એમને યાદ કરતા હશે મને ખબર નથી, પણ ભાભાએ વાવેલાં એ ઝાડ હજી છે. ઉનાળાના ઘણા બપોર પશુ, પંખી ને માણસોની પેઠે એ ઝાડની છાયામાં મેં ગાળ્યા છે, ઉપરાંત ટીમણ કર્યાં છે ને ક્યારેક એના થડને બથ ભરી પ્રણામ પણ કર્યા છે – એ ભાવનાથી કે એ પ્રણામ એ ઝાડના વાવનારને પણ પહોંચે.

સંવાહક : પીયૂષ પારાશર્ય – ૯૮૨૫૧ ૮૭૦૦૭ મુકુન્દરાય વિ. પારાશર્ય

(કવિશ્રીની જન્મતારીખ (૧૩-૨-૧૯૧૪ – ૧૯-૫-૧૯૮૫)

૧૩-૨-૧૯૧૪ના “હે રામ! એ આર્તપુકારમાંયે આખીય રામાયણ છે ભરેલી.”

સંદર્ભે સ્નેહાંજલિ) **મુકુન્દરાય વિ. પારાશર્ય**

## વિદેશમાં વસતા અને ગુજરાતી ભાષાને શ્વસતા કવિ/લેખક ભરત ત્રિવેદીનાં પ્રકાશનો

**❖ કાવ્યસંચય**

| | | | |
|---|---|---|---|
| 1. | કલમથી કાગળ સુધી (2004) | નવભારત સાહિત્ય મંદિર | 150/- |
| 2. | વિદેશવટો (2012) | નવભારત સાહિત્ય મંદિર | 150/- |
| 3. | બત્રીસ કોઠા વાવ (2012) | નવભારત સાહિત્ય મંદિર | 150/- |
| 4. | અછાંદોત્સવ (2013) | ફ્લેમિંગો પબ્લિકેશન | 250/- |
| 5. | ચક્રવ્યૂહ (2015) | ફ્લેમિંગો પબ્લિકેશન | 350/- |
| 6. | ભરત ત્રિવેદીની પ્રતિનિધિ રચનાઓ (2016) | બુકપબ | 350/- |
| 7. | ન્યૂયોર્ક નામે નગર (2017) | બુકપબ | 250/- |
| 8. | ને હવે ગઝલોત્સવ (2020) | ડિવાઇન પબ્લિકેશન | 150/- |
| 9. | શેરીઓ લંબાઈ છે મારા ઘર તરફ (2020) | ગ્રંથમ | 400/- |
| 10. | મનસંહિતા (2022) | ઝેડકેડ પબ્લિકેશન | 500/- |

**❖ ગદ્ય પ્રકાશન – નવલિકા**

| | | | |
|---|---|---|---|
| 1. | પરાયા શ્વાસ (2015) | ફ્લેમિંગો પબ્લિકેશન | 150/- |
| 2. | સત્યેનની સકીના (2015) | ફ્લેમિંગો પબ્લિકેશન | 150/- |
| 3. | ભીતર અનરાધાર (2013) | નવભારત સાહિત્ય મંદિર | 150/- |
| 4. | હું અને મારી કવિતા (2022) | બોલ્ડ પ્રકાશન | 250/- |
| 5. | ત્રેવડ (2022) | ડિવાઇન પબ્લિકેશન | 200/- |
| 6. | Coffee on the Table (2023) | આર. આર. શેઠ ઍન્ડ કં. લિ. | 350/- |

**❖ અંગ્રેજી / મરાઠી / ગુજરાતી અનુવાદ**

| | | | |
|---|---|---|---|
| 1. | चक्रव्यूह (मराठी अनुवाद) (२०१३) | शब्दांजली प्रकाशन | 100/- |
| 2. | Festival of Free Verse (2014) (Translation in English) | Xlibris | $ 19.99/- |
| 3. | चक्रव्यूह (हिंदी अनुवाद) (२०१६) | બોધિ પ્રકાશન | 200/- |
| 4. | એ વાઘણને પ્રેમપત્રો (2019) | કૃપા ત્રિવેદી | 399/- |
| 5. | घर और आकाश (हिंदी अनुवाद) (२०२२) | બોધિ પ્રકાશન | 250/- |
| 6. | Camel Ride (Journey of a poet-2022) | Amazon | $ 9.99/- |
| 7. | Westward Reflections (2023) | Amazon | $ 10/- |

**Bharat Trivedi** : 927, David Walker Drive, Tavares,
Florida 32778, USA. Ph. +11 2178991163.
bharattrivedi@sbcglobal.net

**GPSC / UPSC / UGC - JRF - NET, SLETની**
**પરીક્ષા માટે, વિવિધ યુનિ.ના અભ્યાસક્રમ માટે**

# ડૉ. ભરત મહેતા

લિખિત / સંપાદિત પુસ્તકોની શ્રેણી

## વિવેચન

નાટ્યનાન્દી ◆ સંદર્ભસંકેત ◆ ભારતીય નવલકથા ◆ સમકાલીન ગુજરાતી નવલકથા ◆ સમકાલીન ગુજરાતી નવલિકા ◆ સંજ્ઞાસંયોગ ◆ કૃતિ સમીપે, સર્જક સમીપે

## સંશોધન

કળાકારનો ઇતિહાસબોધ ◆ આર્નોલ્ડનો કાવ્યવિચાર

## સંપાદન

જ્ઞાનપીઠ પુરસ્કૃત નવલકથા ◆ વિવેચનના વિવિધ અભિગમો ◆ ટાગોરની વાર્તાકળા ◆ મંટોની વાર્તાકળા ‘વળામણાં’ ◆ મારી હકીકત ◆ સત્યના પ્રયોગો ◆ તમસ ◆ ગોરા ◆ બદલાતી ક્ષિતિજ ◆ શર્વિલક ◆ ઇલિયડ ◆ મિર્ચ મસાલા ◆ મેટામોર્ફોસીસ

PARSHVA PUBLICATION
LITERARY TRADITION SINCE 1975

૧૦૫, નંદન કોમ્પ્લેક્સ,
મીઠાખળી ગામ, રેલવે ફાટક સામે, અમદાવાદ-૩૮૦૦૦૬

## રન્નાદે પ્રકાશન

૫૮/૨, બીજે માળે, દેરાસર સામે, ગાંધી રોડ, અમદાવાદ-૩૮૦૦૦૧
ફોન : ૨૨૧૧૦૦૮૧-૨૨૧૧૦૦૬૪

### ગઝલસંગ્રહો-ગીતસંગ્રહો

### ડૉ.એસ.એસ.રાહી

| પુસ્તકનું નામ | કિંમત રૂ. |
|---|---|
| **છીપલાં** (મુક્તક-રૂબાઈ-સંગ્રહ) | ૨૨૫.૦૦ |
| **પીડાનાં ગુલાબ** (મુક્તક, લઘુકાવ્ય, તાન્કાસંગ્રહ) | ૫૦.૦૦ |
| **ઝુમ્મર** (નઝમસંગ્રહ) | ૨૨૫.૦૦ |
| **હૃદયની ગલીમાં** (હૃદય વિશેના શેરનું સંપાદન) | ૯૫.૦૦ |
| **ફૂલદાની** (ફૂલ વિશેના શેરનું સંપાદન) | ૫૦.૦૦ |
| **તલપ** | ૬૦.૦૦ |

### મનહર 'દિલદાર'

| પુસ્તકનું નામ | કિંમત રૂ. |
|---|---|
| **આઠો જામની દિલદારી–દોર પાંચમો** | ૪૫.૦૦ |
| **આઠો જામની દિલદારી – દોર ચોથો** (મુક્તકસંગ્રહ) | ૬૫.૦૦ |
| **આઠો જામની દિલદારી – દોર ત્રીજો** (મુક્તકસંગ્રહ) | ૫૫.૦૦ |
| **આઠો જામની દિલદારી – દોર બીજો** | ૬૫.૦૦ |
| **આઠો જામની દિલદારી – દોર પહેલો** | ૨૫.૦૦ |

### નિર્મિશ ઠાકર

| લેખકનું નામ | કિંમત રૂ. |
|---|---|
| **હું નિર્મિશ** (ટ્રાયોલેટસંગ્રહ) | ૪૦.૦૦ |
| **મનહર લય–મનહર મય** (કાવ્યો–પ્રતિકાવ્યો) | ૩૦.૦૦ |

### હનીફ સાહિલ

| પુસ્તકનું નામ | કિંમત રૂ. |
|---|---|
| **તારા નામે લખું છું : સિતારા, પતંગિયાં...** (ઉર્દૂ કવિતાઓના અનુવાદ) | ૧૬૫.૦૦ |
| **અચરજની પાર** (એજન્સી) | ૯૦.૦૦ |

## અશોક ચાવડા 'બેદિલ'

| પુસ્તકનું નામ | કિંમત રૂ. |
|---|---|
| **પગલાં તળાવમાં** (ગઝલસંગ્રહ) | ૧૦૫.૦૦ |
| **પગરવ તળાવમાં** (ગઝલસંગ્રહ) | ૧૨૫.૦૦ |
| **ગઝલિસ્તાન** (ઉર્દૂ ગઝલોનો પદ્યાનુવાદ) | ૧૪૦.૦૦ |
| **તું કહું કે તમે** (ગીતસંગ્રહ) | ૮૫.૦૦ |

## દિનેશ ડોંગરે 'નાદાન'

| પુસ્તકનું નામ | કિંમત રૂ. |
|---|---|
| **થોડી વાર તો લાગે ને** | ૧૨૫.૦૦ |
| **અર્થ** | ૮૫.૦૦ |
| **થીજી ગયેલી ક્ષણો** | ૭૫.૦૦ |


## ધનસુખલાલ પારેખ

| પુસ્તકનું નામ | કિંમત રૂ. |
|---|---|
| **અયોધ્યાથી અરણ્ય** (હાઈકુસંગ્રહ) | ૨૫.૦૦ |
| **ઝાકળભીનો ઉજાસ** (મુક્તકસંગ્રહ) | ૩૫.૦૦ |

## ગુલામ અબ્બાસ 'નાશાદ'

| પુસ્તકનું નામ | કિંમત રૂ. |
|---|---|
| **બાકી બધું તો ઠીક છે** (ગઝલસંગ્રહ) | ૨૦૦.૦૦ |
| **ખૂબસુરત** (નઝમસંગ્રહ) | ૧૩૦.૦૦ |
| **આ તો બસ એમ જ** (વ્યંગ-તઝમીન સંગ્રહ) | ૧૪૫.૦૦ |
| **મા** (મુક્તક સંગ્રહ) | ૮૫.૦૦ |
| **હેસિયત** (તઝમીન સંગ્રહ) | ૧૯૦.૦૦ |
| **આબેહૂબ** | ૯૫.૦૦ |
| **દરિયો છાલક મારે** (બાળગઝલસંગ્રહ) | ૮૫.૦૦ |
| **અવિશ્રાંત** | ૧૧૦.૦૦ |
| **થાક લાગ્યો છે** | ૮૦.૦૦ |
| **અવિરત** | ૭૦.૦૦ |
| **પહેલાં હું આવો જ હતો** (હઝલસંગ્રહ) | ૫૫.૦૦ |
| **ખુશ્બોની ખેપ** (ગઝલ સંપાદન) | ૭૦.૦૦ |

# કેટલાંક નોંધપાત્ર પુસ્તકો







## પોતાની વાત

લે. નિખિલ રાઠોડ

2023, પૃ. 166

કાચું પૂંઠું, ₹ 250

## સાંપ્રત કાવ્ય સમીક્ષા

સં. રવીન્દ્ર પારેખ -
ધ્વનિલ પારેખ

2023, પૃ. 220

કાચું પૂંઠું, ₹ 275

## તખ્તો, ચિત્રો અને મિત્રો

(ગદ્ય સંચય)

લે. નૌશિલ મહેતા

2023, પૃ. 208
કાચું પૂંઠું, ₹ 400

## સાહિત્યત્વ

સાહિત્ય ક્ષેત્રે નોબેલ પારિતોષિક વિજેતાઓનાં વક્તવ્યોનો સંચય [1991-2016]

સં. અદમ ટંકારવી -
પંચમ શુક્લ

2022, પૃ. 432
પાકું પૂંઠું, ₹ 675

## સમકાલીન ભારતીય કવિતા

લે. સિતાંશુ યશશ્ચંદ્ર

2023, પૃ. 286
કાચું પૂંઠું, ₹ 350

પ્રાપ્તિસ્થાન **ગ્રંથવિહાર** ગુજરાતી સાહિત્ય પરિષદ, 'ટાઇમ્સ'ની પાછળ, નદીકિનારે, આશ્રમમાર્ગ, અમદાવાદ-09 • ફોન : 079-26587949

ઘરે બેઠાં પુસ્તક મેળવવા માટે વ્હોટ્સએપ નં. 98987 62263 • કુરિયર ચાર્જ અલગથી

આમ તો બધા જ પ્રકારનું સાહિત્ય વાંચવું ગમે. પણ તેમાં આત્મકથા કે ચરિત્રનું સાહિત્ય જરા વધારે પસંદ પડે. તેનું કારણ એ કે નવલકથા કે નવલિકાસાહિત્ય માટે જે બાબત અગત્યની છે – માનવમનનો અભ્યાસ – તે આ બે પ્રકારમાં વધારે જોવા મળે. અને તે પણ જીવંત. આત્મકથા કે ચરિત્ર માનવમનનો જીવંત પુરાવો હોય છે. મનોવિજ્ઞાનમાં જે સિદ્ધાંતો હોય, તે આ બે પ્રકારમાં જીવંત રૂપે જોવા સમજવા મળે છે અને આત્યંતિક રસનો વિષય જ માનવમન છે, તેથી તે સંદર્ભમાં આ બે પ્રકાર વંચવા માટે ગમે છે.

**– હરેશ ધોળકિયા**

કલા પ્રકાર તરીકે ખેડાતા આનંદલક્ષી લેખ માટે નિબંધ શબ્દ વપરાય છે અને શુદ્ધ જ્ઞાનલાભના આશયથી લખાતા લેખો માટે પણ નિબંધ શબ્દ પ્રયોજાય છે. જીવનની નીરવધિ વિગતો વિશે જ્ઞાન પ્રચારવાના હેતુથી નાના-મોટા અસંખ્ય લેખો ગદ્યમાં લખાતા હોય છે. એમાંથી જે લખાણોમાં કોઈ સ્થાયી તત્ત્વ હોય છે, વારસા રૂપે બીજી પેઢીના હાથ સુધી જે પહોંચી શકે એવા હોય છે, તે બધા નિબંધો તરીકે ઓળખાય છે. આ નિબંધો આપણે જ્ઞાનલાભ માટે વાંચીએ છીએ. આ વિદ્વત્ પ્રવૃત્તિ કે શિક્ષકપ્રવૃત્તિ છે.

**– ઉમાશંકર જોશી**

આદિમ ભાષામાં ગીત જેવું તત્ત્વ વધારે હશે, ગદ્ય તો નહિવત્ જ! પ્રાચીન વાણી સંગીતમય જ હતી. પ્રાચીન ભાષામાં મૂર્તતત્ત્વ, સૂચકતા અને એક પ્રકારની ચિત્રાત્મકતા હતી અને તે ગદ્ય કરતાં કાવ્યને વધુ અનુરૂપ હતી. અર્વાચીન ભષામાં અમૂર્ત વિચાર અને નિશ્ચિતતા દર્શાવવાની શક્તિ વધુ છે તો મૂર્તતા અને રંગતત્ત્વનું પ્રમાણ ઓછું છે.

**– વીરુ પરોહિત**

---

સ્થાન સમર્પિત

**ડૉ. અરુણ જે. કક્કડ**

એસોસિએટ પ્રોફેસર, હેડ ઑફ ગુજરાતી ડિપાર્ટમેન્ટ, દેવમણી કૉલેજ, વિસાવદર

## વિહાર

બારી-બારણાં-ભીંત-વંડી વિનાના, પ્રકાશના ખુલ્લા ચંદરવા નીચે ચાલવાનું મળે એ વિહાર છે. દિગ્-દિગંત સુધી વિસ્તરેલી આ અસીમ વસુધા પર ચાલવાનું હોય છે. આ વિહારમાં ચારે બાજુથી વહી આવતા શુભ વિચારોને ઝીલવાની તક સાંપડે છે. તે ઝિલાય પણ છે. પશુ ચરે છે, પક્ષી વિચરે છે અને માણસ વિચારે છે. કુદરતના સાંનિધ્યમાં વિચરતાં વિચારવાનું પૂર્ણપણે સાંપડે છે. ત્યારે વેદની પ્રાર્થનાનો મર્મ ઊઘડતો લાગે છે.

વિહાર એ ચેતોવિસ્તાર સાધવાની પ્રક્રિયાનો ભાગ છે. અન્નમય કોશ, પ્રાણમય કોશને ઓળંગીને મનોમય કોશ - વિજ્ઞાનમય કોશ અને આનંદમય કોશનાં ઉન્નત શૃંગો તરફ દોરી જતી કેડી છે; ચેતનાના ઊર્ધ્વારોહણના સોપાનની શ્રેણી છે.

આવો વિહાર જે માણે તે જ જાણે.

(પાઠશાળા) **- પ્રદ્યુમ્નસૂરિ**

સ્થાનસમર્પિત

**વસન્ત આત્મા ચેરિટેબલ ટ્રસ્ટ**

ગુજરાત સ્ટીલ ડિસ્ટ્રિબ્યુટર

અમદાવાદ

## વિહારમાં

ઊજળા તડકાથી શોભતી શિયાળાની બપોર હતી. સહેજ પણ ધુમાડાની સેર ન હોવાથી આકાશ સ્વચ્છ, નિરભ્ર અને આસમાની હતું. ખેતરો પણ વધુ સોહામણાં લાગી રહ્યાં હતાં. અમારી કેડી ખેતર વચ્ચેથી જતી હતી. ક્યારેક, બે ખેતર વચ્ચેની વાડમાંથી જવાનું આવતું. રાઈડાના છોડ પર આવેલાં સોનેરી-પીળાં ફૂલોનું જાણે તળાવ. વળી, એને ચમકાવતો કુમળો તડકો ચારેકોર પથરાયો હતો. તેમાંયે ઠંડો શિયાળુ વાયરો હીંચકાનું કામ કરતો હતો. લયબદ્ધ હિલોળા લેતાં એ ખેતરોને આંખો ભરીને જોયાં અને મન ભરીને માણ્યાં. પગ એ જ લયમાં ગતિ કરતા હતા. મન તૃપ્ત થતું હતું, તાજું થતું હતું. જાણે અમે આગળ વહેતા હતા!

(પાઠશાળા) **- પ્રદ્યુમ્નસૂરિ**


સ્થાનસમર્પિત

**અમૃતવર્ષા**

M.B. Prints®

Traditionally Printed Cotton Sarees

**નિમેષભાઈ ડગલી**

૩/એ, અલકાપુરી સોસાયટી, ઉસ્માનપુરા ચાર રસ્તા પાસે,

આશ્રમ રોડ, અમદાવાદ-૩૮૦ ૦૦૧૩. ફોનઃ ૩૨૯૦૬૬૫૫



## પ્રો. ચિમનલાલ શિ. ત્રિવેદી
## અને
## તારાગૌરી ચિ. ત્રિવેદીના
સ્મરણાર્થે
## પરિવારજનો તરફથી

*

*દુર્વૃત્તિઓ જે જગવે જનોની*
*તે ખેલ માંડે ભયનો ભરેલો,*
*ભર્યાં તળાવો તણિ પાળ ખોદી,*
*રોકી શક્યા છે જળધોધ કોણ ?*

**- રમણભાઈ નીલકંઠ**
(‘રાઈનો પર્વત’, આવૃત્તિ ૧૯૯૯, પૃષ્ઠક્રમાંક-૨૫)